
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
માર્ચ, ૨૦૧૯





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે

## મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતમાં ધુલિયા ખાતે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠિત થયું

# ભવ્ય બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિર





બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ





બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



શ્રી સીતા-રામ દેવ





શ્રી શિવ-પાર્વતી દેવ



શ્રી લક્ષ્મીનારાયણ દેવ



શ્રી વિઠોબા-રુક્મિણી દેવ

**ધુલિયાના નવપ્રતિષ્ઠિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન દિવ્ય દેવસ્વરૂપો...**

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજ




# ક્રમિકા


૪. ખાનદેશ ઈતિહાસ ગાથાઃ સ્વામિનારાયણીય સત્સંગનું અનોખું ખમીર

૧૨. ખાનદેશમાં સમર્પિત ભક્તોના ગરીબનિવાજ પ્રમુખસ્વામી મહારાજ

૨૪. ખાનદેશની ભક્તિભૂમિ ધુલિયા ખાતે રચાયું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર

૨૬. ધુલિયા ખાતે યોજાયો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

૩૨. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૪૨. મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને અપાયું 'આચાર્યપ્રવર' અને 'તત્ત્વજ્ઞાન-શિરોમણિ' બહુમાન

૪૪. અબુ ધાબી ખાતે વિશ્વ બંધુત્વની વૈશ્વિક પરિષદમાં બી.એ.પી.એસ.નું પ્રતિનિધિત્વ

૪૮. અભિનંદન-અક્ષરવાસ

૫૦. બી.એ.પી.એસ. સંસ્થાનાં વિવિધ વૃત્ત


**સ**ન ૧૯૪૬ની વાત છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે મહારાષ્ટ્રના ખાનદેશી ભક્તોના પ્રેમને કારણે ખાનદેશ જવાનો સંકલ્પ કર્યો હતો. પણ એક રાત્રે જમણો પગ ઝલાઈ ગયો. છતાં ટ્રેન પકડવા સારંગપુરથી જાળિલા રોડ પહોંચ્યા, પણ રસ્તે તો ગાડામાં જ બીજો પગ પણ ઝલાઈ ગયો! પોતે એક ડગલું પણ માંડી શક્યા નહીં. સેવક સંતો નારાયણસ્વરૂપદાસજી અને ચતુર્ભુજ સ્વામીએ ઊંચકીને ગાડામાંથી ઉતાર્યા. આ શારીરિક પરિસ્થિતિનો હૃદયદ્રાવક ચિતાર દર્શાવી શાસ્ત્રીજી મહારાજે ખાનદેશમાં વિચરતા નિર્ગુણ સ્વામીને તા. ૧૧-૧૨-૪૬ના રોજ પત્ર લખીને જણાવ્યું: 'વી. હમો તે તરફ (ખાનદેશ) આવવા સારૂ પાંચ જણ ત્યાર થઈને અમદાવાદ થઈને સુકરવારે અટલાદરા જઈસું, પરંતુ સ્વામી-મહારાજની મરજી સું છે, તે કળાતું નથી. આજ રાતરે જમણા પગે આખામાં વા આવી ગયો છે. છતાં વીચાર ન બદલતાં નીકળ્યા, પરંતુ દમણીયામાંથી ઊતરતાં બીલકુલ ચલાયું નહીં. બીજા પગે પણ દર્દથી પીડા થતી હતી. ઊંચકીને માસ્તરના ઘરે લાવ્યા છે. હવે ગાડીમાં ઊંચકી બેસાડસે, અમદાવાદ ત. અટલાદરા તો જઈસું. ઘણું કરીને સે'જ (સ્હેજ) મટસે, ને પગે ચલાસે, તો જરૂર આવીસ. માટે અકસ્માત થયે નહીં અવાય, તો રાજી રહેસો. મટસે, તો અમો પાંચ જણા તો જરૂર આવીસું. અટલાદરેથી વીગતવાર કાગળ લખીસું.' 'સે'જ મટસે, ને પગે ચલાસે, તો જરૂર આવીસ' શાસ્ત્રીજી મહારાજના આ શબ્દોમાં ખાનદેશના એકે એક હરિભક્તને કોઈ પણ ભોગે રાજી કરી લેવાની ઝંખના અભિવ્યક્ત થાય છે! તેમના એ પ્રચંડ પુરુષાર્થના પગલે પ્રમુખસ્વામી મહારાજે પણ અહીં ગરીબ ભક્તોના ઉત્કર્ષ માટે પ્રચંડ પુરુષાર્થ કર્યો. તેના પરિણામે તાજેતરમાં જ મહંત સ્વામી મહારાજના હસ્તે ધુલિયા નગરમાં ગગનચુંબી શિખરબદ્ધ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ. આ મંદિર ખાનદેશના સ્વામિનારાયણીય સત્સંગની ગુણાતીત ને સમયાતીત ગાથા ગાઈ રહ્યું છે...


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૩,**
**માર્ચ, ૨૦૧૯**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**



### ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી અંકિત મહારાષ્ટ્રનો પ્રાંત ખાનદેશ, જ્યાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રભાવથી મહોરી ઊઠ્યું

# સ્વામિનારાયણીય સત્સંગનું અનોખું ખમીર

મહારાષ્ટ્રનો પશ્ચિમ-ઉત્તર ભાગ, ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચે આવેલા સોનગઢથી બુરહાનપુર વચ્ચેનો મહારાષ્ટ્રનો ઉપપ્રદેશ 'ખાનદેશ' તરીકે ઓળખાય છે. ખાનદેશમાં ધુલિયા, જલગાંવ, નંદુરબાર જિલ્લાનો સમાવેશ થાય છે. પૂર્વે અહીં આહિરો-ગોપાલકોની વસ્તી વધુ હતી. તેથી ગોપાલકો 'કાનાનો દેશ' કે 'કાનદેશ' કહેતા હતા. તે પરથી અપભ્રંશ થઈને 'ખાનદેશ' નામ પ્રચલિત થયું. મુસ્લિમશાસન દરમ્યાન કોઈક ખાનસાહેબનું અહીં મથક હતું તેથી પણ ખાનદેશ નામ પડ્યું હોવાનું કહેવાય છે.

રાષ્ટ્રીય ધોરી માર્ગો ખાનદેશને એટલે કે ધુલિયાને સ્પર્શીને પસાર થાય છે. મુંબઈથી આગ્રા જતો હાઈવે નંબર ૩ તથા સુરત તરફ જતો હાઈવે નંબર ૬ પણ ધુલિયાને સ્પર્શ કરે છે. પરિણામે તેનું ભૌગોલિક મહત્ત્વ વિશેષ છે.

ઋગ્વેદની અંદર આ પ્રદેશને ઋષિક દેશ કહ્યો છે. અગસ્ત્ય ઋષિ અને કર્ણમુનિનો આશ્રમ આ જ પ્રાંતમાં હોવાની પૌરાણિક માન્યતા છે. ચાલીસ ગાંવ પાસે વાલઝરી ગામે વાલ્મીકિનો આશ્રમ હોવાની લોકોની શ્રદ્ધા છે.

ભક્તરાજ જ્ઞાનેશ્વર, તુકારામ, નામદેવ જેવા ભક્તોની જન્મભૂમિ મહારાષ્ટ્રમાં ભક્તિ અને સત્સંગનાં આંદોલનો આજેય અનુભવાય છે. આવા અનેક ભક્તોની શુદ્ધ ભક્તિનું દિવ્ય ફળ આપવા માટે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી ૨૦૦ વર્ષ પૂર્વે મહારાષ્ટ્રના આ ખાનદેશ પ્રદેશને પાવન કર્યો હતો. કરુણા કરીને તેઓ નીલકંઠવર્ણી વેશે આ પ્રદેશમાં પધાર્યા ત્યારથી સ્વામિનારાયણીય સત્સંગનાં પગરણ અહીં મંડાયાં હતાં.


ભગવાન સ્વામિનારાયણથી લઈને આ ગુણાતીત સંત પરંપરાની દિવ્ય દૃષ્ટિ આજ પર્યંત ખાનદેશના ભક્તો પર રહી છે. સંપ્રદાયના ઇતિહાસ-ગ્રંથો સમાં વિસ્તૃત ચરિત્ર-ગ્રંથોમાં ખાનદેશના અનેક ઉલ્લેખો પ્રકાશિત થઈ ચૂક્યા છે. એ ઇતિહાસ-પૃષ્ઠો પર નજર કરતાં ખાનદેશમાં સ્વામિ-

નારાયણીય સત્સંગની એક અનોખી ખુમારીનાં દર્શન થાય છે. ખાનદેશી ભક્તોનું સમર્પણ, તેમની ભક્તિનિષ્ઠા, શુદ્ધ ઉપાસનાની સમજણ વગેરે અનેક પાસાંઓ સંપ્રદાયના ઇતિહાસનાં અમર પ્રેરણા-પૃષ્ઠો બની રહ્યાં છે. અહીંના પ્રેમી ગ્રામીણ ભક્તોની ભાવનાને સ્વીકારીને ભગવાન સ્વામિનારાયણથી લઈને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સુધીની પરંપરાએ ખાનદેશમાં જે વિચરણ કર્યું છે, તે વિષે સંશોધન કરીને લખવામાં આવે તો ગ્રંથોના ગ્રંથો ભરાય, એટલું વિશાળ એ કાર્ય છે.

તેનું ચરમશિખર એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી તાજેતરમાં ખાનદેશના હૃદય સમાન ધુલિયા ખાતે રચાયેલું શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર. આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા થઈ તેના અહેવાલ સાથે ખાનદેશના એ સત્સંગની એક ઝલક અહીં પ્રસ્તુત છે...

## ભગવાન સ્વામિનારાયણ અને ખાનદેશ

માત્ર ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરીને અખિલ ભારતની પદયાત્રા કરતા ભગવાન સ્વામિનારાયણ તેમની ૧૭ વર્ષની ઉંમરે મહારાષ્ટ્રમાં બાળયોગી નીલકંઠવર્ણી વેશે પધાર્યા હતા. મહારાષ્ટ્રમાં, ખાનદેશમાં તેમણે સન ૧૭૯૮-૯૯માં નવેમ્બર, ડિસેમ્બર, જાન્યુઆરી(કારતક-માગશર-પોષ, વિક્રમ સંવત ૧૮૫૫) દરમ્યાન વિચરણ કર્યું હતું. પંઢરપુર, પૂના, બુરાનપુર, માલેગામ, નાસિક, ત્ર્યંબકેશ્વર વગેરે સ્થળોને તેમણે પાવન કર્યાં હતાં. એ પૈકી ખાનદેશના માલેગામમાં તેઓનાં પાવન ચરિત્રોની વિગતો ઇતિહાસ ગ્રંથોમાં ઉપલબ્ધ છે. કર્ણોપકર્ણ એમ કથા પણ પ્રચલિત છે કે નીલકંઠવર્ણીએ ધુલિયા નગરની પાંજરા ગંગામાં સ્નાન કર્યું હતું. પાંજરા નદીના એ તટ પર જ તેમણે કેટલાક દિવસો નિવાસ અને વિહાર કર્યો હતો. એ જ પ્રાસાદિક ભૂમિ પર આજે બી.એ.પી.એસ. મંદિરનું ભક્તિમય પરિસર રચાયું છે.



## સ્વામિનારાયણીય સંતો અને ખાનદેશ

ભગવાન સ્વામિનારાયણના આદેશથી તેઓના સમકાલીન સંતોએ ખાનદેશમાં સત્સંગની પ્રેરણા આપવા માટે ઘણું વિચરણ કર્યું હતું. સંતોના સતત વિચરણથી ભક્તોમાં સ્વામિનારાયણીય સત્સંગની ભરતી ઊભરાઈ હતી. એટલે જ વરતાલમાં પ્રતિષ્ઠાપ્રસંગે તથા ફૂલદોલપ્રસંગે તેમજ અન્ય સમૈયા-મહોત્સવોમાં દૂર દૂરનું અંતર કાપીને ખાનદેશથી ભક્તો ખાસ લાભ લેવા આવતા હતા. હરિચરિત્રામૃતસાગર વગેરે ગ્રંથોમાં તેના અનેક ઉલ્લેખો મળી આવે છે.

અહીંના ભક્તો શ્રીહરિની માળાના મણકા સમાન હતા. ભક્તચિંતામણિમાં નિષ્કુળાનંદ સ્વામી પ્રકરણ-૧૨૫માં મહિમાપૂર્વક એ ખાનદેશી હરિભક્તોની નામાવલી આપે છે.

સંતોની પ્રેરણાથી સત્સંગીઓમાં સેવાનો પણ જુવાળ પ્રગટતો હતો. ખાનદેશી સત્સંગીઓની સેવાઓમાં, સુરતના એક ખાનદેશી વૈદ્યરાજની સેવા ઇતિહાસ પ્રસિદ્ધ છે. ભગવાન સ્વામિનારાયણને એક દાંત દુખતો હતો અને તે પડાવવાનો હતો. તે સમયે સુરતમાં રહેતા એક ખાનદેશી વૈદ્યરાજે તે પીડા દૂર કરવા દાંત પાડવાની સારવાર આપી હતી. આ ઐતિહાસિક અને મહાપ્રસાદીભૂત દાંત હાલ અક્ષરધામ ખાતે ગાંધીનગરમાં છે.

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ કૃપાનંદ સ્વામી, સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી વગેરેએ ખાનદેશમાં ખૂબ વિચરણ કરીને સત્સંગ કરાવેલો છે. અદ્‌ભુતાનંદ સ્વામીએ ૬૦ સંતોનું મંડળ લઈને ખાનદેશમાં વિચરણ કર્યું હતું. આ ઉપરાંત વિજ્ઞાનાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, કીડીસખી વગેરે પરમહંસોએ પણ આ પ્રાંતમાં વિચરણ કરેલું અને અહીંના સત્સંગને પોષણ આપ્યું હતું.

## અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને ખાનદેશ

સંપ્રદાયના ઇતિહાસ ગ્રંથોમાં વર્ણવ્યા મુજબ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામીના મંડળની સાથે તેમજ સ્વતંત્ર રીતે પણ વારંવાર ખાનદેશમાં પધારીને વિચરણ કર્યું હતું. ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી તેમણે ખાનદેશમાં કથાવાર્તાનો ભરપૂર લાભ આપ્યો હતો.

અન્યત્ર બધે જ બન્યું હતું તેમ, આ પ્રાંતમાં પણ, ગુણાતીતાનંદ સ્વામીનું આકર્ષણ એટલું બધું હતું કે દૂર દૂરના પ્રદેશમાંથી તેઓના સત્સંગ-સમાગમ માટે હજારો હરિભક્તો ખેંચાઈને આવતા હતા. ખાનદેશના હરિભક્તોને

ગુણાતીતાનંદ સ્વામીની વાતોનું એટલું આકર્ષણ હતું કે સ્વામીની વાતો સાંભળવા તેઓ છેક જૂનાગઢ જઈ પહોંચતા. સ્વામીશ્રીના વિસ્તૃત જીવનચરિત્રમાં એક પ્રસંગ આમ નોંધ્યો છે:

સ્વામીશ્રી ભાદરવા માસમાં જળઝીલણીનો ઉત્સવ કરી દેશમાં ફરવા પધાર્યા. આ વખતે ખાનદેશથી ત્રણ વણિક હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમ માટે ખાસ જૂનાગઢ આવ્યા. આ હરિભક્તો જૂનાગઢ આવ્યા, પરંતુ સ્વામીશ્રી તો ઉના પધાર્યા હતા અને ત્યાંથી બાબરિયાવાડમાં પધારવાના હતા. સ્વામીશ્રી જૂનાગઢમાં ન હતા તેથી આ ત્રણે ભક્તો ખૂબ જ નિરાશ થયા. પરંતુ તેમણે નક્કી કર્યું હતું કે સ્વામીશ્રીનાં દર્શન કર્યાં વિના તો પાછું ફરવું જ નથી, તેથી તેઓ ઉના ગયા. પરંતુ ત્યાંથી સ્વામીશ્રી નીકળી ગયા હતા. છેવટે સ્વામીશ્રીને શોધતાં શોધતાં બગસરા થઈને ઓઢાને સમઢિયાળે તેઓ ગયા. અહીં તેમને સ્વામીશ્રીનાં દર્શન થયાં. સ્વામીશ્રીને દંડવત કરી પાસે આવ્યા એટલે સ્વામીશ્રી ઊભા થઈ તેમને બાથમાં લઈને મળ્યા અને અભયદાન આપતાં પોતાના બંને હાથ તેમના માથા ઉપર મૂક્યા. પછી તેમના ગામના હરિભક્તોનાં નામ પણ પૂછ્યાં તેમની બબ્બે પેઢીઓનાં નામ સંભારીને તેમના સમાચાર પણ પૂછ્યા.

સ્વામીશ્રીની આવી તીવ્ર સ્મરણશક્તિથી આ વણિક હરિભક્તોને અત્યંત આશ્ચર્ય થયું. પરંતુ અગાઉ સ્વામીશ્રી ખાનદેશમાં પધાર્યા હતા અને દરેક ગામે વિચરણ કર્યું હતું. તેથી ત્યાંના તમામ હરિભક્તોને તેઓ સારી રીતે જાણતા હતા. ત્યારપછી તે વણિક હરિભક્તોને સ્વામીશ્રીએ પોતાની સાથે જમવા બેસાર્યા અને પ્રસાદી આપી અત્યંત રાજી કર્યા. થોડા દિવસ તે ભક્તોને પોતાની પાસે રાખીને સ્વામીશ્રીએ તેમને રજા આપી ઘેર મોકલ્યા. (અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૧, પૃ. ૩૫૩)

સ્વામીશ્રીની આવી દિવ્ય કૃપાવર્ષાથી ખાનદેશના ભક્તો અનેક વખત કૃતાર્થ થયા છે.

## ભગતજી મહારાજ અને ખાનદેશ

ગુણાતીતાનંદ સ્વામીની આધ્યાત્મિક ધુરા સંભાળનાર બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પણ ખાનદેશના ભક્તો સાથે વિશેષ પ્રીતિથી બંધાયેલા હતા. જો કે તેઓ સદેહે ક્યારેય ખાનદેશ પધાર્યા નહોતા. છતાં, દૂર રહ્યાં રહ્યાં પણ તેમણે ખાનદેશના ભક્તોનું આધ્યાત્મિક પોષણ કર્યું હતું, યોગક્ષેમનું વહન કર્યું હતું. એટલે જ ખાનદેશના ભક્તોને તેમના પ્રત્યે અનહદ આકર્ષણ હતું.

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના વિસ્તૃત જીવનચરિત્ર ગ્રંથમાં ખાનદેશના ભક્તો સાથેના તેમના પ્રસંગો પૈકી ભગતજીના દિવ્ય ઐશ્વર્યની પ્રતીતિ કરાવતો નીચેનો પ્રસંગ ખૂબ પ્રેરક છે:

ગામ સાકોરાના ઉત્તમ પટેલની બહેનને ભૂત વળગ્યું હતું ને બહુ જ દુઃખ દે. કોઈ રીતે દેહનો વ્યવહાર ન કરી શકાય. આથી ઉત્તમ પટેલ ધુલિયા ગયા અને ભગતજીના શિષ્ય સ્વામી વિજ્ઞાનદાસજીને સર્વે હકીકત કહી. વિજ્ઞાનદાસજીએ તેને કહ્યું: આ બધો સંઘ મહુવા ભગતજીનાં દર્શને જાય છે તો તમે પણ તમારી બેનને લઈને જાઓ. તેથી તે વખતે વરખેડાના કેવળદાસ તથા પલાણાના નારણભાઈ છનાભાઈ મહુવા જતા હતા તેમની સાથે ઉત્તમ પટેલ, તેની બહેન તથા બનેવીને લઈને મહુવા ગયા.

મહુવા પહોંચ્યા પછી મંદિરમાં સૌ દર્શને ગયા. ભગતજી જો મળે તો સર્વે હકીકત કહેવી એવો સૌએ સંકલ્પ કર્યો. તે બાઈને બહાર મંદિરનાં પગથિયાં પાસે બેસારી, સર્વે અંદર ગયા. ત્યાં સભામાં ભગતજીનાં દર્શન થયાં. ભગતજી તેમને જોઈને તરત જ સભામાંથી ઊઠ્યા અને સર્વે હરિભક્તો પણ ઊઠ્યા. સાધુ વાત કરે તે પહેલાં તો ભગતજી મંદિરની બહાર પગથિયાં પાસે પહોંચી ગયા, એટલે તરત જ ત્યાં બેઠેલી તે બાઈ ભગતજીનાં દર્શન માત્રથી ખેંચાઈને તેમને પગે પડી ગઈ. ભગતજી એકદમ આઘા ખસી ગયા. પણ તે બાઈ તો ત્યાં જ ભગતજીની મૂર્તિનાં દર્શન કરતી મૂક વદને પ્રાર્થના કરતી પડી રહી. ભગતજીએ પાસે ઊભેલા હરિભક્તોને કહ્યું: આ બાઈ કોણ છે અને એને શું જોઈએ છે? ત્યારે ખાનદેશી હરિભક્તોએ કહ્યું: એ ઉત્તમ પટેલની બહેન છે અને એને ભૂત વળગ્યું છે. એટલે ભગતજીએ તેના સામી દૃષ્ટિ કરી કે તરત તે બાઈને સમાધિ થઈ ગઈ અને અંગમાં ભગતજીનો પ્રવેશ થઈ ગયો. ભૂત સર્વે નીસરી ગયાં. અને બાઈને તો જાણે અપાર સુખ મળ્યું હોય તેમ પોતાનો ભાવ ભૂલી ભગતજીના સ્વરૂપે વર્તન થવા લાગ્યું. તેને વર્તમાન ધરાવી, સૌ ખાનદેશી હરિભક્તોને ઘેર જવા આજ્ઞા કરી.

ઘેર આવ્યા પછી આ બાઈને ભગતજીના પ્રવેશથી અખંડ ભજન થવા માંડ્યું. 'હું ભગતજી છું' એવા છકમાં ભગતજીના રૂપે જ બોલવાનું, ચાલવાનું, કથા કરવાનું, આસન કરી ધ્યાન કરવાનું, એવી સર્વે ચેષ્ટા - ભગતજીની જ - સહેજે થવા માંડી. ત્યારે સર્વેને પ્રતીતિ થઈ કે જરૂર આ બાઈમાં ભગતજીનો પ્રવેશ થયો છે, અને ભગતજી આ બાઈ દ્વારા અત્યારે ખાનદેશમાં પધાર્યા છે. તેથી ગામોગામ આ બાઈની પધરામણી થવા લાગી. સર્વેના અંતરના ઘાટ કહે, મનોરથ

પૂરા કરે, આશીર્વાદ આપે અને વળી, બ્રહ્મનિરૂપણ પણ વચનામૃત વંચાવી અદ્‌ભુત કરે. ખાનદેશી પ્રેમી ભક્તોને તો આનંદનો ઓઘ વળ્યો અને ઘેર બેઠા ગંગા મળી.

પરિણામે, આખા ખાનદેશમાં ઘણાંને ભગતજીને વિષે પરિપક્વ નિષ્ઠા અને હેત થઈ ગયાં અને મહિને મહિને સંઘ મહુવા જવા લાગ્યો. ભગતજીના પરમ શિષ્ય સ્વામી વિજ્ઞાનદાસજીનું મંડળ પણ ધુલિયામાં કથાવાર્તા, ધ્યાન, ભજન કરી સૌ પાસે ભગતજીનાં ગુણગાન ગાતા હતા. પરિણામે અહીં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની એક લહેર ફરી વળી હતી.

એક તરફ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગામોગામ વિરોધ થઈ રહ્યો હતો ત્યારે બીજી તરફ મહારાષ્ટ્રના આ ખાનદેશી ભક્તો અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાથી થનગનતા હતા. એમની આ સેવાસરવાણી આગલી પેઢીથી વહેતી રહી હતી. ભગતજીની દવાના પૈસા પણ આ ખાનદેશી ભક્તો મોકલતા હતા. ભગતજી એ પૈસા દવાને બદલે મંદિરના બાંધકામમાં વાપરી નાંખે તો ફરીથી ખાનદેશી ભક્તો સેવા મોકલીને જણાવે કે આ રકમ મંદિરના બાંધકામમાં વાપરજો અને આટલી રકમ તમારી દવા માટે કૃપા કરી વાપરજો.

ભગતજીના અંતિમ દિવસોમાં ખાનદેશી ભક્તો તેઓનાં દર્શને મહુવા ગયા હતા. એ અરસામાં પ્લેગનો રોગ હોવાથી અંગ્રેજી શાસનના હુકમ મુજબ બધાને ગામની બહાર તંબુમાં રાખી, દવા આપી, ૨૪ કલાક પછી ગામમાં પ્રવેશ આપવામાં આવ્યો. ખાનદેશી ભક્તો અને વસોના ભક્તો ભગતજી પાસે પહોંચ્યા ત્યારે ભગતજીએ કહ્યું: 'હું તો કાલે ધામમાં જવાનો હતો, તમારે માટે આજે દેહ રાખ્યો છે. કરી લો દર્શન.' આ લોકો દર્શન કરીને ગયા પછી ભગતજીએ દેહલીલા સંકેલી લીધી. આ ભક્તોના પ્રેમ ખાતર સત્પુરુષે પોતાનું આયુષ્ય વધારી દીધું! ખાનદેશી ભક્તોના પ્રેમ અને તેમના પર ગુણાતીત સત્પુરુષની કૃપાનું આ એક અજોડ ઉદાહરણ છે.

વળી, ભગતજી મહારાજે ખાનદેશના ભક્તોને અનેક વખત ઐશ્વર્યદર્શન કરાવ્યું હતું. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પોતાની કથાવાર્તામાં અનેક વખત તેનો ઉલ્લેખ કરતા. તેઓ કહેતા :

'તેઓ અહીં ત્રણ વખત દિવ્ય દેહે પધાર્યા હતા. એક વખત ભૂખણદાસને ઘેર છોકરું રડતું'તું અને બાઈઓ બધી કામ કરતી કરતી ભગતજી મહારાજના મહિમાનાં કીર્તનો ગાતી હતી, તે વખતે ભગતજી પધાર્યા અને ઘોડિયું હલાવી છોકરાને છાનું રાખ્યું. બીજી વખત ઉગમણા વંડા આગળ ભગતજીએ દર્શન દીધાં હતાં અને ત્યાં કૂવો છે ત્યાં નાહ્યા હતા. ત્રીજી વાર, અહીંની બાઈમાં પ્રવેશ કરી ગામોગામ ફર્યા હતા. આ પ્રમાણે ભગતજી મહારાજે અહીંના હરિભક્તોનો ભાવ જોઈ, બહુ જ સુખ આપ્યું હતું.' (મોહાડી ગામમાં શાસ્ત્રીજી મહારાજે રાત્રિસભામાં આપેલા પ્રવચનમાંથી)

## બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ખાનદેશ


બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના અનુગામી અને બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા(બી.એ.પી.એસ.)ના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અનેક વખત ખાનદેશમાં પધાર્યા હતા. તેમના વિસ્તૃત જીવનચરિત્ર તેમજ તેમના પત્ર-સાહિત્યમાં ખાનદેશના તેમના વિચરણની અનેક વિગતો ખાનદેશના ભક્તો સાથેની એમની ગાઢ પ્રીતિનાં દર્શન કરાવે છે. વિ.સં. ૧૯૬૨(સન ૧૯૦૭)માં તેમણે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનાં શ્રીગણેશ કર્યાં તે પૂર્વે તેઓ વરતાલના સંતમંડળમાં જોડાયેલા હતા. એ દરમ્યાન અને ત્યારપછી પણ તેઓ ખાનદેશમાં અવારનવાર પધારતા હતા. ૧૯૩૯માં 'સ્વામિનારાયણ પ્રકાશ'ના પાંચમા અંકમાં તંત્રી લખે છેઃ ''શાસ્ત્રીજી મહારાજ દર ત્રણ વર્ષે ખાનદેશ પધારતા હતા.''

પાછલી ઉંમરના દિવસોમાં પણ શાસ્ત્રીજી મહારાજના હૈયે ખાનદેશી ભક્તોની ભક્તિ આગવું સ્થાન ધરાવતી હતી. તા. ૧૧-૧૨-૪૬ના રોજ તેમણે ખાનદેશી ભક્તોને લખેલા એક પત્રનો આ અંશ જુઓઃ

'વી. હમો તે તરફ (ખાનદેશ) આવવા સારૂ પાંચ જણ ત્યાર થઈને અમદાવાદ થઈને સુકરવારે અટલાદરા જઈસું, પરંતુ સ્વામી-મહારાજની મરજી સું છે, તે કળાતું નથી. આજ રાતરે જમણા પગે આખામાં વા આવી ગયો છે. છતાં વીચાર ન બદલતાં નીકળ્યા, પરંતુ દમણીયામાંથી ઊતરતાં બીલકુલ ચલાયું નહીં. બીજા પગે પણ દર્દથી પીડા થતી હતી. ઊંચકીને માસ્તરના ઘરે લાવ્યા છે. હવે ગાડીમાં ઊંચકી બેસાડસે, અમદાવાદ ત. અટલાદરા તો જઈસું... ઘણું કરીને સે'જ (સ્હેજ) મટસે, ને પગે ચલાસે, તો જરૂર આવીસ. માટે અકસ્માત થયે નહીં અવાય, તો રાજી રહેસો. આસાભાઈ વીગેરે આવસે, તો મોકલીસું એ જ - મટસે, તો અમો પાંચ જણા તો જરૂર આવીસું.'

'જરૂર આવીસ' આ જીવન-ભાવનામાં હરિભક્તોને રાજી કરી લેવાની ઝંખના કેટલી પ્રબળ જણાય છે !!

શાસ્ત્રીજી મહારાજના ગુરુબંધુઓ ખાનદેશના ભક્તો સાથે ખૂબ સંકળાયેલા હતા. ખાસ કરીને શાસ્ત્રીજી



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના ગુરુબંધુઓ અને પાછળથી તેમની શિષ્યપંક્તિમાં તેજસ્વી શુક્રતારક સમું વ્યક્તિત્વ ધરાવતા એ સંતો, જેમણે ખાનદેશના સત્સંગ માટે અનેક કષ્ટો વેઠ્યાં હતાં: વિજ્ઞાનદાસ સ્વામી, ખાનદેશી પુરુષોત્તમદાસ સ્વામી, નિર્ગુણદાસ સ્વામી...

મહારાજના ગુરુબંધુ અને પાછળથી તેમની શિષ્યપંક્તિમાં તેજસ્વી તારક સમા શોભી ઊઠેલા સ્વામી પુરુષોત્તમદાસજીની તો જન્મભૂમિ જ ખાનદેશમાં હતી. 'બ્રહ્મર્ષિ' તરીકે ઓળખાતા એ મહાપુરુષ ખાનદેશની એક મોટી ભેટ સમાન હતા. વિજ્ઞાનદાસ સ્વામી તો ખાનદેશમાં અવારનવાર પધાર્યા હતા. ખાનદેશમાં વિજ્ઞાનદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા અને ભગતજી મહારાજ વિશેની ગુરુનિષ્ઠા દૃઢ કરાવી અને ખાનદેશમાં સત્સંગ ફેલાવ્યો હતો. નિર્ગુણદાસ સ્વામીએ દર વર્ષે અહીં વારંવાર વિચરણ કરીને સત્સંગને ખૂબ જ પોષ્યો હતો. આમ, શાસ્ત્રીજી મહારાજ અને તેમના સંતમંડળના વિચરણથી ખાનદેશમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની શુદ્ધ સમજણ અને તેની ખુમારી અહીંના ભક્તોમાં હૃદયના ઊંડાણમાં દૃઢ થઈ ગઈ હતી.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા તેમના સંતોના સત્સંગથી ખાનદેશમાં ઉપાસનાની પુષ્ટિ કેવી રીતે થઈ અને ખાનદેશના હરિભક્તોનું કેવું સમર્પણ હતું - તેનું વિસ્તૃત વર્ણન કરતાં શ્રી હર્ષદભાઈ ત્રિ. દવે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રમાં નીચેની વિગતો ટાંકે છે:

### ખાનદેશમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સત્સંગ

લગભગ ૩૦૦ વર્ષ પહેલાં, ચરોતરના પાટીદારો ખાનદેશમાં જઈને વસ્યા હતા. વર્ષોનાં વહાણાં વાઈ ગયાં એટલે ગુજરાતી મિશ્રિત મરાઠી રીતરિવાજોમાં તેઓ ભળી ગયા. ભાષા પણ એવી જ થઈ ગઈ હતી. સંતોનાં વિચરણથી તેમને સત્સંગના સંસ્કાર લાગ્યા, પરંતુ એ સંસ્કારને પોષણ આપી ખીલવે, એવાં સંતમંડળો જતાં બંધ થયાં એટલે ખાનદેશનો સ્વામિનારાયણીય સત્સંગ લગભગ મૃત:પ્રાય થઈ ગયો હતો. તે અરસામાં ભગતજી મહારાજના સમયમાં સ્વામી વિજ્ઞાનદાસજીના મંડળને વરતાલના કોઠારીએ ખાનદેશ મોકલેલ. કસ્તુર, કેસર કે ચંદન ગમે ત્યાં મૂકો પણ પોતાની સુવાસ જણાવ્યા વગર રહે જ નહીં, તેમ સ્વામી વિજ્ઞાનદાસજીએ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનાં જ્ઞાનનાં બીજ અત્રે રોપી દીધાં અને તે ઉપાસનાના પ્રવર્તક ભગતજી મહારાજ છે, એમ ભગતજી મહારાજનો મહિમા પણ પ્રવર્તાવવા લાગ્યા. તેમની અતિ શુદ્ધ નિષ્ઠાના બળના આ શબ્દોથી, ખાનદેશમાં સત્સંગ વધવા લાગ્યો અને આ પ્રવાહ બધો મહુવા તરફ વળ્યો. ભગતજી મહારાજ ખાનદેશમાં દિવ્યસ્વરૂપે દર્શન દેવા લાગ્યા અને અનેક મુમુક્ષુઓ તેમનામાં આકર્ષાયા. પરિણામે, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ નિષ્ઠા ખાનદેશનાં ઘણાંખરાં ગામોમાં પ્રવર્તી ગઈ.

અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાના આ પ્રવર્તનથી વ્યાકુળ થઈને વરતાલના મોવડી મંડળે સ્વામી વિજ્ઞાનદાસજીની ખાનદેશથી છપૈયા બદલી કરી. ત્યારબાદ ખાનદેશના આ સત્સંગને જોઈએ તેવું પોષણ ન મળ્યું. પરંતુ વરતાલથી બહાર નીકળ્યા પછી શાસ્ત્રીજી મહારાજ અવારનવાર નિર્ગુણદાસ સ્વામી અને મંડળ સાથે ખાનદેશ જતા અને કથાવાર્તા કરી ત્યાંના હરિભક્તોને રાજી કરતા. નિર્ગુણદાસ સ્વામીએ પણ અહીં ખૂબ કષ્ટભર્યું વિચરણ કર્યું. તેમના ખાનદેશના પ્રવાસથી ત્યાંના હરિભક્તો બોચાસણ સમૈયે આવવા લાગ્યા અને ભગતજી મહારાજ પછી શાસ્ત્રીજી મહારાજ દ્વારા આજે ભગવાન સ્વામિનારાયણ પ્રગટ છે, એવી તેમને પણ નિષ્ઠા દૃઢ થઈ. આ નિષ્ઠાના બળે તેમણે સૌએ શાસ્ત્રીજી મહારાજને ખાનદેશમાં તેડાવી વસંતપંચમીનો સમૈયો કરવાનું નક્કી કર્યું. આમ, વિક્રમ સંવત ૧૯૭૫ અને સન ૧૯૧૯માં શાસ્ત્રીજી મહારાજના જન્મોત્સવનો પ્રથમ અવસર નિર્ગુણદાસ સ્વામીના ઉત્સાહથી ખાનદેશમાં મોહાડી ગામે ગોઠવાયો.



મોહાડી ગામનો એ પ્રાસાદિક ચોક, જ્યાં ૧૦૦ વર્ષ પહેલાં વસંત પંચમીએ શાસ્ત્રીજી મહારાજનો પ્રથમ જન્મોત્સવ ઊજવાયો હતો...

ખાનદેશના ભક્તોમાં શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે ગુરુભક્તિનો અનોખો જુવાળ હતો. અત્રેના હરિભક્તો વિઠ્ઠલ મહાજન, ધનજી મહાજન, લાલદાસ મહાજન સૌએ ભેગા મળી અતિ ઉત્સાહપૂર્વક જાપી, કુસુંબા, વરખેડા, નરડાણા, ધુલિયા વગેરે ગામોમાં કાગળ લખ્યા અને સર્વેને વસંતપંચમીનો સમૈયો કરવા મોહાડી બોલાવ્યા. શાસ્ત્રીજી મહારાજ તથા સર્વે સંતમંડળ ભાગોળેથી ઠેઠ વિઠ્ઠલ મહાજનના ઘર સુધી જ્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો - સૌ ધીરે ધીરે બે કલાકે વાજતેગાજતે આવ્યા.

વસંતપંચમીની સવારે મોહાડી ગામના ચોકમાં ખાનદેશી હરિભક્તોથી મંડપ ચિકાર ભરાઈ ગયો. શાસ્ત્રીજી મહારાજે બાજોઠ મગાવી તે ઉપર પોતે જ રંગ પૂરી, તેના ઉપર શિક્ષાપત્રી પધરાવી અને ચંદન, અક્ષત અને ફૂલથી શિક્ષાપત્રીની પૂજા કરી. પછી આરતી કરી અને બોલ્યા: 'આજે શિક્ષાપત્રીનો જન્મદિવસ, નિષ્કુળાનંદ સ્વામીનો જન્મદિવસ અને અમારો પણ આજે જન્મદિવસ છે.' એમ કહી શિક્ષાપત્રીનું બહુ જ માહાત્મ્ય કહ્યું અને નિષ્કુળાનંદ સ્વામીનું પણ આખ્યાન કહ્યું. સૌ ભક્તોએ શાસ્ત્રીજી મહારાજનું પૂજન કરી તેમને તેમના ૫૪મા જન્મજયંતી પર્વે વધાવ્યા.[૧]

પછી પોતે જાતે જ વેડમી બનાવી અને ઠાકોરજીને થાળ ધરાવ્યો. વાસુદેવ હરે થયા એટલે હરિભક્તોની પંક્તિ કરી, પોતે વેડમી ઘીમાં બોળીને સૌને પીરસવા પધાર્યા. આમ, ઈતિહાસમાં શાસ્ત્રીજી મહારાજનો જન્મોત્સવ તેમની ઉપસ્થિતિમાં પ્રથમ વખત ઊજવાયો તેનો યશ ખાનદેશી ભક્તોના લલાટે લખાઈ ગયો.

ખાનદેશના હરિભક્તો આવા પ્રેમી હતા. તેમનો અત્યંત ભાવ અને નિર્દોષબુદ્ધિથી જ શાસ્ત્રીજી મહારાજ આ પ્રદેશમાં તેમને સત્સંગનું સુખ આપવા આવ્યા હતા.

શાસ્ત્રીજી મહારાજે થોડા દિવસો મોહાડીમાં રહી, ત્યાંના હરિભક્તોને સત્સંગનું ઘણું સુખ આપ્યું. ઉગમણી દિશાએ વડ આગળ જ્યાં ભગતજીએ દિવ્ય સ્વરૂપે કૂવા ઉપર સ્નાન કરતાં દર્શન દીધાં હતાં, ત્યાં સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે સ્નાન કરવા પધારતા અને ભગતજી મહારાજ તથા સ્વામી અને શ્રીજીમહારાજની લીલાની જૂની જૂની વાતો કરી, સૌને આનંદ કરાવતા.

શાસ્ત્રીજી મહારાજ મોહાડીથી નીકળી સંતમંડળ અને ત્યાંના હરિભક્તો સાથે જાપી પધાર્યા. અત્રે ધોંડુ માસ્તર તથા બીજા હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી, ખાસ બીજાં ગામોમાં ફરવાનું બંધ રાખી પધાર્યા હતા. નિર્ગુણદાસ સ્વામી બે દિવસ અગાઉથી તૈયારી કરવા પધાર્યા હતા. મંદિરમાં તમામ પ્રકારની સગવડ કરાવી દીધી હતી. મંદિરના ચોગાનમાં પથરાળ ભૂમિને લીધે ખાડાટેકરા ઘણા હતા એટલે ધોંડુ માસ્તરની બહેને ખાસ ઝીણી રેતી, સ્વામીશ્રીને પગે કાંકરા ન વાગે અને સ્વામીશ્રીની ચરણરજ લઈ સાચવી શકાય, તે માટે પથરાવી હતી.

સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા પછી આસન કરી મંદિરની પાછળની બાજુએ મોહન ભગતનો હાથ પકડી લઘુ ને ખાડે જવા ગયા. રસ્તામાં બધે સુંવાળી રેતી પાથરી હતી. સ્વામીશ્રીએ મોહન ભગતને પૂછ્યું: 'આ સુંવાળું શું પાથર્યું છે?' એટલે મોહન ભગતે કહ્યું: 'ધોંડુ માસ્તરે આપના પગે કાંકરા ન વાગે એટલે રેતી પથરાવી છે.' અંતર્યામી સ્વામીશ્રી આ વાતનો મર્મ સમજી ગયા. એટલે તેમણે પૂછયું: 'તેને શું જોઈએ છે?' ત્યારે મોહન ભગતે કહ્યું: 'બાપા! તેની બહેનને ઘેર સંપત્તિ છે પણ લગ્ન કર્યે બાર વરસ થયાં છતાં દીકરો નથી.' એટલે સ્વામીશ્રીએ ફરી કહ્યું: 'નિર્ગુણદાસે માનતા આપી છે ને?' એમ કહીને કહ્યું: 'નિર્ગુણદાસ સ્વામીની માનતા મહારાજ બાર માસમાં પૂરી કરશે.'

અને એ વચન સૌએ સત્ય ઠરેલું નિહાળ્યું.

### ખાનદેશી હરિભક્તોનો સમર્પણભાવ

ખાનદેશી ભક્તોના સમર્પણની ગાથા પણ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલી છે. કેટલાક સ્મરણીય પ્રસંગોની સ્મૃતિ અહીં કરી લઈએ તે પ્રસંગોચિત બનશે:

મોહાડીનાં ચેડીબાઈને જાણ થઈ કે સારંગપુરમાં કળશ

૧. જે ચોકમાં ઉત્સવ ઊજવાયો હતો એ ચોક આજે પણ એવો ને એવો જ છે. મોહાડીની આજુબાજુ ૨૫ કિલોમીટર સુધી કોઈ જગ્યાએ જમીનમાંથી પાણી મળતું નથી. પણ જ્યાં શાસ્ત્રીજી મહારાજનો પ્રાગટ્ય ઉત્સવ ઊજવાયો ત્યાં પાણી અત્યારે ખૂટતું નથી.

ચઢાવવા માટે આર્થિક જરૂર છે, એટલે તરત જ તેણે પોતાના અંગનાં તમામ સોનાનાં ઘરેણાં કાઢીને મોહન ભગત દ્વારા મોકલાવી શાસ્ત્રીજી મહારાજને સંદેશ પાઠવ્યો કે ‘સ્વામીબાપાને કહેજો કે રોકડા તો મારી પાસે નથી, પણ આ ઘરેણાં આપું છું, તેટલામાંથી જો કળશ અધૂરા રહેતા હોય તો બીજાં ઘરેણાં લાવી આપું.’ સ્વામીશ્રી પાસે આવી મોહન ભગતે ઘરેણાં આપ્યાં અને ચેડીબાઈનો સંદેશો કહ્યો. તે સાંભળી અત્યંત રાજી થઈને શાસ્ત્રીજી મહારાજે કહ્યું, ‘રણછોડરાયની મૂર્તિ, બોડાણાનાં પત્ની ગંગાબાની નાકની વાળી બરાબર વજનમાં થઈ હતી, તો આ તો પુષ્કળ ઘરેણાં છે. આમાંથી તો કળશ ઉપરાંત બીજી ઘણી સેવા થશે.’ મોહન ભગતે આ સંદેશો ચેડીબાઈને કહ્યો. તે સાંભળી તેની આંખમાંથી અશ્રુની ધારા ચાલી. અહો, સ્વામીબાપાનો આટલો ભાવ! મારી અલ્પ જેટલી ભેટને આટલી મોટી કરી દેખાડી.

શાસ્ત્રીજી મહારાજે મધ્ય ગુજરાતમાં શ્રીજીપુરા, પુરુષોત્તમપુરા, રઢુ, સ્વામીપુરા, નારાયણપુરાના દસ હજાર વીઘા જમીન બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના નિભાવ માટે સંપાદિત કરી હતી. એનું મહેસૂલ ભરવાની સમસ્યા આવી ત્યારે શાસ્ત્રીજી મહારાજના વચને ખાનદેશના ભક્તોએ ઉદાર દિલે સેવા કરીને એ મહેસૂલ ભરી દીધું હતું.

ખાનદેશના ભક્તોનો પ્રેમભાવ અને સમર્પણભાવ એવો હતો કે શાસ્ત્રીજી મહારાજ તેને વશ થઈને પોતાની નાદુરસ્ત સ્થિતિમાં પણ અહીંના ભક્તોને લાભ આપવા કષ્ટો વેઠીને પણ પધારતા. એકવાર ખાનદેશમાં વરખેડાના હિમલાલભાઈ તથા જાપીના ધોંડુ માસ્તર, નાનુ મહાજન વગેરેએ શાસ્ત્રીજી મહારાજને વસંતનો સમૈયો ખાનદેશમાં કરવા તેડાવવા, પુરુષોત્તમદાસ સ્વામીને પ્રાર્થના કરી. તેમનો અત્યંત ભાવ જોઈ, પુરુષોત્તમદાસ સ્વામીએ સ્વામીશ્રીને પત્ર લખ્યો. પરંતુ સ્વામીશ્રીનો ઉત્તર આવ્યો કે, હાલમાં આવી શકાય તેમ નથી. આથી આ સર્વે હરિભક્તો બહુ જ નિરાશ થઈ ગયા. તેમણે પુરુષોત્તમદાસ સ્વામીને, સ્વામીશ્રીને ફરી પત્ર લખવા વિનંતી કરી. પણ તેમણે કહ્યું, આપણે એવો આગ્રહ ન રખાય. તેમની રુચિ પ્રમાણે વર્તવું જોઈએ. એમ છતાં, તમારો ભાવ હશે તો શાસ્ત્રીજી મહારાજ તો કાલે દર્શન દેશે. તમે બધા પ્રાર્થના કરો. પોષ સુદિ ૧૦ને દિવસે સ્વામીશ્રીનો ના-નો કાગળ આવ્યો.

પરંતુ બીજા જ દિવસે એકાદશીના દિવસે સવારમાં મંદિરમાં કથા થતી હતી અને પુરુષોત્તમદાસ સ્વામી વાતો કરતા હતા. એવામાં અચાનક સ્વામી નિર્ગુણદાસજી, નીલકંઠદાસજી, શ્રીકૃષ્ણદાસજી, આણંદના કેશવલાલભાઈ, પુરુષોત્તમ જોરાભાઈ, મણિભાઈ નારણભાઈ, મોતીભાઈ નાથાભાઈ, ઈશ્વરભાઈ પ્રભુદાસ વગેરે ‘જય સ્વામિનારાયણ’ કહી મંદિરમાં દાખલ થયા. તેમનાં દર્શનથી સૌને આનંદ આનંદ થઈ ગયો. નિર્ગુણદાસ સ્વામીએ કહ્યું: ‘શાસ્ત્રીજી મહારાજ પધાર્યા છે, ચાલો.’ એટલે સૌના આનંદનો પાર ન રહ્યો. બધા બહાર આવ્યા. સ્વામીશ્રી ગાડામાંથી નીચે ઊતરતા હતા ત્યાં સૌ સંતો તથા હરિભક્તોએ દંડવત કર્યા. સ્વામીશ્રીએ એક હાથમાં લાકડી પકડી હતી. ઈશ્વરભાઈનો હાથ પકડી સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરી, દંડવત કરી, નીલકંઠ સ્વામી તુંબડીમાં પાણી લાવ્યા તેનાથી મોં તથા હાથપગ ધોઈ સ્વામીશ્રી આસને બિરાજ્યા. પછી તેમણે કહ્યું કે ‘તમારા બધાનો બહુ ભાવ અને પુરુષોત્તમ સ્વામીનો આગ્રહ, એટલે રહેવાયું નહીં. ના-નો કાગળ લખ્યો પણ નિર્ગુણદાસ કહે, જવું જ છે. એટલે તરત નીકળ્યા અને આવ્યા.’ સ્વામીશ્રીનાં અણધાર્યા દર્શનથી સૌના આનંદનો પાર ન રહ્યો!

સ્વામીશ્રી સંતમંડળ સાથે વરખેડા, મોહાડી વગેરે ગામોમાં લાભ આપી કુસુંબા પધાર્યા અને નરસિંહ મહેતા જેવા અત્રેના નરસિંહ ભક્તને તો અપૂર્વ આનંદ થયો! સ્વામીશ્રી પાસે, જયારે આજ્ઞા થાય ત્યારે દિવસે કે રાત્રે હાથમાં કરતાલ લઈ, પગે ઘૂઘરા બાંધી કીર્તનો ગાતાં કે -

*મારાં ઉદય થયાં છે ભાગ્ય આજ આ ભવમાં,*
*બેઠા અક્ષરપુરુષોત્તમજી મારા જીવમાં...*
*મૂળ અક્ષર ગુણાતીત જાણજો,*
*એવું સ્વરૂપ આપણું નિત્ય માનજો.*
*બ્રહ્મસ્વરૂપ માનવું નિજ આત્માનું રૂપ,*
*તેમાં બેઠા સહજાનંદજી પ્રગટ અનુપ.*
*ધન્ય પ્રગટ એકાંતિક યજ્ઞપુરુષજી મળિયા*
*તેનું નામ સમરતાં ત્રિવિધ તાપ તે ટળિયા.*

અને પછી ભજનોની પરંપરા ચાલે. જ્ઞાન, ભક્તિરસ અને સ્વામીશ્રીના અપૂર્વ મહિમાનાં આવાં કીર્તનો બનાવી નરસિંહ ભગત સ્વામીશ્રી તથા સભાજનોનું રંજન કરતા. આ ભક્તકવિ વૈરાગ્યના તીવ્ર વેગથી જગત તરફ સદા ઉદાસીન જ રહેતા અને ફક્ત સ્વામી, સ્વામી એવું અખંડ ભજન કરી, કથાવાર્તામાં અને આ જ્ઞાન પ્રવર્તાવવામાં જ પોતાનો સમય વ્યતીત કરતા. સ્વામીશ્રીની મૂર્તિમાં તેમને ગાઢ સ્નેહ હતો.

કુસુંબાથી સ્વામીશ્રી સાકોરા તથા સોનગીર પધાર્યા. સોનગીરમાં ત્રણ દિવસ રોકાયા. સૌને દર્શન-સમાગમનું અપૂર્વ સુખ આપી પછી નરડાણા થઈને બોચાસણ પધારવા

તૈયારી કરી. સૌ હાથ જોડી આંખમાં અશ્રુ સાથે વિદાય દેવા ચાલ્યા. કુસુંબાના નરસિંહ ભગત માટે આ વિયોગ અસહ્ય હતો. ત્રીસ વર્ષના આ યુવાન ભક્તરાજને સ્વામીશ્રી જ પોતાનું જીવન મનાઈ ગયા હતા. એટલે સ્વામીશ્રી હવે ગુજરાત પધારશે, એ વિચારથી જ, તેમના અંતરમાં અસહ્ય વેદના ઊપડી હતી. સ્વામીશ્રીના તીવ્ર વિરહની અંતરની અસહ્ય વેદનામાં જ ઝૂરતા તેઓ એક અઠવાડિયામાં જ ધામમાં પધાર્યા!

સંસ્થાની સેવામાં સમર્પિત થયેલા ખાનદેશી ભક્તોમાં પુરુષોત્તમદાસ સ્વામી જેવા ત્રણ ત્યાગી સંતો હતા. ગોંડલમાં અક્ષરદેરી પર મંદિરનિર્માણ સમયે જેમણે ખૂબ સેવા આપી હતી તેવા મોહન ભગત પણ ખાનદેશી હતા. બોચાસણમાં આખી જિંદગી સેવા કરીને પ્રમુખસ્વામી મહારાજનો ખૂબ રાજીપો મેળવનાર ચિન્દો ભગત પણ ખાનદેશના હતા.

શાસ્ત્રીજી મહારાજ અહીં જ્યારે જ્યારે પધારતા ત્યારે અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનાં જ્ઞાનપર્વો યોજાતાં, રાતોની રાતો કથાવાર્તા પણ ચાલતી. ખાનદેશમાંથી તેમણે લખેલા પત્રોમાં પણ એ જ વાતોનો પ્રભાવ છતો થયો છે. તા. ૭-૧૨-૧૯૩૮ના રોજ શાસ્ત્રીજી મહારાજે વરખેડાથી આફ્રિકા મંડળ પર ઉપાસનાનો અતિ વિસ્તૃત અને અત્યંત પ્રમાણભૂત પત્ર પાઠવી ઉપાસનાનાં અજવાળાં પાથર્યાં હતાં.

અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાની સમજણથી રંગાયેલા અને સમર્પણ ભાવનાથી છલકાતા ખાનદેશના અનેક હરિભક્તોની યાદી શાસ્ત્રીજી મહારાજના જીભના ટેરવે રહેતી હતી. શાસ્ત્રીજી મહારાજના પ્રથમ પંક્તિના શિષ્ય અને બી.એ.પી.એસ. સંસ્થાના પાયાના સંતવર્ય નિર્ગુણદાસ સ્વામીએ સન ૧૯૧૬માં ભાવનગર મુકામે ભક્તરાજ કુબેરભાઈ પર લખેલા પત્રમાં આ હરિભક્તોની એક યાદી લખી હતી, જેનું દસ્તાવેજી દૃષ્ટિએ અસાધારણ મહત્ત્વ છે. આ સ્મરણીય ભક્તોના પરિવારમાં ત્રીજી-ચોથી પેઢીએ આજે ય સત્સંગનો પ્રભાવ એવો જળવાઈ રહ્યો છે.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સન ૧૯૧૯ (વિ. સં. ૧૯૭૫)માં શાસ્ત્રીજી મહારાજ સાથે ખાનદેશના વિચરણમાં પધાર્યા હતા. ત્યાર પછી શાસ્ત્રીજી મહારાજની હયાતીમાં કે હયાતી બાદ તેઓ ગુરુપદે ૨૦ વરસ રહ્યા, તે દરમ્યાન તેઓ સતત ગામડે ગામડે વિચરતા રહ્યા, પરંતુ એકપણ વાર ખાનદેશ પધારવાનો સંયોગ આવ્યો જ નહીં! આમ છતાં ખાનદેશના ભક્તો સાથેની એમની પ્રીતિ પણ અનેક પ્રસંગોએ છતી થઈ છે.

સન ૧૯૩૧ના કાર્તિક માસમાં મૂળ ખાનદેશના વતની સ્વામી પુરુષોત્તમદાસજીને ખાનદેશમાં વિચરણ કરતાં ખૂબ મંદવાડ થઈ ગયો. દેહ હવે નહીં રહે તેવી પ્રતીતિ થતાં જ તેઓ બોચાસણ આવી ગયા હતા. અહીં યોગીજી મહારાજે અપાર મહિમા અને સેવાભાવથી તેમની અંતિમ સેવા કરી. પુરુષોત્તમદાસ સ્વામી યોગીજી મહારાજ ઉપર અતિશય રાજી થયા. ભગતજી થકી બ્રહ્મર્ષિનું બિરુદ મેળવનાર આ સંતવર્યે માગશર વદ ૪ના દિવસે બોચાસણમાં દેહ મૂક્યો. યોગીજી મહારાજ પુરુષોત્તમ સ્વામીની સાધુતાની ઘણી વાર વાતો કરતા.

બોચાસણમાં પુરુષોત્તમ સ્વામીના દેહોત્સર્ગ સ્થાને યોગીજી મહારાજે નાનો ઓટો કરાવ્યો હતો એટલું જ નહીં, તેઓ ત્યાં દર્શને પણ આવતા. આ સ્થાને પુરુષોત્તમ સ્વામીની કાયમી સ્મૃતિ રહે તે માટે યોગીજી મહારાજે તેમની પ્રતિમા પધરાવી હતી.

યોગીજી મહારાજ, ભલે સ્થૂળદેહે ખાનદેશમાં ઝાઝું વિચરણ કરી શક્યા નથી, પરંતુ તેમની સાધુતાની સુવાસથી ખાનદેશમાં સત્સંગનું સહજ પોષણ થતું રહ્યું હતું.

## પ્રમુખસ્વામી મહારાજ અને ખાનદેશ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના અનુગામી તરીકે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ખાનદેશ પર કરેલી કૃપાવર્ષા એક ઇતિહાસ ગ્રંથ જેટલું સ્થાન આરક્ષિત રાખે છે.

અહીંના ભક્તોની સમર્પણ-ભક્તિના પ્રત્યુત્તરરૂપે પ્રમુખસ્વામી મહારાજે ધુલિયામાં યુગવર્તી કાર્ય કર્યું અને ગુલાબી પથ્થરોમાંથી નિર્મિત ભવ્ય કલામંડિત શિખરબદ્ધ મંદિરની ભેટ આપી. મંદિર-નિર્માણની પ્રારંભ વેળાએ મંદિરનું શિલાપૂજન પણ તેઓએ કર્યું હતું, સ્તંભપૂજન પણ તેઓના હસ્તે થયું હતું અને મંદિરના ગર્ભગૃહમાં બિરાજમાન મૂર્તિઓની મૂર્તિપ્રતિષ્ઠા પણ તેઓએ કરી દીધી હતી. પ્રમુખસ્વામી મહારાજના અનુગામી મહંત સ્વામી મહારાજે ખાનદેશમાં ૨૧ વાર પધારીને ખાનદેશને વધુ પાવન કર્યો છે.

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી લઈને આજપર્યંત ગુણાતીત ગુરુઓની દિવ્ય કૃપાગંગા ખાનદેશ પર અવિરત વહેતી રહી છે. જેની ચરમસીમા પ્રમુખસ્વામી મહારાજે ધુલિયા ખાતે રચેલા શિખરબદ્ધ મંદિરના કણકણમાં અનુભવાય છે. પ્રમુખસ્વામી મહારાજની ખાનદેશ પરની દિવ્ય કૃપાવર્ષાના અમૃતબુંદોને હવે માણીએ – પછીનાં પૃષ્ઠોમાં... ◆



## ખાનદેશના સમર્પિત ભક્તોના ગરીબનિવાજ

# પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૭૬માં ખાનદેશના ગામડામાં મોડી રાત્રે ખાનદેશી ભક્તોના ભાવને સ્વીકારીને ગાડામાં ઘૂમતા પ્રમુખસ્વામી મહારાજની ઉપરની છબિ એક અમર ઈતિહાસને તાદૃશ્ય કરે છે.

પ્રમુખસ્વામી મહારાજ એટલે ગરીબોના ગરીબનિવાજ સંતવિભૂતિ. સ્વામીશ્રીને મન ગરીબ ભક્તોની ભક્તિનું મૂલ્ય અનોખું હતું. એટલે જ સ્વભાવે ગરીબ અને સંપત્તિએ અકિંચન ગણાતા ખાનદેશી ભક્તોનું સ્થાન પ્રમુખસ્વામી મહારાજના હૈયે કંઈક અનોખું હતું.

મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતના એ ગરીબ હરિભક્તો એટલે પ્રમુખસ્વામી મહારાજના હૈયાનાં મોતી. આ ભક્તો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાયાના પથ્થર સમાન હતા. તન-મન-ધનથી શાસ્ત્રીજી મહારાજને સહયોગ આપીને તેમણે શાસ્ત્રીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સંસ્થા અને શાસ્ત્રીજી મહારાજનો શિરસાટે પક્ષ રાખનાર આ નિષ્ઠાવાન ખાનદેશી હરિભક્તો પ્રત્યે પ્રમુખ-સ્વામી મહારાજને વિશેષ ગૌરવ અને આત્મીય સ્નેહ હતો. એટલે જ ખાનદેશમાં તેઓએ છેલ્લાં છ દાયકાઓમાં કરેલું કષ્ટદાયક વિચરણ એક વિશાળ ઈતિહાસ ગ્રંથ રચાય તેટલું વ્યાપક છે. અહીં છે તેનાં કેટલાંક અવિસ્મરણીય સંસ્મરણોઃ

(૧) ડિસેમ્બર ૧૯૫૩ થી ૧૦ ફેબ્રુઆરી ૧૯૫૪ સુધી લગભગ અઢી મહિના સુધી પૂજ્ય યજ્ઞપ્રિય સ્વામી (મોટા

સ્વામી) સાથે પ્રમુખસ્વામી મહારાજ સમગ્ર ખાનદેશમાં બળદગાડામાં વિચર્યા હતા. સાથે મુખીસ્વામી, હીરાભગત અને આણંદના પુરુષોત્તમ ભગત પણ હતા.

આ યાત્રા દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજ પ્રથમ વખત ખાનદેશમાં પધાર્યા હતા ત્યારે સોનગીરમાં સત્સંગસભામાં તેઓએ પૂછ્યું હતુંઃ 'બોચાસણની પ્રતિષ્ઠામાં કેટલા હાજર હતા?' ત્યારે સભામાં ૧૬ હરિભક્તોએ સન ૧૯૦૭માં બોચાસણની પ્રતિષ્ઠાના સાક્ષી હોવાનું જણાવ્યું હતું!

(૨) ૧૯-૧-૧૯૭૬ થી ૩૧-૧-૧૯૭૬ સુધી પ્રમુખસ્વામી મહારાજે ૨૦ સંતો-હરિભક્તોના સંઘ સાથે ખાનદેશમાં વિચરણ કર્યું હતું. ઠેર ઠેર નગરયાત્રાઓ ધામધૂમથી નીકળી. દરેક ગામમાં દરેક હરિભક્તના ઘરે, કુટુંબના સભ્યોએ તે સમયે સ્વામીશ્રી સાથે સ્મૃતિરૂપે પડાવેલ ફોટો આજે પણ તેની યાદ તાજી કરાવે છે.

(૩) ૨-૧૨-૧૯૭૬ થી ૪-૧૨-૧૯૭૬ દરમ્યાન પણ સ્વામીશ્રીએ ખાનદેશમાં પધરામણી કરી હતી. શ્રી હર્ષદભાઈ દવે પણ આ વિચરણમાં સાથે હતા.

(૪) ૧૩-૫-૧૯૭૯ થી ૧૭-૫-૧૯૭૯ દરમ્યાન પુનઃ ખાનદેશને પાવન કર્યું હતું. તે વેળાએ મોટરમાર્ગે રાત્રે દોઢ વાગે તેઓ ઈંદોરથી અમલનેર પધાર્યા હતા. લંડનના દુર્ગેશભાઈ દવે હરિભક્તોને પણ સાથે રાખીને સ્વામીશ્રીએ ખાનદેશની તીર્થભૂમિનાં દર્શન કરાવ્યાં હતાં.

(૫) ૨-૫-૧૯૮૨ થી ૮-૫-૧૯૮૨ સુધીનું તેમનું વિચરણ ખૂબ જ કઠિનતાથી ભર્યું હતું. ઠંડું વાતાવરણ ધરાવતા લંડનના સત્સંગ પ્રવાસેથી ભારત આવીને સ્વામીશ્રી ત્રીજા જ દિવસે બળબળતી અસહ્ય ગરમીના દિવસોમાં સીધા ખાનદેશમાં વિચરણ માટે પધારેલા. એ યાત્રામાં એમણે વેઠેલાં કષ્ટોના સાક્ષી સંતો-હરિભક્તો આજેય તેની સ્મૃતિ કરતાં ગદ્ગદ થઈ જાય છે.

(૬) ૧૬-૧-૧૯૮૮ થી ૨૦-૧-૧૯૮૮ દરમ્યાન સ્વામીશ્રીએ પુનઃ ખાનદેશમાં વિચરણ કર્યું હતું. આ દરમ્યાન તેમણે અમલનેર મંદિરનું ભૂમિપૂજન કર્યું હતું.

(૭) ૪-૧-૧૯૯૬ થી ૧૦-૧-૧૯૯૬ સુધી અમૃત મહોત્સવ પછી સીધા અહીં જ પધાર્યા હતા. ત્યારે ધુલિયા ખાતે છાત્રાલયનું ભૂમિપૂજન કરીને તેના નિર્માણનો પ્રારંભ કર્યો હતો. વરખેડા તથા અમલનેરની પ્રાણપ્રતિષ્ઠાના ભવ્ય પ્રસંગો પણ આ જ યાત્રામાં યોજાયા હતા. આ યાત્રામાં ૪૪ સંતો તથા હરિભક્તોનો સંઘ સાથે હતો.

(૮) સન ૧૯૯૮માં તેઓએ ખાનદેશમાં કરેલું વિચરણ તો કાયમ યાદ રહેશે. હૃદયની અસહ્ય તકલીફ વચ્ચે ડૉક્ટરની સલાહને અવગણીને પણ તેઓ ૧૮-૬-૧૯૯૮ થી ૧૯-૬-૧૯૯૮ સુધી ધુલિયા પધાર્યા હતા અને હરિ-મંદિરની પ્રાણપ્રતિષ્ઠા તથા છાત્રાલયનું ઉદ્ઘાટન કર્યું હતું.

હૃદયની તકલીફ હતી, છતાં હૃદયને ભૂલી ગયા. એમને ન સંભાળ્યું, પણ એમના ખાનદેશના ભક્તોની ઇચ્છાને સંભાળી. એ કેટલો ઉત્કૃષ્ટ પ્રેમ! આના કરતાં કોઈ વિશેષ પ્રતીતિ ન હોઈ શકે. બીજા માટે કોઈ પોતાના હૃદયની સંભાળ ન લે એ નિઃસ્વાર્થ પ્રેમની પરાકાષ્ઠા દર્શાવે છે.

(૯) સન ૨૦૦૩માં દિલ્હીમાં અક્ષરધામ પરિસરમાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રી ધુલિયા પધાર્યા હતા. ૧૨-૨-૨૦૦૩ થી ૨૧-૨-૨૦૦૩ દરમ્યાન તેમણે ખાનદેશનાં પ્રાસાદિક ગામડાંઓમાં જઈને ઇતિહાસને તાજો કર્યો હતો. વરખેડા, જાપી, સોનગીર, મોહાડી, ગલવાડા, કુસુંબે ખાતે બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી. ગલવાડામાં છબા માસ્તરના ખેતર પર પણ ગયા અને એ પ્રાસાદિક સ્થાનોનો મહિમા વધાર્યો હતો. અમલનેરમાં તેમની ઉપસ્થિતિમાં સ્વામિનારાયણ ચોક તથા ધુલિયામાં પ્રમુખસ્વામી મહારાજ માર્ગનું ઉદ્ઘાટન થયું હતું. સ્વામીશ્રીની આ યાત્રામાં સાથે જોડાઈને ઇંગ્લેન્ડ-અમેરિકાના સંતો તથા પરદેશના અનેક હરિભક્તોએ આ મહિમાવંતી પ્રાસાદિક ભૂમિનાં દર્શન કર્યાં હતાં.

સ્વામીશ્રીએ કરેલી ખાનદેશ યાત્રા દરમ્યાન તેમણે અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. આજેય તેની સ્મૃતિઓ એ સમયના હરિભક્તોના માનસપટ પર અકબંધ છે. તેમાંથી કેટલીક સ્મૃતિઓ....

૧. ખાડા-ટેકરાવાળા અને ધૂળભર્યા સાવ કાચા રસ્તા પર બળદગાડામાં પૂરા ખાનદેશના પ્રત્યેક ગામમાં વિચરણ.

૨. અતિ સાંકડાં ગાર-માટીનાં ઝૂંપડાં જેવા મકાનમાં ઉતારો અને આઠથી દસ દિવસ સુધીનું રોકાણ.

૩. ભર શિયાળામાં નદીએ સ્નાન કરવા જવાનું. કાં તો ખુલ્લા ખેતરે કૂવાનું પાણી ખેંચીને નાહવાનું, શૌચ માટે ખુલ્લાં ખેતરોમાં જ જવાનું.

૪. લાકડાં બાળીને ચૂલા ફૂંકીને ગામ આખા માટે રોટલી વણવાની, રસોઈ બનાવવાની, વાસણો ઘસવાનાં.

૫. અસહ્ય ગરમી વચ્ચે લાઈટ કે પંખાનું તો નામનિશાન નહીં. પછાત ગામોના કારણે ચાંચડ, મચ્છર, માંકડનો ભારે ઉપદ્રવ. વાર્તાલાપ માટે ભાષાની પણ મુશ્કેલી.

આવા સંજોગોમાં પણ સતત વિચરતા પ્રમુખસ્વામી મહારાજનો ઉત્સાહ છેક સુધી મંદ પડ્યો નહોતો.

એ ગરીબ હરિભક્તોના પ્રેમને વશ થઈને જ સ્વામીશ્રી








પ્રમુખસ્વામી મહારાજ ખાનદેશનાં ગામડાંઓમાં પધારે એટલે ભક્તોમાં ભક્તિભર્યા ઉત્સાહની ભરતી આવી જાય. ઠેરઠેર સભાઓ યોજાય, પધરામણીઓની હારમાળાઓ ચાલે, કથા-પારાયણોની રંગત જામે અને સ્વામીશ્રી કષ્ટોની પરવા કર્યા સિવાય ખૂબ વરસે...

ખૂબ ઉત્સાહથી ખાનદેશ પધારે ત્યારે એ હરિભક્તો તો આનંદમાં આવી જાય, પરંતુ સ્વામીશ્રી પણ ખૂબ આનંદમાં આવી જાય. સ્વામીશ્રીના આગમનથી હરિભક્તો દિવાળી ને દશેરા મનાવે. ઘરે ઘરે રંગોળી પૂરે. દીવડાઓ પ્રગટાવે. જાણે નવું વર્ષ આવ્યું હોય એવા ઉત્સાહથી સ્વામીશ્રીનું સ્વાગત કરે. બળદોને નવરાવીને તૈયાર રાખે. ગાડાં શણગારે,

બળદને શણગારે. બળદનાં શિંગડાંમાં લીંબુ ખોસે. એમાં પાછી ધૂપસળી ખોસે. એ ધૂપસળીની સેર ઊંચી જતી હોય ને પ્રમુખસ્વામી મહારાજ બળદગાડામાં બેઠા હોય! ગામોગામ આવાં દૃશ્યો સર્જાય. ક્યાં લંડન, ન્યૂયોર્ક, એટલાન્ટા, શિકાગો જેવાં વિશ્વના મહાનગરોમાં દબદબાપૂર્વક નીકળતી એમની શોભાયાત્રા ને ખાનદેશની આ બળદયાત્રા! પણ પ્રમુખસ્વામી મહારાજને મન બધું સમાન જ નહીં, પણ એથીય વિશેષ, આ ગરીબ ભક્તો વચ્ચે એમને વધારે આનંદ આવતો હતો.

૧૯ જાન્યુઆરી, ૧૯૭૬નો દિવસ ખાનદેશી ભક્તોને આજેય યાદ છે. તે દિવસે સવારે સ્વામીશ્રી શાહદામાં હતા, અહીંથી વિચરણ કરીને મધ્યપ્રદેશના ખેતિયા પધાર્યા, અહીંથી ભર બપોરે દોંડાઇચા પધાર્યા, અને રાત્રે સોનગીર પહોંચ્યા. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ એમ બે રાજ્યો વચ્ચે વિચરણ કરતા સ્વામીશ્રી આ ચોથા ગામે પહોંચ્યા ત્યારે રાત્રે હરિભક્તોએ તેમની શોભાયાત્રા યોજી. ત્યારબાદ સભા યોજાઈ. રાતના ૧૧-૩૦ વાગ્યા હતા. ત્યારે એક હરિભક્તની ઇચ્છા મુજબ સ્વામીશ્રી કહેઃ 'ચાલો, આ ગાયને આશીર્વાદ આપતા જઈએ.' હાથમાં માળા લઈને ગાય પર હાથ ફેરવતા સ્નેહમૂર્તિ સ્વામીશ્રીની એ છબિ આજેય એ સમયને તાદૃશ કરી આપે છે.

સન ૧૯૭૬ના એ દિવસોમાં પ્રમુખસ્વામી મહારાજ ખાનદેશમાં પધાર્યા ત્યારે શાહદામાં હરિભક્ત અંબાલાલભાઈએ શિયાળાની કડકડતી ઠંડીમાં આખા ગામમાં ખુલ્લા ટ્રેક્ટરમાં પેટ્રોમેક્સના અજવાળે સ્વામીશ્રીની શોભાયાત્રા કાઢી હતી. બે માણસ આગળ નાચે ને બે માણસ પાછળ હોય - એવી હતી આ શોભાયાત્રા! તોય સ્વામીશ્રીને કંટાળો નહીં!

બીજે દિવસે અંબાલાલભાઈ સ્વામીશ્રીને આગ્રહ કરીને અગાસી ઉપર લઈ ગયા. અગાસીમાં ગયા પછી તેઓ સ્વામીશ્રીને કહે કે 'જુઓ સામે પાણીની ટાંકી દેખાય છે?'

સ્વામીશ્રી કહેઃ 'હા, દેખાય છે.'

'બસ, આપ એની સામે દૃષ્ટિ કરો. ગામના બધા માણસો એ પાણીની ટાંકીનું પાણી પીએ છે. એના ઉપર દૃષ્ટિ કરો કે એ પાણી જે કોઈ પીએ તે બધાને સત્સંગ થઈ જાય.'

તેમની એ ભાવનાથી સ્વામીશ્રી પ્રસન્ન થયા. પછી તો અંબાલાલભાઈએ ગામમાં મંદિર કરવા માટે ભૂમિદાન કર્યું, સ્વામીશ્રીની પ્રેરણાથી આજે ત્યાં સુંદર મંદિર શોભે છે અને સત્સંગની જમાવટ થઈ રહી છે. ખાનદેશના હરિભક્તોની આવી પ્રેમભક્તિ પ્રમુખસ્વામી મહારાજના હૈયે કેમ ન વસે!

સન ૧૯૮૨માં સ્વામીશ્રી ઇંગ્લૅન્ડની યાત્રાએથી મુંબઈ પધાર્યા ને ત્રીજે જ દિવસે વૈશાખની બળબળતી ગરમીમાં ખાનદેશનાં સત્સંગકેન્દ્રોને લાભ આપવા નીકળી ગયા.

એ દિવસ હતો તા. ૩-૫-૧૯૮૨નો. સ્વામીશ્રી ધુલિયાથી નીકળ્યા. કાર્યક્રમ પ્રમાણે વરખેડા ગામે જવાનું હતું જ નહીં. પરંતુ સ્વામીશ્રીએ સામેથી ઉમેરાવ્યું. અસહ્ય ગરમી હતી. ઇલેક્ટ્રિસિટીના અભાવે પંખા માત્ર શોભાના બની રહ્યા હતા. અહીં પધરામણી બાદ સ્વામીશ્રીએ બાજુના જાપી ગામે મધુભાઈને ઘરે જવા ઇચ્છા વ્યક્ત કરી. સંતોની ઇચ્છા હતી કે આટલી ગરમીમાં ધુલિયાના રસ્તે જવામાં ભીડો પડે. તેથી ત્યાં ન જાય તો સારું. પરંતુ સ્વામીશ્રીએ ત્યાં જવાનો નિર્ણય મક્કમતાથી આપી દીધો. સૌ જાપી પહોંચ્યા. અહીં મધુભાઈ ગજમલ પટેલના ઘરે પધાર્યા ત્યારે પ્રથમ વાક્ય આ બોલ્યા, 'અમે તમારો સંકલ્પ હતો તે પૂરો કરવા આવ્યા છીએ!' મધુભાઈને તો આનંદનો પાર ન રહ્યો. પણ સાથેના સંતોને આશ્ચર્ય એ થયું કે આમને વળી શું સંકલ્પ હશે, ને કયો સંકલ્પ પૂરો કરવાનો છે?

જો કે, રહસ્ય પછી સમજાયું. વાત એમ હતી કે બે વર્ષ પૂર્વે મધુભાઈએ મુંબઈમાં સ્વામીશ્રીને પુછ્યું હતું કે મારા ખેતરમાં કૂવો ક્યાં કરવો? ત્યારે સ્વામીશ્રીએ પૂછેલું કે તમે ક્યાં કરવા વિચારો છો? મધુભાઈએ સામાન્ય કાગળ પર નકશો દોરી ટપકું કર્યું. કહ્યું કે, આ જગ્યાએ કરવાનો વિચાર છે. સ્વામીશ્રીએ તેમને જમીનનો ઢાળ જે તરફ હોય તે તરફ કૂવો કરવા સૂચવ્યું ને એમણે ખોદકામ કર્યું તો માત્ર ૫૦ ફૂટ ઊંડેથી પાણીનો ધોધ છૂટ્યો! હર્ષભર્યા મધુભાઈએ તાત્કાલિક નિયમ લીધો કે જયાં સુધી મારા કૂવાનું પાણી સ્વામીશ્રી ન પીએ ત્યાં સુધી કૂવો વાપરવો નહીં!

સ્વામીશ્રીએ આ જાણી તેમના કૂવાનું પાણી ઠાકોરજીને ધરાવીને પાછું મોકલેલું, તે પીધા પછી પણ તેમણે આ નિયમ તો ચાલુ જ રાખ્યો! આજે સ્વામીશ્રી અંતર્યામીપણે તેનો સંકલ્પ સિદ્ધ કરવા આ નાનકડા ગામમાં પગલાં પાડવા આવી પહોંચ્યા હતા! મધુભાઈ તો ગદ્‌ગદ થઈ ગયા! નાના એવા ગણાતા ભક્તની અંતરની અમીરાત એ જ તો સ્વામીશ્રીની મનભાવન મૂડી છે.

એ જ સાંજે સ્વામીશ્રી જાપીથી વરખેડા આવી ગયા. વીજળી ન હોવાને કારણે ફાનસને અજવાળે જ સભા થઈ. સ્વામીશ્રી પણ ફાનસને અજવાળે પત્રલેખન કરતા ગયા. ચેષ્ટા બાદ ૧૧-૧૫ વાગે આરામમાં પધાર્યા ત્યારે પણ વીજળી આવી નહોતી. સ્વામીશ્રીને જરાપણ ઊંઘ ન આવી. પડખાં ફર્યા કરે, થોડી વારે ઊઠ્યા. લઘુપાણી કરી ફરીથી



ખાનદેશનાં ગામડાંઓમાં સૌ ભક્તોના મનોરથ પૂરા કરવા માટે પ્રમુખસ્વામી મહારાજ એમનાં નાનાં નાનાં ઘરોમાં પધારે ત્યારે આત્મીયતાનું અનોખું વાતાવરણ સર્જાઈ જાય. સ્વામીશ્રી એટલે આ ખાનદેશી ભક્તોના અનોખા આત્મીય સ્વજન...

સૂતા. પણ ઊંઘ તો ન જ આવી. રાત્રે ૨-૦૦ વાગ્યા હતા.

જ્ઞાનપ્રિય સ્વામીએ પૂછ્યું: 'સ્વામી, ઊંઘ નથી આવતી?'

'હા!' સ્વામીશ્રીએ કહ્યું: 'ગરમી થાય છે.'

'બહાર સૂવું છે?'

'ચાલો...' કહીને સ્વામીશ્રીએ સંમતિ આપી એટલે ખાનદેશનાં મકાનોની સળંગ માટીથી નક્કર કરેલી છતની ઉપર અગાશી જેવા સ્થળે ખુલ્લા આકાશ નીચે સ્વામીશ્રી અને જ્ઞાનપ્રિય સ્વામી બંને થઈને આસન પાથર્યું. સ્વામીશ્રી આડે પડખે થયા. પણ પવન તદ્દન પડી ગયેલો. મચ્છરોનો ત્રાસ તો અસહ્ય હતો. તેથી ફરી બેઠા થયા. ત્યાં કમોસમનાં છાંટણાં શરૂ થયાં. સ્વામીશ્રી ફરી ઓરડામાં પધાર્યા. ઊંઘ તો વેરણ થઈ ગઈ હતી. ૩-૩૦ નો સુમાર થયો એટલે જાતે ઊભા થયા. હાથ ધોવાનો લોટો લઈને અગાશીમાં ગયા. આ અગાશીઓ આખી શેરી સુધી સળંગ હોય તેથી ગામના છેડે સુધી જઈ શકાય તેમ હતું. જ્ઞાનપ્રિય સ્વામીએ સ્વામીશ્રીને અગાશીમાં જતા જોયા હતા. તેથી હમણાં પાછા ફરશે એવા વિચારથી પાછળ જવાનું ટાળ્યું હતું. પણ દસ મિનિટ-પંદર મિનિટ થઈ ગઈ. હજુ સ્વામીશ્રી દેખાયા નહીં. તેથી તેઓ બહાર નીકળ્યા. દૂર સુધી ટૉર્ચનો પ્રકાશ ફેંક્યો, પરંતુ સ્વામીશ્રી દેખાયા નહીં. તેમણે તરત ધર્મચરણ સ્વામીને ઉઠાડ્યા. બંને સંતો બે-ત્રણ અગાશીઓમાં શોધવા નીકળી ગયા પણ સ્વામીશ્રી દેખાયા નહીં. વીસેક મિનિટ તપાસ કરી. એક પછી એક બધા સંતોને ઉઠાડવા માંડ્યા. સૌ આખા વરખેડા ગામમાં ફરી વળ્યા. સૌની ચિંતાનો પાર નહોતો. ચિંતા તો એ વાતની હતી કે સ્વામીશ્રીને આંખે મોતિયાનું ઓપરેશન કરાવ્યા પછી ચશ્માં પહેર્યા સિવાય જોવામાં






વર્ષો સુધી ખાનદેશનાં ગામડાંઓમાં વિચરીને નાના નાના ભક્તોની નાની નાની ડેલીઓમાં પ્રવેશીને પ્રમુખસ્વામી મહારાજે સૌને હૃદયનાં અમૃત પાયાં છે. સ્વામીશ્રીનાં પુનિત પગલાંની સાક્ષી પૂરતાં એ નાનાં નાનાં ઘરો અને કૂવાઓ આજેય ગાથા ગાય છે...

અત્યંત મુશ્કેલી પડતી હતી. અને સ્વામીશ્રીએ ચશ્માં પહેર્યાં નહોતા તે ચિંતા વધારે હતી.

ગામની ભાગોળે ભગવાન સ્વામિનારાયણના પરમહંસોએ બાંધેલું મંદિર છે, ત્યાં ઊંચાં પગથિયાં છે. આ મંદિર તરફ આવવું હોય તો ચાલતાં જ જવાય તેવું છે, વાહન આવી શકે તેવી કોઈ શક્યતા જ નથી. સંતો તે તરફ ગયા. ત્યાં લોટો લઈને સ્વામીશ્રીને સામેથી આવતા જોયા. સંતો એકદમ દોડ્યા. વિસ્મય અને ચિંતામાંથી ઘૂંટાઈ ઘૂંટાઈને પ્રશ્નોની ઝડીઓ વરસી પડી. 'ક્યાં ગયા હતા? કોઈને લઈ ગયા હોત તો? ખાડા-ટેકરા હોય, અંધારું હોય, કાંઈ થઈ જાત તો? અહીં તો સાપ અને જનાવર ફરતાં હોય છે..! અમે તમારી સેવામાં જ છીએ. અમને ઉઠાડવા જોઈએને!'

સ્વામીશ્રી, મંદ સ્મિત કરી રહ્યા હતા. પછી કહેઃ ક્યાં જાય? આ લોટો તો લીધો છે! સૌ હસી પડ્યા. સ્વામીશ્રી કહેઃ 'તમને ક્યાં હેરાન કરવા? નકામા જગાડવાનું શું કામ? આ તો મારું જાણીતું ગામ છે, એટલે મારી મેળે જઈ આવ્યો!'

સ્વામીશ્રીએ ખૂબ સરળતાથી અને સહજતાથી કહ્યું. પરંતુ આ શબ્દોમાં કેટલો પ્રેમ નીતરે છે!

પછી તો ઉતારે આવીને નાનકડી ચોકડીમાં નાહવા બેસી ગયા. આ ભીડાની હદ હતી. હજુ તો ઇંગ્લૅન્ડ યાત્રાનો શ્રમ અને જેટલેગ ઊતર્યો નહોતો. અહીંના હવામાનને અનુકૂળ સ્વાસ્થ્ય બને તે પૂર્વે તો ઠંડીના પ્રદેશોમાંથી ૪૫ ડિગ્રી ગરમી ફેંકતા વિસ્તારમાં વિચરણમાં આવી ગયા હતા! ભોજન અને આરામમાં અંતરાય થાય ત્યાં પેટની તકલીફ પણ થાય જ.

સ્નાન બાદ કંઈક કળ વળી, પછી પુનઃ થોડો આરામ લીધો અને પૂજા પછી ધુલિયા જવા નીકળી ગયા!

આવી અગણિત પ્રેરણામયી સ્મૃતિઓ ખાનદેશના સત્સંગ સાથે જડાઈ ગઈ છે.

અહીંના હરિભક્તોના ખેતરમાં કૂવો ક્યાં કરવો, ઘરનું બારણું ક્યાં મૂકવું, ખેતી શાની કરવી, એ બધુંય સ્વામીશ્રીને પૂછીને સૌ કરે. સ્વામીશ્રી એટલે એમનાં સુખ-દુઃખના આત્મીય ભાગીદાર.

મોહાડીમાં રહેતા આત્મારામ વામન નામના એક હરિભક્તને સંતાન નહોતું. ઉંમર વધતી જતી હતી તેથી તેમનું મન વધુ ને વધુ વ્યગ્ર બનતું જતું હતું. છેવટે તેમણે પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખ્યો. સ્વામીશ્રીએ પ્રત્યુત્તરમાં આશીર્વાદ આપતાં લખ્યું કે 'તમને પ્રહ્‌લાદ જેવા બે દીકરા થશે.' એ આશીર્વાદથી આજે આત્મારામ વામનને બે દીકરા છે, પ્રહ્‌લાદ મોટો ડૉક્ટર થયેલો છે અને મુંબઈમાં પ્રેક્ટિસ કરે છે. બીજો પુત્ર ઘનશ્યામ પ્રોફેસર થઈને કૉલેજમાં અધ્યયન કરાવે છે.

સ્વામીશ્રીને આ હરિભક્તોનાં સંતાનોની પણ ખેવના હતી કે એ સારું ભણે, આર્થિક રીતે સુખી થાય, એમને સત્સંગ થાય. એટલા માટે જ ધુલિયામાં તેમણે ખૂબ સુંદર સુવિધાસજ્જ છાત્રાલય રચ્યું છે.

એકવાર સ્વામીશ્રી ઇંદોરથી ખાનદેશમાં વિચરણ માટે પધારી રહ્યા હતા. અમલનેરનો માર્ગ લેવાનો હતો. પરંતુ ડ્રાઈવર ભૂલો પડ્યો ને અમલનેરનો રસ્તો નીકળી ગયો અને આગળ પારોડા પહોંચી ગયા. અને પારોડાથી પછી ફરતાં ફરતાં રાતના સવા એક વાગ્યે અમલનેર પહોંચ્યા. પરંતુ રાત્રે સવા એક વાગ્યે પણ સ્વામીશ્રી સવારે હોય એવા તાજગીભર્યા હતા! રાતનો સવા વાગ્યો હોય કે ગરમીના બપોરનો દોઢ વાગ્યો હોય, ખેતરમાં હોય કે ગલીમાં હોય, નાનકડાં ઘરમાં હોય કે ચોકમાં હોય, સ્વામીશ્રીએ ક્યારેય પોતાનાં કષ્ટો, અગવડો કે અવ્યવસ્થાઓ સામું જોયું જ નથી.

આજેય સ્વામીશ્રીની ખાનદેશના વિચરણની કેટલીક તસવીરો એમના એ સ્નેહની સાક્ષી પૂરે છે.

સોનગીરમાં ખુલ્લામાં નાનકડા મંડપ તળે સભા કરીને બેઠેલા સ્વામીશ્રીની પ્રસન્નતા કેવી અનન્ય જણાય છે!

જાપીમાં છએક ઓરડાઓની નાની એવી શાળામાં નાનકડી ઓસરીમાં સભા કરીને બેઠેલા સ્વામીશ્રીનું દૃશ્ય ભુલાય તેવું નથી. જાણે કોઈ શેઠ પેઢીમાં બેઠા હોય તેમ પગ ઉપર પગ ચડાવી આરામથી બેઠા હોય તેમ વાત્સલ્યમૂર્તિ સ્વામીશ્રી બેઠા છે!

નાનાં નાનાં એ ગામોની નાની નાની શાળાઓને અને શાળાનાં બાળકોને, અહીંનાં ખેડૂતોને અને તેમનાં ખેતરોને, અહીંના કૂવાઓને, અહીંનાં મકાનોને અને અહીંની અગાસીઓને, અહીંના પશુઓને પણ આશીર્વાદમાં સ્વામીશ્રીએ બાકાત રાખ્યા નથી.

ખાનદેશની લોકસંસ્કૃતિનો પણ એમને પાકો પરિચય. લંડનમાં સ્વામીશ્રીની નિશ્રામાં કલ્ચરલ ફૅસ્ટિવલ ઑફ ઇન્ડિયાની શાનદાર ઉજવણી થઈ ત્યારે પ્રદર્શનના એક ભાગરૂપે દાદાખાચરની જાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ એક બળદગાડામાં બેઠા છે એવું દૃશ્ય હતું. એ દૃશ્ય જોતાં જ સ્વામીશ્રી કહે: 'આ બળદ ખાનદેશના કહેવાય, કાઠિયાવાડના નહીં. દાદાખાચર તો કાઠિયાવાડમાં રહ્યા હતા. ત્યાંના બળદનાં શિંગડાં તો આમ 'સી' આકારનાં વાંકાં હોય. આ જે સીધાં શિંગડાં કર્યાં છે, આ તો ખાનદેશના બળદ!' લંડનમાં ખાનદેશના બળદના સ્ટેચ્યૂને પણ સ્વામીશ્રી ઓળખી જાય!

આ ખાનદેશી હરિભક્તોની પાંચ પાંચ પેઢી સુધી બધાનાં નામ પ્રમુખસ્વામી મહારાજને જીભના ટેરવે રમે. કારણ કે ખાનદેશનાં એ નાનાં નાનાં ગરીબ ગામડાંઓમાં ઘરોઘર ઘૂમીને એ ગરીબ હરિભક્તો સાથે એમણે આત્મીય સંબંધ સાધ્યો હતો.

એક વખત પ્રમુખસ્વામી મહારાજ નવસારીમાં બિરાજતા હતા. તે સમયે ખાનદેશનો એક કિશોર તેઓનાં દર્શને ગયો હતો. સ્વામીશ્રીને વ્યક્તિગત મળીને આશીર્વાદ લેતાં તેણે કહ્યું કે 'હું ખાનદેશથી આવું છું. આપે મને ઓળખ્યો?'

સ્વામીશ્રીએ નિખાલસભાવે કહ્યું: 'ના, તને તો ઓળખું નહીં. તું ક્યાંથી આવે છે?'

તેણે કહ્યું: 'વરખેડાથી આવું છું.'

સ્વામીશ્રીએ પૂછ્યું: 'તારા પિતાનું નામ?'

તેણે કહ્યું: 'નરેન્દ્ર.'

તે જ ક્ષણે સ્વામીશ્રી એ કિશોરની પાંચ પેઢીનાં નામ લઈને બોલવા લાગ્યા:, 'નરેન્દ્ર વસંત, વસંત રૂપચંદ, રૂપચંદ શ્યામલાલ, શ્યામલાલ દગા.'

પોતાની પાંચ પાંચ પૂર્વજ પેઢીઓ સાથેની સ્વામીશ્રીની આ આત્મીયતા જોઈને પેલો કિશોર નતમસ્તક બની ગયો.

આવા અસંખ્ય પ્રસંગો સ્વામીશ્રીના સાંનિધ્યમાં અવાર-નવાર બનતા રહેતા.

સન ૨૦૧૦માં સ્વામીશ્રી મુંબઈ બિરાજતા હતા. ત્યારે એક ખાનદેશી હરિભક્ત તેઓનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી સમક્ષ તેમનો પરિચય આપતાં આનંદજીવનદાસ સ્વામીએ કહ્યું: 'બાપા, આ વરખેડાના સોનાલાલ છે.'

પરંતુ આનંદજીવન સ્વામીના આશ્ચર્ય વચ્ચે મંદ સ્મિત સાથે તેમના પર કૃપાદૃષ્ટિ કરતાં આત્મીયતાની ઝડી વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ 'આવો આવો સોનાલાલ.' એમ કહીને કહેઃ 'વરખેડામાં ડાબા હાથ તરફનું પહેલું મકાન આ સોનાલાલનું!'

ખાનદેશના એક એક હરિભક્તનાં ઘર સ્વામીશ્રીના હૈયે વસ્યાં હતાં. આ બુદ્ધિનો કે સ્મરણશક્તિનો પ્રતાપ નથી, આ હૃદયની સાચી લાગણી અને નિઃસ્વાર્થ સ્નેહનો પ્રતાપ છે.

સંસ્થાના મોટા મોટા કાર્યક્રમો અને સમૈયા-મહોત્સવમાં ગમે તેટલા મોટા સમુદાય વચ્ચે પણ ખાનદેશી હરિભક્તોને જુએ અને પ્રમુખસ્વામી મહારાજ તેમને નજીક બોલાવ્યા વિના ન રહે. મુંબઈના ક્રોસ મેદાનમાં સંસ્થાના ભવ્ય મહોત્સવમાં વિશાળ મંચ પર બેઠેલા પ્રમુખસ્વામી મહારાજની નજર દૂર બેઠેલા ટોપીવાળા, ધોતિયાંવાળા ખાનદેશના ભક્તો પર પડી. સ્વામીશ્રીએ તેમને તરત જ મંચ ઉપર બોલાવ્યા. પરંતુ એ હરિભક્તો મંચની ધાર પર આવ્યા. પ્રમુખસ્વામી મહારાજ મંચ પરના પોતાના સિંહાસન પરથી ઉપરથી ઊતરીને સ્ટેજ પર નીચે બેસી ગયા અને ખૂબ આત્મીયતાથી તેમને મળ્યા. તે વખતે મંચ પર ઉપસ્થિત પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી હરીન્દ્રભાઈ દવેએ આ દૃશ્ય જોયું અને સ્તબ્ધ બની ગયા. પ્રમુખસ્વામી મહારાજના એ ગરીબ ભક્તો પરના પ્રેમનું જીવમાં ચોંટી ગયેલું આ દૃશ્ય તેઓ ઘણી વખત વર્ણવીને કહેતા કે પ્રમુખસ્વામીને ગામડાંના એ ભક્તો પર કેટલો અનહદ પ્રેમ હતો તેનો હું સાક્ષી છું.

એકવાર હજારો ભક્તોની મેદની વચ્ચે જન્મજયંતી મહોત્સવના મંચ પર સ્વામીશ્રી ચઢી રહ્યા હતા અને એમની નજર દૂર જઈ રહેલા એક હરિભક્ત પર પડી. ધોતિયું, ઉપર કાળી બંડી ને માથે ટોપી પહેરી છે, સ્થૂળ શરીર છે. એમની ચાલ અને પહેરવેશ પરથી સ્વામીશ્રી ઓળખી ગયા અને હેતની હાક મારીને તેમને બોલાવ્યાઃ 'એ છબા માસ્તર, એ છબા માસ્તર....' એમ બે-ત્રણ વાર બોલાવ્યા.

પણ છબા માસ્તરને કાને સંભળાય ઓછું. એ તો દડબડ દડબડ ચાલે વધુ ને વધુ દૂર જઈ રહ્યા હતા. સ્વામીશ્રીની હાક સાંભળીને એક સ્વયંસેવક દોડ્યા ને તેમને કહે કે 'તમને સ્વામીબાપા બોલાવે છે.' છબા માસ્તરે પાછું વળીને જોયું, સ્વામીશ્રીની નજર એમના પર વરસતી હતી. ટોપી માથા પરથી હાથમાં લઈ લીધી અને નમતાં નમતાં તેઓ સ્વામીશ્રી પાસે આવી ગયા. 'બાપા! તમે આટલા હજારો માણસોમાં મને બોલાવ્યો!' બોલતાં બોલતાં છબા માસ્તર હર્ષભીના બની ગયા.

આવો હતો ખાનદેશી હરિભક્તો પરનો પ્રેમ.

એકવાર કુસુંબે ગામના શિવાજીભાઈ ને રમેશ ભંડારી પોતાના પાડોશીઓ સાથે અક્ષરધામનાં દર્શને દિલ્હી ગયા હતા. યોગાનુયોગ પ્રમુખસ્વામી મહારાજ ત્યારે દિલ્હી હતા. આ ખાનદેશી હરિભક્તોએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. સંતોએ કહ્યુંઃ 'આ કુસુંબામંડળ આવ્યું છે.' સ્વામીશ્રીએ તેમને સ્નેહપૂર્વક ખબરઅંતર પૂછ્યાં, આશીર્વાદ આપ્યા. પછી એ હરિભક્તો પગે લાગીને આગળ વધતા હતા ત્યારે સ્વામીશ્રીએ એમને પાછા બોલાવ્યા, 'અહીં આવો.' તેઓ નજીક આવ્યા એટલે સ્વામીશ્રીએ કહ્યુંઃ 'કુસુંબેમાં ઇન્દુભાઈને મારા જય સ્વામિનારાયણ કહેજો.'

ઇન્દુભાઈએ આ વાત જ્યારે સાંભળી ત્યારે સ્વામીશ્રીના આ સ્નેહ બદલ તેઓ લાગણીવશ બની ગયા.

સાંકરીમાં સન ૨૦૦૧માં પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવનો અવસર હતો. દેશ-વિદેશમાંથી હજારો માણસો ઊમટેલા. આ પ્રસંગે ખાનદેશનાં પાંચ હરિમંદિરોની પ્રતિષ્ઠા પણ હતી. પરંતુ એ દિવસોમાં સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય ખૂબ નાદુરસ્ત હતું. તેમને તાવ હતો. આમ છતાં ખાનદેશના પાંચે મંદિરોની મૂર્તિની પૂજા કરી, પ્રતિષ્ઠા કરી, ઊભાં ઊભાં ૧૦ મિનિટ સુધી હાથમાં માઈક પકડીને આશીર્વાદ આપ્યા. ખાનદેશના એક એક ગામને, ગામના હરિભક્તોને, તેમના સમર્પણને, તેમની ભક્તિને યાદ કરીને ખૂબ બિરદાવ્યા.

ખાનદેશનાં મંદિરોની પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ કરીને સ્વામીશ્રી ઉતારા તરફ જવા નીકળ્યા અને ત્યાં રમેશ ભંડારી નામના હરિભક્તને જોયા. તેમને જોતાં જ સ્વામીશ્રી કહેઃ 'અલ્યા, તું કેમ મોડો પડ્યો? તને પ્રતિષ્ઠામાં જોયો નહીં, તું અત્યારે આવ્યો?'

રમેશ ભંડારીએ કહ્યુંઃ 'હા બાપા, મોડું થઈ ગયું.'

આટલા મોટા સમુદાયમાં કોણ આવ્યા છે, કોણ નથી, કોણ મોડું આવ્યું છે, એ બધું સ્વામીશ્રીના ખ્યાલમાં જ હોય. એમની અપાર આત્મીયતાનું જ એ પરિણામ હતું.

ખાનદેશના એક હરિભક્ત નગીનભાઈ સરપંચે ગુજરાતમાં સ્વામીશ્રીને કહ્યું હતું કે 'હું જિલ્લા પરિષદની ચૂંટણીમાં ઊભો છું. આપ આશીર્વાદ આપો.' છ મહિના પછી તેઓ વડોદરા ખાતે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા, ત્યારે તેમને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યુંઃ 'નગીનભાઈ, તમે ચૂંટાઈ આવ્યા કે નહીં?' છ મહિના પહેલાંની વાત સ્વામીશ્રીને એવી ને એવી તાજી યાદ હતી!

મોહાડી ગામના ધનરાજબાપા ૮૫ વર્ષની ઉંમરે ભરૂચમાં

પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી ભરૂચના એક સમૃદ્ધ ભાવિકના ઘરે ઊતર્યા હતા. ધનરાજ-બાપાને લઈને સંતો સ્વામીશ્રીનાં દર્શને પહોંચ્યા ત્યારે સ્વામીશ્રી ભોજન બાદ સૌને મળી રહ્યા હતા. એ આલીશાન બંગલાના સમૃદ્ધ માલિક અને તેમના શ્રીમંત મહેમાનો પણ બેઠા હતા. એમાં વયોવૃદ્ધ ધનરાજબાપાનો પ્રવેશ થયો. તેમનું જરી ગયેલું ધોતિયું, સાધારણ કપડાં, માથે ટોપી, એકવડો બાંધો, ગ્રામીણ દેખાવ.

પણ તેમને જોતાં જ સ્વામીશ્રીનો સ્નેહ વરસી પડ્યો, 'આવો ધનરાજભાઈ!'

પછી આસપાસ ઊભેલા શ્રીમંતોને એમનો પરિચય આપતાં કહેઃ 'આ અમારા જૂના મિત્ર છે. શાસ્ત્રીજી મહારાજની બહુ સેવા કરી છે. સારા ભગત છે. મહિમા બહુ છે. મોહાડીમાં રહે છે ને ખાનદેશી છે. બહુ પ્રેમી છે!'

એમ કહીને તેમની ખૂબ સારસંભાળ લીધી. સ્વામીશ્રી જ્યારે ખાનદેશી ભક્તોને જુએ ત્યારે વ્યવસ્થાપકોને ખાસ સૂચના આપી દે કે ખાનદેશી આવ્યા છે, તો એમને મારી પાસે આવવા દેજો અને એમની બધી જ વ્યવસ્થા સાચવી લેજો.'

ખાનદેશના હરિભક્તો ગુજરાતમાં આવે અને પ્રમુખસ્વામી મહારાજને મળે એટલે સ્વામીશ્રી તેમની ખૂબ સેવા-સરભરા કરાવે. ઉતારાની સગવડ શું છે, એ જમ્યા કે નહીં? એ બધું પૂછી લે. તેમને કયા કયા મંદિરમાં કેવી રીતે દર્શને જવું તેનું માર્ગદર્શન આપે. જે તે મંદિરોના સ્થાનિક કોઠારી ઉપર જાતે પત્ર લખી આપે.

એકવાર સ્વામીશ્રી સાંકરીમાં બિરાજતા હતા. તે વખતે વરખેડાના અંધ હરિભક્ત મણિલાલ માસ્તર તેઓના આશીર્વાદ મેળવવા ગયા હતા. સ્વામીશ્રીએ તેમને સોમાભાઈના બંગલે ઉતારો અપાવ્યો હતો, પરંતુ ત્યાં કોઈની મદદ વિના ચાલવા ગયા અને મણિલાલ પડી ગયા. સામાન્ય ફ્રેક્ચર પણ થયું. સ્વામીશ્રીએ તેઓની ખૂબ સાર-સંભાળ લીધી. સ્વામીશ્રી એ દરમ્યાન દસ દિવસ સુધી સાંકરીમાં રહ્યા, પરંતુ કોઈ દિવસ સ્વામીશ્રીએ તેઓની સંભાળ ન લીધી હોય એવું નથી બન્યું. રોજ સવાર-બપોર-સાંજ સ્વામીશ્રી તેમના ભોજનની ચિંતા કરે, તેમની સેવાની ચિંતા કરે. કોઠારી પ્રભુસ્વામીને સારવાર માટેના જરૂરી તમામ ખર્ચ કરવાની વારંવાર ભલામણ કરે. મણિલાલ માસ્તર સ્વામીશ્રીના આ અનહદ નિઃસ્વાર્થ પ્રેમથી ગદ્‌ગદ બની ગયા હતા.

સન ૧૯૭૯માં આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે વલ્લભ વિદ્યાનગરમાં પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં બાળ અધિવેશન યોજાયું હતું. એ સમયે તેઓએ ખાનદેશના ગામડાંઓમાં ચાલતાં બાળમંડળો પણ આ અધિવેશનમાં ભાગ લે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. તેઓએ મોહાડી ગામે સેવા આપતા ધનરાજભાઈ ઉપર પત્ર લખીને પત્રમાં અધિવેશનની વિગત આપતાં કહ્યું હતું કે તમે બાળકોને લઈને આવજો. નાના એવા મોહાડી ગામના એ બાળકોની નાની નાની વ્યવસ્થાની વિગતો પણ સ્વામીશ્રીએ પત્રમાં જણાવી હતી. દરેક બાળક પાસે બેટરી અને લોટો હોય તેવી પણ સ્વામીશ્રીએ સૂચના આપી હતી! સ્વામીશ્રીએ તેમની કેવી સૂક્ષ્મ સંભાળ લીધી છે!

પ્રમુખસ્વામી મહારાજ વારંવાર ઉચ્ચારતા હતાઃ 'આખા ખાનદેશને સત્સંગના રંગે રંગવો છે.' એ માત્ર એમના ઉચ્ચારો નહોતા, પરંતુ એ શબ્દોને સાકાર કરવા એમણે પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. એના પ્રતાપે જ આજે ખાનદેશના હૃદયકુંજ સમા ધુલિયા નગરમાં ભવ્ય અને કલામંડિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર શોભી રહ્યું છે.

## મંદિરના સંકલ્પ અને નિર્માણની ગાથા

આજે ધુલિયામાં ભવ્ય શિખરબદ્ધ મંદિર સાકાર થઈને ગગનમાં અક્ષરપુરુષોત્તમની ઉપાસનાની ધજા ફરકાવી રહ્યું છે, તેના પ્રેરણામૂર્તિ છે – બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

સન ૧૯૭૬માં તેઓ ધુલિયા પધાર્યા હતા ત્યારે તેમણે સંકલ્પ કર્યો હતો કે અહીં શિખરબદ્ધ મંદિર રચવું છે. જો કે ત્યારે અહીંનો સત્સંગ સમુદાય એટલો નાનો અને પરિસ્થિતિ એટલી પાતળી હતી કે એક સામાન્ય હરિમંદિરની સંભાવના કોઈને દેખાતી નહોતી. પરંતુ આર્ષદ્રષ્ટા પ્રમુખસ્વામી મહારાજ આગામી અનેક દાયકાઓનું ભવિષ્ય નજર સમક્ષ નિહાળી રહ્યા હતા. તેઓના વારંવારના વિચરણ અને પ્રયાસોથી ધુલિયામાં છાત્રાલય અને હરિમંદિર માટે બી.એ.પી.એસ. સંસ્થાએ જમીન સંપાદિત કરી હતી. સ્વામીશ્રીના જ પુરુષાર્થથી ત્યાં સુવિધાસજ્જ છાત્રાલય અને હરિમંદિર પણ રચાયું હતું. સન ૧૯૯૮માં ડૉક્ટરોની ના હોવા છતાં હૃદયરોગની અસહ્ય તકલીફ વચ્ચે પણ ધુલિયા પધારીને તેઓએ એ હરિમંદિરની પ્રતિષ્ઠા તથા છાત્રાલયના ઉદ્‌ઘાટનનો વિધિ ખૂબ ઉત્સાહ- પૂર્વક કર્યો હતો.

આ ઉપરાંત સન ૧૯૯૫માં અમલનેરમાં સુંદર શિખરયુક્ત મંદિર પણ તેઓએ રચ્યું હતું. તેઓના આશીર્વાદથી નાનાં નાનાં ગામોમાં પણ હરિમંદિરોની રચના થઈ ચૂકી હતી. સામાન્ય રીતે ખાનદેશના સત્સંગ માટે આટલું ઘણું પર્યાપ્ત હતું. પરંતુ સ્વામીશ્રીના હૈયે કંઈક હજુ



પ્રમુખસ્વામી મહારાજના અથાગ પરિશ્રમના ફ્લસ્વરૂપે ખાનદેશમાં ધુલિયા અને અમલનેર સહિત
નાનાં મોટાં વિવિધ ગામોમાં ભક્તિની ગંગા વહાવતાં મંદિરો રચાઈ ગયાં, જેને તેઓએ સ્વયં પધારીને પાવન કર્યાં...

દીર્ઘ આયોજનો રમી રહ્યાં હતાં. જુદા જુદા સમયે તેનો નિર્દેશ પણ મળતો રહ્યો. એ દીર્ઘ આયોજન એટલે ભવ્ય શિખરબદ્ધ મંદિર.

૧૯૮૦ના અરસામાં ગુજરાતમાં ઍન્જિનિયરિંગના અભ્યાસની વ્યવસ્થા હાલની સરખામણીએ ખૂબ નહીંવત્ હતી. પરંતુ મહારાષ્ટ્રના ધુલિયામાં ઍન્જિનિયરિંગ વગેરે કૉલેજોનો વિકાસ થવાથી ગુજરાતમાંથી ઘણા બધા વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ માટે જતા હતા. પ્રમુખસ્વામી મહારાજે ધુલિયા ખાતેના વિચરણ દરમ્યાન એ જોયું હતું કે અહીં ગુજરાતથી આવેલા વિદ્યાર્થીઓને રહેવા-જમવાની ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. વળી, મહારાષ્ટ્રના ખાનદેશના વિદ્યાર્થીઓ પણ ધુલિયા ભણવા આવતા હતા.

એમને પણ ઘણી તકલીફો વેઠવી પડતી હતી. સ્વામીશ્રીએ પોતાની રીતે ભલામણો દ્વારા પરિચિત વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થાઓ પણ કરાવી આપી. પરંતુ તેઓને લાગ્યું કે વિદ્યાર્થીઓ માટે આવાસ-નિવાસની એક સારી વ્યવસ્થા સાથે તેમને ઉત્તમ સંસ્કાર મળે તેવા છાત્રાલયની જરૂર છે. આથી, તેમણે અહીં છાત્રાલય કરવાનો નિર્ધાર કર્યો હતો.

તેઓની પ્રેરણાથી ધુલિયામાં નિવાસ કરતા ભક્તરાજ શ્રી શિવદાસ ચૌધરી અને શ્રી મહીપતભાઈ દવેએ ભૂમિદાન કરીને સન ૧૯૮૨માં છાત્રાલય માટે બે પ્લોટ આપ્યા હતા. બીજા બે પ્લોટ પણ ખરીદવામાં આવ્યા. સ્વામીશ્રીના હસ્તે સન ૧૯૮૨માં ધાનમંડીમાં અહીં છાત્રાલયનો ખાતવિધિ પણ થયો. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'આ જમીન તો આપણને નાની પડશે.'

આથી, નવી જમીન માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી. સન ૧૯૯૦માં મહેતા વકીલની ૧૦ એકરની જમીન ખરીદવામાં આવી. પાછળથી બીજી એક એકર જમીન ખરીદવામાં આવી. અગાઉ ખરીદેલી ૧૦ એકર ભૂમિ પર પ્રમુખસ્વામી મહારાજે તા. ૮-૧-૧૯૯૬ના રોજ સોમવારે છાત્રાલયની ખાતવિધિ કરી. બે વર્ષમાં છાત્રાલય સાથે પ્રાર્થનાખંડ અને હરિમંદિરનું નિર્માણ થયું. તા. ૧૯-૬-૧૯૯૮ શુક્રવારના રોજ મંદિરની પ્રતિષ્ઠા થઈ અને છાત્રાલયનું ઉદ્‌ઘાટન થયું. પ્રમુખસ્વામી મહારાજને હૃદયરોગની ગંભીર તકલીફ હતી અને ડૉક્ટરોની મનાઈ હતી તેમ છતાં તેઓ હૃદયની બાયપાસ સર્જરીના થોડા જ દિવસો પૂર્વે મોટર માર્ગે ધુલિયા પધાર્યા અને છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરીને હરિમંદિરની પ્રતિષ્ઠા કરી હતી.

છાત્રાલય અને મંદિરના નિર્માણની સૂક્ષ્મ વિગતોમાં ખૂબ ઊંડો રસ લઈને સ્વામીશ્રીએ તેના વિકાસ માટે સતત રસ લીધો હતો. વિદ્યાર્થીઓના સંસ્કારથી લઈને છાત્રાલયની ભૂમિ અને પ્રવૃત્તિઓના વિસ્તાર માટે સ્વામીશ્રી સતત માર્ગદર્શન આપતા રહ્યા હતા.

સન ૨૦૦૩માં તેઓ ધુલિયા પધાર્યા ત્યારે એક દિવસ તા. ૧૮-૨-૨૦૦૩ની સભામાં જવાના સમયે સાંજે ૬-૩૦ વાગે તેઓએ ધુલિયા ખાતે રહીને ખાનદેશના સત્સંગનું સુકાન સંભાળી રહેલા આનંદજીવનદાસ સ્વામીને કહ્યું: 'આપણે બહાર જવું છે.' એમ કહીને તેઓ ચાલતાં ચાલતાં ઉતારાની બહાર પધાર્યા. એ વખતે એમની ૮૩ વર્ષની ઉંમર. મંદિરના પરિસરમાં ઊછરેલાં વૃક્ષો જોઈને પ્રસન્ન થતાં તેઓ કહે: 'ઝાડવાં બહુ સારાં થયાં છે, નારિયેળી બહુ સારી થઈ છે.' એમ કહીને કહ્યું: 'ઉપરનો માળ છાત્રાલયમાં કરી નાંખજો.' એટલું જ નહીં તે માટેની નાણાકીય જરૂરિયાત માટેની પણ બાંહેધરી પણ આપી. ધુલિયાની આ લંબચોરસ જમીનમાં એક ખાંચો હતો, ત્યાં જઈને સ્વામીશ્રીએ કહ્યું: 'આ ખાંચો ન જોઈએ, આ જમીન લઈ લેવાની.'

આનંદજીવનદાસ સ્વામીએ કહ્યું: 'પરંતુ આટલી બધી જગ્યા તો છે ને! એમને આપણે માંડ સાચવીએ છીએ.'

સ્વામીશ્રી કહે: 'કામમાં આવશે, ખરીદી લેજો.' એમ કહીને આદેશ આપી દીધો. જો કે ત્યારે એ સમજાતું નહોતું કે આ તો બધી એમના હૃદયમાં નિર્માણ પામી રહેલા શિખરબદ્ધ મંદિરની પૂર્વતૈયારીઓ હતી.

મહિનાઓ પછી એ ખાંચાની એક એકર જેટલી જમીન સંપાદિત થયા પછી સ્વામીશ્રી પાસે જઈને આનંદજીવનદાસ સ્વામીએ તેના નકશા સ્વામીશ્રીને બતાવ્યા અને કહ્યું કે 'આપની ઇચ્છા મુજબ આ ખાંચો નીકળી ગયો છે, દીવાલ ચણાઈ ગઈ છે, હવે છાત્રાલયનું સંકુલ સરસ લંબચોરસ થઈ ગયું છે.' તરત સ્વામીશ્રીએ કહ્યું: 'પણ ત્યાં ઝાડવાં કરી ન નાંખતા.' પછી કહે: 'કરવા હોય તો દીવાલને અડીને કરાવજો.' સ્વામીશ્રીના મનમાં ત્યાં શિખરબદ્ધ મંદિર કરવાની સ્પષ્ટ યોજના હતી એટલે જ જો ત્યાં વૃક્ષ ઊછેરીએ તો તે વૃક્ષ પાછળથી કાપવા પડે. સ્વામીશ્રીએ એ રીતે વૃક્ષો રોપાવ્યાં, પણ માવજત કરાવી કે શિખરબદ્ધ મંદિરની જગ્યા અકબંધ રહે.

ત્યારપછી પણ નકશા ઉપર દૃષ્ટિ કરીને સ્વામીશ્રીએ આજુબાજુના કેટલાક પ્લોટ લેવાની આજ્ઞા આપીને કહ્યું હતું કે 'રસોડાના કામમાં આવે એટલે આ પ્લોટો લઈ લેવાના.' તેઓના માર્ગદર્શન મુજબ બીજી એક એકર ભૂમિ પણ સંપાદિત કરવામાં આવી.

જો કે સ્વામીશ્રીએ સ્વતઃ સંકલ્પ કર્યો હતો કે અહીં શિખરબદ્ધ મંદિર થાય, છતાં તેઓ કોઈક યોગ્ય ક્ષણની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

આ દરમ્યાન તા. ૨૪-૧-૨૦૦૭ના રોજ મુંબઈમાં બિરાજતા સ્વામીશ્રીએ ધુલિયા ખાતે હરિકૃષ્ણ મહારાજની ચલમૂર્તિ રાખવાની આજ્ઞા આપતાં આનંદજીવનદાસ સ્વામીને નિર્દેશ આપ્યો હતો કે શિખરબદ્ધ મંદિર ભવિષ્યમાં કરવું.

ધીમે ધીમે છાત્રાલયની પ્રવૃત્તિના વિકાસની સાથે સાથે ખાનદેશના સ્થાનિક સત્સંગની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ વિવિધ ભક્તિમય આયોજનો ઉમેરાતાં રહ્યાં. સન ૨૦૦૭માં ૩ જુલાઈના રોજ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી હરિમંદિરમાં મહંત સ્વામી મહારાજના હસ્તે વાઘાવાળા

અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી.

તા. ૩-૧-૨૦૧૧ના રોજ મુંબઈ ખાતે બિરાજતા પ્રમુખસ્વામી મહારાજને આનંદજીવનદાસ સ્વામીએ શિખરબદ્ધ મંદિરની યાદ અપાવી ત્યારે પત્રલેખન કરી રહેલા પ્રમુખસ્વામી મહારાજે પત્રમાં સહી કરતાં કરતાં સહજતાથી કહ્યું હતું: 'હવે તો બધે થાય છે, તો ધુલિયામાં પણ જરૂર કરવું જોઈએ.'

સ્વામીશ્રીની આજ્ઞાથી તા. ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ મહંત સ્વામી મહારાજ ત્રણ દિવસ ધુલિયા આવ્યા ને શિખરબદ્ધ મંદિર માટેનો ખરડો કર્યો.

તા. ૧૭-૩-૨૦૧૧ રોજ સારંગપુર ખાતે સ્વામીશ્રીએ ધુલિયાના શિખરબદ્ધ મંદિર અંગે કહ્યું હતું: 'ધીરજ રાખજો, સારું થશે, ઉતાવળ ન કરશો, સારું થશે. ઘણું સારું થશે.' એમ સામેથી અમૃતવચનો ઉચ્ચારી આનંદજીવનદાસ સ્વામીને શિખરબદ્ધ મંદિરના આશીર્વાદ આપ્યા હતા.

સન ૨૦૧૧માં જુલાઈમાં પ્રમુખસ્વામી મહારાજને ભરૂચમાં હૃદયરોગનો હળવો હુમલો આવ્યા બાદ તેઓ મુંબઈ ખાતે સારવાર અને આરામ લઈ રહ્યા હતા. એ દરમ્યાન પણ તેઓ ધુલિયાના મંદિરનું માર્ગદર્શન આપી રહ્યા હતા.

તા. ૩-૧૧-૨૦૧૧ના રોજ મુંબઈમાં પોતાના ઉતારામાં સૂતાં સૂતાં સ્વામીશ્રીએ આનંદજીવનદાસ સ્વામીને કહ્યું હતું: 'શિખરબદ્ધ મંદિર કરવું છે એટલે તેની ઈંટ પૂજન માટે મંગાવી લેજો. ધુલિયા શહેર છે, રેલવે છે, સારું છે, હવે મારા શરીરે સારું નથી રહેતું. અશક્તિ રહે છે. એટલે ફૂલ છાંટી જઈશ. તમારે ઈંટ લઈને અહીં અવાશે ને?' એમ સૂતાં સૂતાં ધુલિયા મંદિરના શિલાન્યાસનો પણ સંકલ્પ કર્યો.

બીજા દિવસે સવારે તા. ૪-૧૧-૨૦૧૧ના રોજ મુંબઈમાં નીલકંઠવર્ણી મહારાજનો અભિષેક કરાવીને સ્વામીશ્રીએ ધુલિયામાં શિખરબદ્ધ મંદિર સારું અને જલદી થાય તેવો સંકલ્પ કરીને પ્રાર્થના કરી.

તા. ૯-૧૧-૨૦૧૧ મુંબઈથી સાંજે સ્વામીશ્રીએ આનંદજીવનદાસ સ્વામીને ફોન કરીને જણાવ્યું કે 'હમણાં ઘણાં મંદિરોનાં કામ ચાલે છે, તેથી પથ્થર મળવા હાલ મુશ્કેલ છે.' એમ કહીને સ્વામીશ્રીએ શિખરબદ્ધ મંદિર માટેના શિલાન્યાસ વિધિને થોડો પાછળ ઠેલ્યો.

મંદિરના નિર્માણ માટે પથ્થર મળવાની ઘણી તકલીફ હતી. આમ છતાં સ્વામીશ્રીએ અહીં પથ્થરનું કલાત્મક મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો.

દોઢેક વર્ષ પછી પુનઃ એમના સંકલ્પ મુજબ અમદાવાદ ખાતે શિલાપૂજન વિધિ એમના હસ્તે જ યોજાઈ ગયો. તા. ૪-૩-૨૦૧૩ના રોજ અમદાવાદમાં ખાનદેશથી પધારેલા ૧૦૦૦ હરિભક્તો-વિદ્યાર્થીઓ તેમજ અમદાવાદના સ્થાનિક હજારો હરિભક્તોની હાજરીમાં ધુલિયાના શિખરબદ્ધ મંદિરનું શિલાપૂજન થયું. સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં મહંત સ્વામી મહારાજે મહાપૂજા કરી હતી.

તા. ૪-૩-૨૦૧૩ થી ૨૫-૧૧-૨૦૧૩ સુધીમાં ૩૪૨ જગ્યાએ વિવિધ ગામોમાં, વિવિધ ઘરોમાં શિલાસભા થઈ. જેમાં મંદિરનું મહત્ત્વ વગેરે સમજાવવામાં આવતું હતું. પછી જનમંગલ નામાવલીથી શિલાપૂજન-કળશ પૂજન થતું હતું, આરતી ઉતારાતી હતી.

તા. ૧૮-૧૦-૨૦૧૩ના રોજ ભૂમિપૂજન કરાયું, તા. ૨૦-૧૦-૨૦૧૩ના રોજ ભૂમિખનન વિધિ કરાયો અને તા. ૨૫-૧૧-૨૦૧૩ના રોજ શિલાન્યાસ ઉત્સવ યોજાઈ ગયો. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી મહંત સ્વામી મહારાજ, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ૬૫ સંતો અને ૬૫૦૦ હરિભક્તોની હાજરીમાં આ શિલાન્યાસ વિધિ યોજાયો. એ ૧૭૧૫ ભક્તોએ શિલાન્યાસ મહાપૂજાના યજમાન તરીકે લહાવો લીધો હતો.

મંદિર-નિર્માણ શરૂ થયું તેમાં સંતો ઉપરાંત નાના-મોટા અનેક સ્વયંસેવકો અને ભાવિકોનો સાથ મળતો રહ્યો. જેમ કે પંજાબી શીખ ભાવિક સેવાસિંઘે ૬ વર્ષ સુધી ક્રેન સેવામાં આપી.

બી.એ.પી.એસ. સંસ્થાના પ્લાનિંગ સેલ વિભાગની દેખરેખ હેઠળ મંદિર-નિર્માણ શરૂ થયું અને ક્રમબદ્ધ એક પછી એક સોપાનો રચાતાં ગયાં.

તા. ૬-૭-૨૦૧૪ના રોજ તામ્રની નલિકાનું રોપણ કર્યું.

તા. ૨૪-૭-૨૦૧૪ના રોજ સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં સ્તંભપૂજન કરાયું. સ્વામીશ્રીએ સ્તંભ જોયા, અંદર આંગળી નાખી, ઊંડી નકશી જોઈ, સ્તંભની પૂજા કરી ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી.

તા. ૮-૯-૨૦૧૪ના રોજ રાજસ્થાનથી સંસ્થાની ઘડતર શાળામાં ઘડાયેલા પથ્થરોની પહેલી ટ્રક ધુલિયા આવી, તેનું પૂજન થયું.

તા. ૨૬-૯-૨૦૧૪ના રોજ ૪૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં પ્રથમ સ્તંભ સ્થાપન કરવામાં આવ્યું.

તા. ૬-૮-૨૦૧૫ના રોજ સારંગપુરમાં ૩૫૦થી વધુ હરિભક્તોની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજે ધુલિયાના શિખરબદ્ધ મંદિરમાં બિરાજમાન થનાર બધી મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી આપી. ત્યારે **(અનુસંધાન પૃષ્ઠ ૪૬ પર)**



### ખાનદેશની ભક્તિભૂમિ ધુલિયા ખાતે રચાયું

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું નવનિર્મિત

# શ્રી સ્વામિનારાયણ મંદિર

મુંબઈથી નાગપુર જતાં રાષ્ટ્રીય ધોરી માર્ગની રેખામાં ધુલિયાના દેવપુર ઉપનગરના મુખ્ય પથ પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તાજેતરમાં પ્રતિષ્ઠિત થયું અને મહારાષ્ટ્રના આ ખાનદેશ પ્રદેશમાં હર્ષનું મોજું ફરી વળ્યું હતું.

૧૨ એકરની આ પવિત્ર ભૂમિ પર બંસીપહાડપુરના ગુલાબી પથ્થરોથી નિર્માણ પામેલું આ ભવ્ય મંદિર ધુલિયા શહેર અને સમગ્ર ખાનદેશવાસીઓ માટે એક અમૂલ્ય નજરાણું છે.

પૂર્વમુખે નિર્માણ પામેલા આ મંદિરને પાંચ શિખરો છે. વિશાળ પોડિયમ ઓળંગી યાત્રી ૨૪ પગથિયાં ચઢે એટલે મંદિર ઉપરનું પોડિયમ તેને આવકારે. આ પોડિયમને ડાબે-જમણે હનુમાનજી અને ગણપતિજીનાં શિખર છે. આ શિખરને ચારેકોર કલા-કોતરણી તો છે જ, પણ તે તે દેવોની ત્રણેક ફૂટ ઊંચી વિભિન્ન મુદ્રાવાળી મૂર્તિઓ દર્શન દે છે. ત્રણ પગથિયાં ચઢીને યાત્રી ઘુમ્મટ-નૃત્યમંડપમાં પ્રવેશ કરે છે, ત્યારે વિશાળ સ્તંભો પર કંડારાયેલી અવતારો, દેવો, ઋષિમુનિઓ, સંતો-ભક્તોની મૂર્તિઓ વિવિધ અંગભંગીમા સાથે દર્શન દે છે. સ્વામિનારાયણીય સંતો-ભક્તો ઉપરાંત મહારાષ્ટ્રના ભક્તો સમર્થ રામદાસ, એકનાથ, ચાંગદેવ, તુકારામ, તુકડોજીની પણ મૂર્તિઓ શોભે છે. નૃત્યમંડપની મધ્યમાં ઊંચા ચંદરવા પર ઘુમ્મટમાં બ્રહ્મા, વરુણ, વાયુ, સરસ્વતી, કુબેર, વિષ્ણુ-લક્ષ્મી, વિશ્વકર્મા, ઇંદ્ર, સૂર્ય-અગ્નિ,









કાર્તિકેય, ધર્મરાજ, શિવ-પાર્વતી, ગણેશજીની મૂર્તિઓ અવનત મુદ્રામાં ઊભી છે.

દર્શનાર્થી આ મૂર્તિઓનાં દર્શન કરતો, મધ્યમાં લટકતું વિશાળ ઝુમ્મર નીરખતો ગોળ ગોળ ઘૂમતો, નત-મસ્તક થઈ જાય છે. યાત્રિક મધ્ય મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ સમક્ષ આવીને ઊભો રહે છે, ત્યારે નયનરમ્ય મૂર્તિઓના આ યુગલ પરથી નજર હટાવી શકતો નથી. અંદરનો ભાગ ગર્ભગૃહ સંપૂર્ણ આરસથી આચ્છાદિત છે. દર્શન દ્વારનાં તોરણો, દીવાલ અને સ્તંભો પર આરસમાં કંડારેલી કલાકૃતિઓ અદ્‌ભુત છે.

મંદિરના ડાબા ગર્ભગૃહમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ અને જમણા ગર્ભગૃહમાં શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણરસિત કલાત્મક સિંહાસનમાં વિરાજમાન છે.

અહીં દર્શન કરતાં જ દર્શનાર્થી પ્રગાઢ શાંતિનો અનુભવ કરે છે. મૂર્તિઓનાં મનમોહક સૌંદર્ય પરથી માંડ માંડ દૃષ્ટિ હટાવતો દર્શનાર્થી જમણી બાજુથી પ્રદક્ષિણામાં પ્રવેશ કરે છે ત્યારે મંદિરના કલામંડિત મંડોવરની ત્રણે બાજુએ નીચેની છત સુધી કલાકોતરણી અને મૂર્તિઓનાં રૂપકામમાં તેની દૃષ્ટિ ચોંટી જાય છે. પાંચ ફૂટ ઊંચાઈ પર અઢી-ત્રણ ફૂટની ઊંચાઈ ધરાવતી, દેવો-દિગ્પાળો, અવતારો, ભક્તો-સંતોની મૂર્તિઓ શોભે છે. ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી જેવી નદીઓની મૂર્તિઓ પણ દર્શન દે છે. સ્વામિનારાયણીય સંતો-ભક્તોની હારમાળામાં ખાનદેશી પુરુષોત્તમદાસ સ્વામી જેવા બ્રહ્મર્ષિ સંત પણ બિરાજે છે.

મંદિર પર જવા માટે સન્મુખ અને ડાબે-જમણે એમ ત્રણ સોપાનપંક્તિઓ છે. મંદિર ફરતે વિશાળ બગીચો છે. હરિયાળીમાં ખીલેલાં ફૂલ-છોડ છે તો દક્ષિણપથ પર બંને બાજુ ૪૦-૫૦ ફૂટ ઊંચી નારિયાળીનાં વૃક્ષોની હારમાળા વાતાવરણને વધુ નયનરમ્ય બનાવે છે.

મંદિરના સુંદર નજારાને અનુભવતો દર્શનાર્થી મંદિરની નીચે અભિષેકખંડમાં પ્રવેશ કરે છે ત્યારે આઠ-આઠ સ્વર્ણિમ સિંહાસનોમાં વિરાજિત દેવતાઓ અને ગુણાતીત ગુરુઓની મૂર્તિઓનાં દર્શનમાં મગ્ન થઈ જાય છે. વિઠ્ઠલજી-રુક્મિણીજી, લક્ષ્મી-નારાયણ, સીતા-રામ, શિવ-પાર્વતી વગેરે અવતાર યુગલોની વચ્ચે બિરાજતા નીલકંઠવર્ણીની અભિષેક મૂર્તિ પર અભિષેક કરી દર્શનાર્થી પોતાની મનોકામના પૂર્ણ થયાનો અનુભવ કરે છે. ઊંચે ગગનમાં લહેરાતી ધજાઓ અને સુવર્ણના ધ્વજાદંડો તથા કળશોથી વિભૂષિત આ મંદિર અદ્‌ભુત દર્શનીય બન્યું છે.

### મહારાષ્ટ્રના ધુલિયામાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો

## નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો

# પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ



ભગવાન શ્રી સ્વામિનારાયણની પાવન પદરજથી અંકિત થયેલી મહારાષ્ટ્રની ધરતી પર આજે સદીઓ પછી પણ સંત જ્ઞાનેશ્વર, તુકારામ, નામદેવ જેવા ભક્તોનાં આંદોલનો ઉપરાંત સ્વામિનારાયણીય સંતોની સેવા-સાધના-ભક્તિની સુવાસ અનુભવાય છે. એટલે જ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતમાં ધુલિયાની ધરતી પર તેઓના અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો ત્યારે સૌને પ્રતીતિ થઈ કે આ મંદિરનો પ્રભાવ શતાબ્દીઓ સુધી સૌને શુદ્ધ ભક્તિની પ્રેરણા આપતો રહેશે...

## મંદિર મહોત્સવનું અનોખું સ્થળઃ સ્વામિનારાયણ નગર

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ધુલિયા ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો.

૧૨ એકરની ભૂમિ પર વિસ્તરેલા આ મંદિરના ત્રિદિવસીય ઉત્સવમાં તા. ૮ થી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન મહારાષ્ટ્રના હજારો ભાવિકો ઊમટ્યા હતા. હજારો ભક્તોની આ મેદનીને સમાવતું વિશાળ સ્વામિનારાયણ નગર મંદિરની સામે જ કૉલેજની ખુલ્લી જગ્યામાં ૧૭ એકર વિસ્તારમાં ઊભું કરાયું હતું.

વિશાળ સભામંડપ અને તેની બંને પાંખમાં પંડાલ ઊભા કરાયા હતા, જેમાં ભજનાનંદ ખંડ સતત સાત દિવસ સુધી શ્રીહરિનાં ચરણોમાં ભજન-કીર્તન, મંત્રલેખન, માળા-પ્રદક્ષિણાનું અર્ઘ્ય આપતો રહ્યો. એ જ રીતે સેવાનંદ, મુક્તાનંદ, પરમાનંદ જેવા પ્રદર્શનખંડોનો હજારો હરિભક્તોએ લાભ લીધો હતો. આ ઉપરાંત રક્તદાન શિબિર, યજ્ઞશાળા, ભોજનશાળા, વિશાળ પાર્કિંગ, સભામંડપ, ઉપાહારગૃહ, સાહિત્ય ભંડાર વગેરે પ્રબંધ કરવામાં આવ્યા હતા.

૭ ફેબ્રુઆરીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે હરિકૃષ્ણ મહારાજને કરમાં ગ્રહીને મંદિરનો પ્રાસાદ-પ્રવેશવિધિ સંપન્ન કર્યો હતો. ત્યારપછી સંપૂર્ણ મંદિર નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આજે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ ખાનદેશના બે વધુ નવયુવાનોને ભાગવતી દીક્ષા પ્રદાન કરી હતી. આ બંને સ્થાનિક મહારાષ્ટ્રીય યુવાનો છે. જેમાં ધ્રુવભગતને સમર્થપુરુષદાસ અને બલરામ ભગતને ભક્તિમંગલદાસ નામ આપીને સ્વામીશ્રીએ ખાનદેશના આ સમર્પણને બિરદાવ્યું હતું. આમ, ખાનદેશના કુલ ૧૭ સંતો બી.એ.પી.એસ. સંસ્થાના ઇતિહાસમાં ખાનદેશનું નામ રોશન કરતા રહ્યા છે.

૮ ફેબ્રુઆરીએ સાંજની સભામાં ખાનદેશની સત્સંગ ગાથાને એક સુંદર નૃત્યનાટિકા રૂપે રજૂ કરીને બાળકો-યુવકોએ દર્શકોને શ્રીહરિ તેમજ શાસ્ત્રીજી મહારાજના સમયમાં મૂકી દીધા હતા. સ્વામીશ્રી પણ આ નૃત્યનાટિકા નિહાળીને પ્રસન્ન થયા. તેના લેખક હરિકૃષ્ણ શાસ્ત્રી તથા દિગ્દર્શક પરેશભાઈ હિંગુ અને પ્રસ્તુત કરનાર મુંબઈના યુવકોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા.

## વિશ્વશાંતિ મહાયાગ

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે ૯મી ફેબ્રુઆરીએ સ્વામિનારાયણ નગરમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. સવારે ૮-૦૦ વાગ્યે માંગલિક મુહૂર્તમાં વિશાળ યજ્ઞશાળામાં ભૂદેવોએ યજ્ઞનો પ્રારંભવિધિ શરૂ કરાવી દીધો હતો. વિશાળ યજ્ઞમંડપમાં મુખ્ય મંચ પર પ્રતિષ્ઠિત થનારી ૨૨ મૂર્તિઓ દર્શન આપી રહી હતી. શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને ચારવેદના વિદ્વાન પુરોહિતોએ વેદોક્ત વિધિપૂર્વક યજ્ઞ-નારાયણનું સ્થાપન-પૂજન-અર્ધ્યાર્પણ કર્યું હતું. મહંત સ્વામી મહારાજ ૧૧-૦૦ વાગે યજ્ઞશાળામાં પધાર્યા. યજ્ઞવિધિનો ઉત્તરાર્ધ તેઓશ્રીના હાથે સંપન્ન થયો. ડૉક્ટર સ્વામી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતો પણ આ વિધિમાં જોડાયા હતા. અંતમાં સ્વામીશ્રીએ વિશ્વશાંતિ માટે આશીર્વાદ આપ્યા હતા. ખાનદેશના નજરાણા સમા બી.એ.પી.એસ. મંદિર પર રોજ રાત્રે 'મંદિરમ્' લાઇટ એન્ડ સાઉન્ડ શૉ રજૂ થતો, જેનો લાભ ધુલિયા અને આજુબાજુનાં ગામોના હજારો ભક્તો-ભાવિકોએ લીધો હતો.

## ધુલિયામાં રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રા

ભવ્ય સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન થનારાં દેવસ્વરૂપોની અપૂર્વ શોભાયાત્રા ધુલિયાના મુખ્ય માર્ગો પર યોજાઈ હતી.

તા. ૮મી ફેબ્રુઆરીના રોજ બપોર નમતાં અઢી વાગે ગિંદોડિયા ઓઇલમિલ (માલેગાંવ રોડ)થી પ્રારંભાયેલી આ શોભાયાત્રા સાંજે ૬.૩૦ વાગે અગ્રસેન ચોક પાંચકંદિલ ચોક, ગાંધીપૂતળા ચોક, નેહરુ ચોક, દેવપુર દત્તમંદિર ચોકમાંથી પસાર થઈ મંદિરમાં વિરમી ત્યારે લગભગ પાંચ કિ.મી.નો પથ પસાર કરી ચૂકી હતી. દોઢેક કિ.મી. લાંબી આ શોભાયાત્રાનો પ્રારંભ મુખ્ય દાતા હરિભક્તોના હાથે કરાવાયો હતો. વચ્ચે રસ્તામાં ધુલિયાના મેયરશ્રી ચંદ્રકાંત સોનારે ઠાકોરજીનું પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓના સૂત્રધારો જે તે સ્થાનમાં ઊભા રહીને મૂર્તિઓને અક્ષત-પુષ્પોથી વધાવી રહ્યા હતા. વળી, શોભાયાત્રામાં શામિલ હજારો ભક્તો માટે સ્વૈચ્છિક રીતે શરબત-પાણી વગેરેની વ્યવસ્થા કરતા હતા.

ધુલિયામાં આવી શોભાયાત્રા પ્રથમવાર જ નીકળી કે જેમાં પોલીસ સુરક્ષા માટે નહીં, પણ શોભાયાત્રી તરીકે જોડાઈ. પોલીસના વડા પી. આઈ. શ્રી ગાંગુર્ડેએ કહ્યું કે બી.એ.પી.એસ.ની શિસ્ત ખરેખર દાદ માગી લે તેવી છે.

આ નગરયાત્રામાં દરેક સમુદાયના લોકોએ ભગવાનનાં દર્શન કરી ધન્યતા અનુભવી. સુંદર કલાત્મક રથો દેવભૂષામાં સજ્જ બાળકોની કલા-પ્રસ્તુતિ, સંતોની ભજનમંડળી,



શોભાયાત્રામાં ખાનદેશી ભક્તોની ખાનદેશી શૈલીમાં ભક્તિ-પ્રસ્તુતિ...




ખમીરવંતા બી.એ.પી.એસ. છાત્રાલયના ખાનદેશી છાત્રો...



શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ સાથે યોજાઈ અપૂર્વ શોભાયાત્રા...



મહારાષ્ટ્ર તેમજ આદિવાસીઓના પરંપરાગત નૃત્યો જેવાં અનેકવિધ આકર્ષણોથી ભરપૂર આ શોભાયાત્રાએ આધ્યાત્મિકતાનાં દિવ્ય આંદોલનોથી નગરના રાજમાર્ગોને ઝંકૃત કરી દીધા.

ચાર મોટાં ટ્રેલરોમાં સોફા પર પચાસ જેટલા સંતો ભજન કરતાં બિરાજ્યા હતા. અન્ય દોઢસો જેટલા સંતો પૈદલ ચાલતા ભજન કરતા હતા.

ગ્રામોદય મંચ સંચાલિત શાળાના ૧૮ જેટલા બાળકો લેઝીમના દાવ કરતા ચાલતા હતા.

સિંહરથમાં વિરાજિત શ્રી ઘનશ્યામ મહારાજને અનુસરતા ૩૦ જેટલા આદિવાસી ભક્તો તીરકામઠાં સાથે પારંપરિક પહેરવેશમાં ગ્રામીણ નૃત્ય કરતા હતા.

પ્રારંભમાં સ્વામિનારાયણ ધ્વજ હાથમાં ગ્રહીને ફેંટાધારી ૧૫ યુવકો ચાલતા હતા. તેની પાછળ ૧૫ યુવકો મોટર સાઈકલ પર ધ્વજ લઈને જયનાદ ગુંજાવતા હતા.

વરખેડાનું બી.એ.પી.એસ. સત્સંગ મંડળનું 'પ્રમુખરાજ ઢોલ-બેન્ડ' સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આછા વાદળી સાફા ધારણ કરેલા સફેદ પરિવેષધારી આ યુવાનોએ ઢોલનૃત્યમાં જુદી જુદી થાપ અને ભંગિમા દ્વારા દર્શનાર્થીઓનાં ચિત્ત આકર્ષી લીધાં હતાં.

એક ડમણિયામાં વિરાજિત થયેલી શાસ્ત્રીજી મહારાજની ઉત્સવમૂર્તિ ખાનદેશમાં તેઓએ ગાડામાં કરેલા વિચરણની યાદ અપાવતી હતી.

વારકરી સંપ્રદાયના બાળકો પારંપરિક વેષભૂષામાં ભજન કરતા ચાલતા હતા. રાજસ્થાનનું ઊંટડી નૃત્ય પણ સૌને ઘેલું લગાડતું હતું.

અંતમાં મહિલા મંડળ પણ શોભાયાત્રાના અંતભાગમાં સાંપ્રદાયિક કેસરી રંગની સાડીની વેષભૂષા સાથે શોભામાં અભિવૃદ્ધિ કરતું હતું. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો જન્મદિવસ વસંતપંચમી હોઈ તેનો ઉદ્‌ઘોષ કરતી કળશધારી ૧૦૦ મહિલાઓ તેમજ ૨૦ બાલિકાઓ ચાલતી હતી.

વચનામૃત શતાબ્દી નિમિત્તે મહિલાઓએ વચનામૃતની પોથી મસ્તકે ધારણ કરેલી કુલ ૨૦૦ જેટલી મહિલાઓએ વચનામૃતનો ઉદ્‌ઘોષ કર્યો હતો. વળી, ભગવદ્‌ગીતા, ઉપનિષદ, જ્ઞાનેશ્વરી ગીતા અને પ્રમુખસ્વામી મહારાજનાં સૂત્રોની પોથીઓ પણ મહિલાઓએ મસ્તકે ધારી હતી.

નાની નાની બાલિકાઓ લેઝીમના દાવ સાથે ચાલતી હતી. ૩૦ મહિલાઓ ગરબા લેતી હતી.

આમ, મહારાષ્ટ્રના ભક્તોની અનોખી રંગત સાથે યોજાયેલી આ શોભાયાત્રા ખરેખર અભૂતપૂર્વ હતી.



આ નગરયાત્રામાં મુખ્ય આકર્ષણ સમાન હતા - વિવિધ કલાત્મક રથ. ૧૮ જેટલા વિવિધ કલાત્મક રથોમાં મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર દેવસ્વરૂપોનું ભક્તિભાવપૂર્વક વહન થઈ રહ્યું હતું. દરેક રથ તેમાં બિરાજમાન થનાર દેવસ્વરૂપની વિશેષતા સાથે સજાવવામાં આવ્યો હતો. રથ બનાવવામાં ચાર મહિનાથી પૂર્વ તૈયારી ચાલતી હતી. દિવ્યાનંદદાસ સ્વામી અને જાપી, વરખેડા, મોહાડી, સોનગીર વગેરે ગામોના સ્વયંસેવકોના વૃંદે રાત-દિવસ એક કરીને રથની સજાવટમાં ખૂબ સેવા આપી હતી.

આ શોભાયાત્રાનાં દર્શન કરવા મંદિરનાં પ્રાંગણની બહાર ઊંચા મંચ પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતો ઉપસ્થિત રહ્યા હતા. મહંત સ્વામી મહારાજે હરિકૃષ્ણ મહારાજ અને અક્ષરપુરુષોત્તમ મહારાજને સંધ્યા આરતીના અર્ઘ્યથી વધાવ્યા અને શોભાયાત્રાની પૂર્ણાહુતિ થઈ ત્યારે જયજયકારો અને આતશબાજીથી ગગન ગુંજી ઊઠ્યું હતું.

## મૂર્તિપ્રતિષ્ઠા અને સભા

સંવત ૨૦૭૫, વસંત પંચમીનું ઐતિહાસિક પરોઢ થયું. રાત્રે જ ગર્ભગૃહોમાં મૂર્તિઓને સિંહાસનોમાં સ્થાપિત કરી દેવામાં આવી હતી. તેનો સ્નપનવિધિ કોઠારી સ્વામીના હસ્તે વહેલી સવારે ૬-૦૦ વાગે આરંભાયો.

૮-૦૦ વાગ્યે મૂર્તિપ્રતિષ્ઠાના ઉપક્રમે થનાર પ્રારંભિક વિધિ આરંભાયો. યજમાનો ઘુમ્મટતળે બિરાજી ગયા હતા. સૂર્યદેવ સ્વર્ણિમ કિરણોથી મંદિરને અલંકૃત કરી રહ્યા હતા. પ્રારંભિક મહાપૂજા વિધિ દોઢ કલાક સુધી ચાલી. વરિષ્ઠ સંતોના સાંનિધ્યમાં અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત-પુરસ્કૃત મહાપૂજાવિધિને અનુસરતા સૌએ પૂજન-અર્ચન કર્યાં.

સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજને અનુસરતાં ૧૦-૦૦ વાગે મંદિરના પોડિયમ પર પધાર્યા. ત્યારે ઢોલ-બેન્ડના નાદથી આકાશ ભરાઈ ગયું.

સ્વામીશ્રી પધાર્યા અને મહાપૂજાનો ઉત્તરવિધિ શરૂ થયો. આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવિસે પોતાના પ્રતિનિધિ તરીકે મંત્રીશ્રી જયકુમાર રાવલને મોકલ્યા હતા. તેમની સાથે કેન્દ્રીય મંત્રીશ્રી સુભાષ ભામરે અને આ ક્ષેત્રના પ્રસિદ્ધ લોકનેતા અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી અરુણભાઈ ગુજરાતી પધાર્યા હતા.

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી (રાજ્ય કક્ષા)શ્રી સુભાષ ભામરેએ સંબોધન કરતાં જણાવ્યું કે 'ધુલિયા શહેર માટે આજનો અવસર એક ઐતિહાસિક ક્ષણ છે. મને ગૌરવ છે કે તેનો હું સાક્ષી બન્યો છું. હું ભારત સરકાર વતી ઉપસ્થિત રહ્યો છું, પરંતુ ધુલિયા શહેરનો પ્રતિનિધિ હોવાથી આપ સૌનું ધુલિયામાં સ્વાગત કરું છું. ભારતવર્ષ સંતોની ભૂમિ છે. અને સ્વામિનારાયણ સંપ્રદાય તેમાં એક ખૂબ મોટી પરંપરા છે. દિલ્હીમાં અક્ષરધામ મંદિર નિહાળીને હું ખૂબ પ્રભાવિત થયો હતો. પરંતુ આજે ધુલિયા શહેરમાં આવું ભવ્ય મંદિર નિર્માણ પામ્યું છે તે ખૂબ મોટી વાત છે. કોઈ પૂછે કે ધુલિયા શહેરમાં વિશેષ શું છે? તો હવે ગૌરવ સાથે હું કહી શકીશ કે અહીંયાં સ્વામિનારાયણ સંપ્રદાયનું ખૂબ મોટું મંદિર છે. અહીં આપે આટલું મોટું કાર્ય કર્યું છે તો અમારી મહાનગર-પાલિકા વતી એક નાની ભેટનો સ્વીકાર કરશો. આ મંદિર સમક્ષ પસાર થતા મુખ્ય માર્ગને અમે 'પ્રમુખસ્વામી મહારાજ માર્ગ' રૂપે જાહેર કરીએ છીએ. આજે મહંત સ્વામી



શોભાયાત્રાને આરતીથી વધાવતા મહંત સ્વામી મહારાજ...



પ્રમુખસ્વામીજીના સંકલ્પની પૂર્તિ કરીને ઉદ્‌ઘાટન કરતા સ્વામીશ્રી...



શાસ્ત્રીજી મહારાજની પ્રાસાદિક સ્મૃતિ સાથે આશીર્વચન...



મહારાજના મને આશીર્વાદ પ્રાપ્ત થયા તે મારા જીવનની સૌથી મોટી ક્ષણ છે, જે હું જીવનમાં ક્યારેય ભૂલી નહીં શકું.'

મહારાષ્ટ્રના પર્યટન મંત્રી શ્રી જયકુમાર રાવતે સંબોધન કરતાં જણાવ્યું કે 'જેમના આશીર્વાદ આપણને સૌને મળ્યા છે, જે આશીર્વાદ આજે પણ આપણાં હૃદય ને સ્મરણમાં સદા રહ્યા છે એવા આપણા સૌના પ્યારા પ્રમુખસ્વામી મહારાજને હું નતમસ્તક વંદન કરું છું. આપણે ભગવાનને તો જોયા નથી, પરંતુ અહીં પધારેલા ભગવાનના સ્વરૂપ સમાન મહંત સ્વામી મહારાજનું હું સ્વાગત કરું છું. દેશ અને દુનિયાભરમાંથી પધારેલા સંતો અને હરિભક્તોનું પણ હું નતમસ્તક સ્વાગત કરું છું. અમારી ધુલિયાની ભૂમિ પવિત્ર થઈ ગઈ. આ નાનું શહેર ઘણી બાબતોમાં પાછળ રહી ગયું હતું, પરંતુ આજે ધાર્મિક ક્ષેત્રમાં આગળ નીકળી ગયું છે તે ખૂબ મોટી વાત છે. ધુલિયાના ઇતિહાસમાં આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. આ મંદિર અનેક પેઢીઓને પ્રેરણા આપશે. મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવિસ અહીં પધારવાના હતા, પરંતુ તેઓ આવી શક્યા નથી. પરંતુ તેમના વતી હું આપ સૌનું સ્વાગત કરવામાં ગૌરવ અનુભવું છું. આ મંદિર જોઉં છું ત્યારે હજુ આંખોને વિશ્વાસ બેસતો નથી. મેં લંડન, હ્યુસ્ટન, અમદાવાદ વગેરે સ્થળોએ બી.એ.પી.એસ.નાં સુંદર મંદિરો જોયાં છે. એવું મંદિર અહીં ખાનદેશમાં બની ગયું એ કેટલી મોટી વાત છે. હવે લોકો ધુલિયામાં આવશે તો આ મંદિરે અવશ્ય પધારશે. વળી, રાજધાની દિલ્હી અને દેશની આર્થિક રાજધાની મુંબઈને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ પણ અહીંથી પસાર થાય છે. આથી દિલ્હી અને મુંબઈ વચ્ચે જે મહાનુભાવો આવાગમન કરશે તે અહીં આશ્રય અને આશીર્વાદ પ્રાપ્ત કરશે. હું મહારાષ્ટ્ર સરકારના પર્યટન મંત્રી તરીકે કહું છું કે આ સ્થળ પર્યટનનું ખૂબ મોટું સ્થાન બની જશે. મહારાષ્ટ્રમાં જેવી રીતે પંઢરપુર અને શિરડી વગેરે તીર્થો છે તેવું આ સ્વામિનારાયણ મંદિર છે. પાંજરા નદીના કિનારે આવું સુંદર મંદિર છે પરિણામે સામે હાઈ-વે, રેલવે વગેરે સુંદર વ્યવસ્થાઓ અહીં થશે. આ ક્ષેત્રને પર્યટન ક્ષેત્ર તરીકે ઘોષિત કરીને મહારાષ્ટ્ર સરકાર તેના વિકાસ માટેનાં સુંદર આયોજનો કરશે. પરિણામે, અહીં આવનાર દર્શનાર્થીઓને વિશેષ સુવિધા પ્રાપ્ત થશે. આજે અહીં મોટી સંખ્યામાં સંતો પધાર્યા છે. સંતો આપણા આંગણે આવે ત્યારે દશેરા અને દિવાળી જેવો ઉત્સવ થઈ જાય છે. આજે એવો ઉત્સવ છે. હું સૌનું સ્વાગત કરીને વંદન કરું છું.'

સ્વામીશ્રીએ સ્મૃતિભેટ આપીને આ મહાનુભાવોનું

સન્માન કર્યું.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો સર્વપ્રથમ જન્મજયંતી ઉત્સવ જ્યાં ઉજવાયો હતો એ ખાનદેશમાં તેમના જ સંકલ્પે ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચાયું હોવાથી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે શાસ્ત્રીજી મહારાજના જન્મદિને જ વસંતપંચમીના પર્વે તેનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિરધાર્યો હતો. વસંતપંચમીના આજના પવિત્ર પર્વે બરાબર ૧૦-૨૦ વાગ્યે પ્રતિષ્ઠાનો વિધિ પ્રારંભ થયો. ભદ્રેશદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમ દર્શનને પુરસ્કૃત કરતી નૂતન પ્રાણપ્રતિષ્ઠા વિધિની રચના કરી છે. તે મુજબ આજે પ્રથમ વખત મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરવામાં આવ્યો. શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને મધુરવદનદાસ સ્વામીએ પ્રત્યેક વિધિને સંસ્કૃત ઋચાઓ દ્વારા મૂર્તિઓનાં શ્રીચરણોમાં અર્ઘ્યરૂપે સમર્પિત કર્યો. મહંત સ્વામી મહારાજે મધ્યખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ સમગ્ર વિધિ કર્યો. તેમને અનુસરતાં કોઠારી સ્વામી શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ તથા ત્યાગવલ્લભદાસ સ્વામી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને શ્રીરાધા-કૃષ્ણદેવ સમક્ષ અંગન્યાસ, નેત્રોન્મિલન, આદર્શ-મુખદર્શન, ચંદનઅર્ચન, પુષ્પ-સમર્પણ ઇત્યાદિ પૂજાવિધિને અનુસરતા રહ્યા. ડૉક્ટર સ્વામીએ શ્રી નીલકંઠ વર્ણીની અભિષેક મૂર્તિ સમક્ષ વિધિ કર્યો. અન્ય તમામ દેવસ્વરૂપો સમક્ષ જુદા જુદા સંતોએ પૂજન-અર્ઘ્ય સમર્પિત કર્યાં.

અક્ષરપુરુષોત્તમ મહારાજનો પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરીને સ્વામીશ્રીએ અન્ય મૂર્તિઓમાં પ્રતિષ્ઠા વિધિ કર્યો. તે દરમ્યાન વિદ્વાન સંતોએ સ્તોત્ર-મંત્રોનું ગાન કર્યું.

સ્વામીશ્રી ભોંયતળિયે સર્વે મૂર્તિઓને અર્ઘ્ય અર્પણ સાથે પ્રતિષ્ઠા કરીને પુનઃ મંદિર ઉપર પધાર્યા તે દરમ્યાન થોડીક ક્ષણોમાં મંદિર પર ત્રણે ખંડમાં શૃંગાર સજીને મૂર્તિઓ દર્શન આપી રહી હતી. અન્નકૂટ પણ ગોઠવાઈ ચૂક્યો હતો. નગારે દાંડી પડી, શંખનાદ ગુંજ્યા અને ‘જય સ્વામિનારાયણ... જય અક્ષરપુરુષોત્તમ...’ આરતીનો પ્રારંભ થયો ત્યારે ગગનમાંથી વિમાન દ્વારા પુષ્પવર્ષા થઈ.

પુષ્પાંજલિ બાદ સ્વામીશ્રીની આજ્ઞાથી કોઠારી સ્વામીએ સૌ યજમાનો પર આશીર્વાદના અક્ષતની વર્ષા કરી. સ્વામીશ્રી પોડિયમ પર પધાર્યા ત્યારે પણ ગગનમાંથી પુષ્પવર્ષા ચાલુ હતી. મંદિર અને મંદિરના પ્રણેતા સ્વામીશ્રી સહિત સૌ પર પુષ્પપાંદડીઓ વર્ષી રહી.

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના જયનાદ સાથે પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ થયો.

સ્વામીશ્રી પ્રતિષ્ઠા સમારોહ-સભામાં પધાર્યા. સભામાં વિરાજિત સૌ હરિભક્તોને આ સંપૂર્ણ પ્રતિષ્ઠા વિધિનો લાભ જીવંત પ્રસારણ દ્વારા પ્રાપ્ત થયો હતો. અમૃતચરિત સ્વામી અને વિવેકસાગર સ્વામીના મંદિર-મહિમા વિષયક પ્રવચન પૂર્ણ થયાં હતાં.

કિશોરોએ નૃત્યથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું.

વરિષ્ઠ સંતો તેમજ કોઠારી આનંદજીવનદાસ સ્વામી તથા મંદિર નિર્માણના સહયોગી અક્ષયમુનિદાસ સ્વામી વગેરે સંતોએ મોતી, માળા, કંઠી વગેરેના વિવિધ કલાત્મક હાર અર્પણ કરી સ્વામીશ્રીને વધાવ્યા.

બે મરાઠી પુસ્તક *‘વચનામૃત’* તથા *‘જેને ગુણે રીઝ્યા ગિરધારી’* (સુરેશ કાટેજી દ્વારા અનુવાદિત)નું વિમોચન થયું. એક અંગ્રેજી પુસ્તક ‘સ્વામીશ્રીની અમૃતવાણી’ પણ ઉદ્‌ઘાટિત થયું. ધુલિયા મહાનગરપાલિકા દ્વારા નગરપાલિકાના સદસ્ય સદાવ્રતજીએ સ્વામીશ્રીને સન્માનપત્ર અર્પણ કર્યું અને મંદિર સન્મુખ સ્થિત રાજમાર્ગને ‘પ્રમુખસ્વામી મહારાજ માર્ગ’ નામાભિધાન કર્યું તેની જાહેરાત કરી.

અંતમાં આશીર્વચન ઉચ્ચારતાં સ્વામીશ્રીએ કહ્યું :

‘‘આજના ઉત્સવની પણ જય... અહીં ખાનદેશમાં મંદિર અસંભવ હતું. છતાં મંદિર થઈ ગયું તે ઘણું આશ્ચર્ય છે! આપણે આવાં મંદિરો ગુજરાતમાં જોયાં છે તેથી આપણને આશ્ચર્ય નહીં થાય, પણ ધુલિયા ને આજુબાજુનાં ગામોના લોકોને ખૂબ આશ્ચર્ય થશે. લોકો અહીં આવશે, દર્શન કરશે. મંદિરનો મહિમા ખૂબ વધશે. ભગતજી મહારાજે અહીં દૃષ્ટિ કરી છે. દિવ્ય દેહે સુખ આપ્યું છે. તેથી સત્સંગ વધ્યો. કમાલ તો શાસ્ત્રીજી મહારાજે કરી. શાસ્ત્રીજી મહારાજે ખાનદેશમાં ઘરોઘર પધરામણી કરી છે.


પ્રમુખસ્વામી મહારાજ અહીંનાં ગામોમાં ઘરોઘર ઘૂમ્યા છે. આ ભૂમિ મહાતીર્થ બની ગઈ છે. ભવિષ્યમાં આનો મહિમા ખૂબ વધશે. શાસ્ત્રીજી મહારાજે અહીંથી પત્ર પરદેશના હરિભક્ત પર લખ્યો હતો.

આ મંદિર થયું. હવે આપણે લાભ લેવાનો છે. આવું ભવ્ય મંદિર ખાનદેશમાં થયું છે તો હવે આપણે બાકી ન રહી જઈએ ને ખૂબ લાભ લઈએ તે પ્રાર્થના...’’

આજે મંચ પર ઉપસ્થિત શ્રી અરુણભાઈ ગુજરાતીને પણ સ્વામીશ્રીએ ખાસ આજ્ઞા કરી કે તેઓ સંબોધન કરે. આથી સ્વામીશ્રીના આશીર્વાદ પછી અરુણ ગુજરાતીએ સંબોધન કરતાં જણાવ્યું: ‘મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ ધુલિયા શહેર તીર્થક્ષેત્ર બની ગયું છે. આપણી બી.એ.પી.એસ. સંસ્થા માત્ર એક ધાર્મિક સંસ્થા નથી, **(અનુસંધાન પૃષ્ઠ ૪૬ પર)**

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## મુંબઈમાં આધ્યાત્મિક લાભ આપતા મહંત સ્વામી મહારાજ

*મુમુક્ષુઓનાં આત્યંતિક કલ્યાણ કાજે અહોરાત્ર સત્સંગ વિચરણ કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સામીપ્ય સંતો-હરિભક્તો-ભાવિકોના અંતરતલમાં આધ્યાત્મિક ઊર્જા પ્રસરાવી રહ્યું છે. બી.એ.પી.એસ.નાં જુદાં જુદાં મંદિરોમાં બિરાજીને સત્સંગલાભ આપતા સ્વામીશ્રીની પાવન નિશ્રામાં હજારો મુમુક્ષુઓ પાવન બને છે. પરમ એકાંતિકના સંગે એકાંતિક થવા દેશ-પરદેશથી ઊમટતા હજારો મુમુક્ષુઓ સત્સંગ-ભક્તિ, દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી જીવનમાં શાશ્વત સુખની અનુભૂતિ કરે છે. શિયાળાની ગુલાબી ઠંડીમાં પણ વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન તેમજ આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી સૌ કોઈ તાજગીનો અનુભવ કરે છે. વિવિધ ઉત્સવ-પ્રસંગોએ યોજાતી સત્સંગ સભાઓમાં વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમો તથા સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પામી સૌના મનમયૂર આનંદ-ઉમંગથી થનગની ઊઠે છે.*

*તાજેતરમાં સ્વામીશ્રીએ મહારાષ્ટ્રની મહાનગરી મુંબઈ ખાતે બિરાજીને દિવ્ય સત્સંગલાભથી સૌને અલંકૃત કર્યા હતા. હવે પછીનાં પૃષ્ઠોમાં, આ સત્સંગકેન્દ્રોમાં સ્વામીશ્રીએ આપેલા દિવ્ય સત્સંગલાભના સંક્ષિપ્ત અહેવાલથી આપણે પણ કૃતાર્થ થઈએ...*



## મુંબઈમાં સત્સંગ-ભક્તિની રસલહાણ કરતા સ્વામીશ્રી...

અરબી મહાસાગરના કાંઠે વસેલી મહાનગરી મુંબઈ એટલે ભારતના વ્યાપાર-ઉદ્યોગનું નાભિકેન્દ્ર. સૌને મોહ પમાડનારા સતત પ્રવૃત્તિમય અને ગતિમય આ મહાનગરને સમયે સમયે એ મોહમાંથી મોક્ષ તરફ લઈ જનાર ગુણાતીત સત્પુરુષોનો સંગ પણ સાંપડતો રહ્યો છે. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં પુનિત ચરણસ્પર્શથી મોહમયી મુંબઈ નગરી ધન્ય બની છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ કહેતાઃ 'મુંબઈ રંગવું છે...' તેમના આ દિવ્ય સંકલ્પના પ્રભાવથી અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અથાક પુરુષાર્થથી મુંબઈવાસીઓને સતત ભક્તિનાં આંદોલનો પ્રસરાવતા શિખરબદ્ધ મંદિરની ભેટ મળી છે. પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય પ્રભાવથી બાળ-બાલિકા મંડળ, કિશોર-કિશોરી મંડળ, યુવક-યુવતી મંડળ, સંયુક્તમંડળ, મહિલા મંડળમાં સત્સંગ અહોરાત્ર અભિવૃદ્ધિ પામતો રહ્યો છે.

એ જ શૃંખલામાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ મુંબઈના સત્સંગને સંજીવની સીંચી છે. તાજેતરમાં તા. ૧૭ ડિસેમ્બર ૨૦૧૮થી તા. ૧૩ જાન્યુઆરી ૨૦૧૯ સુધી દાદર ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં બિરાજીને મહંત સ્વામી મહારાજે સત્સંગ-ભક્તિની વસંત મહોરાવી દીધી હતી. મુંબઈના દૂર-સુદૂરનાં વિવિધ ઉપનગરોમાંથી સ્વામીશ્રીનો દિવ્ય લાભ મેળવવા માટે સવાર-સાંજ ઊમટતા હરિભક્તોની વિશાળ મેદનીથી મંદિરનો ખૂણેખૂણો છલકાઈ ઊઠ્યો હતો. મુંબઈ ખાતેના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને સંધ્યા સત્સંગ સભાઓ 'યોગી સભાગૃહ'માં યોજાઈ હતી. નિત્ય પ્રાતઃપૂજામાં અને સંધ્યા સભાઓમાં વિવિધ કાર્યક્રમોની શૃંખલાને નિત્ય હજારો ભક્તોએ માણી હતી. પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ સંતો-યુવકો તેમજ મુંબઈના ખ્યાતનામ સંગીત કલાકારોએ સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં વિવિધ પ્રસ્તુતિઓ દ્વારા પોતાની કલા પાવન કરી હતી. સ્વામીશ્રીએ નિત્ય જુદા જુદા વચનામૃત પર મનનીય નિરૂપણ કરી સૌને અમૃતલાભ આપ્યો હતો. નિત્ય દર્શનાર્થે ઊમટતા મુંબઈના વિવિધ ક્ષેત્રના માંધાતાઓ, રાજકીય-સામાજિક અગ્રણી તેમજ હરિભક્તો-ભાવિકોએ સ્વામીશ્રી સાથે વ્યક્તિગત મુલાકાત-આશીર્વાદનો અલભ્ય લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. સ્વામીશ્રીની પ્રસન્નતા માટે બાળકો-યુવકો-કિશોરો-કાર્યકરોએ વિવિધ વ્રત-તપ-ઉપવાસ કર્યાં હતાં.

અહીં સ્વામીશ્રીના મુંબઈ ખાતેના નિવાસ દરમ્યાન યોજાયેલા વિવિધ ભક્તિમય કાર્યક્રમો પૈકી કેટલુંક અલ્પ આચમન કરીએ...

## આગમન

રાજકોટ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવ અને રાજકોટ બી.એ.પી.એસ. મંદિર દ્વિદશાબ્દી મહોત્સવ ઉપક્રમે યોજાયેલા અગિયાર દિવસીય ભક્તિસભર કાર્યક્રમોમાં સૌને અદ્‌ભુત દર્શન-સત્સંગલાભનું સુખ આપી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૧૬-૧૨-૨૦૧૮ના રોજ તીર્થધામ સારંગપુર પધાર્યા હતા.

અહીં તા. ૧૭-૧૨-૨૦૧૮ના રોજ 'પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિર'ના પ્રથમ શિલાન્યાસનો માંગલિક પ્રસંગ સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતોની પાવન ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

અહીંથી ભાવનગર ઍરપોર્ટ પર દર્શનાર્થે ઊમટેલા સંતો-ભક્તોને દર્શનલાભ આપી સ્વામીશ્રી હવાઈ માર્ગે મુંબઈ પધાર્યા હતા. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ હાર પહેરાવી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. ઊમટેલા હજારો ભક્તોને આશીર્વાદ આપીને સ્વામીશ્રીએ આજથી સતત ૨૮ દિવસ સુધીના વિવિધ કાર્યક્રમોનો આરંભ કર્યો હતો.

## કીર્તન આરાધના

તા. ૨૦-૧૨-૨૦૧૮ની સંધ્યા સભામાં હકડેઠઠ મેદનીથી ઊભરાતા યોગી સભાગૃહમાં કીર્તન આરાધનાનો વિશિષ્ટ કાર્યક્રમ રજૂ થયો હતો. સંગીતજ્ઞ સંતો તથા યુવકોના મુખેથી સા રે ગ મ પ ધ નિ સા - સપ્તકના વિશિષ્ટ અર્થ સાથે કીર્તન-ભક્તિનો આસ્વાદ માણી હરિભક્તો ભક્તિરસમાં તરબોળ બન્યા હતા.

પ્રમુખસ્વામી મહારાજનો આગામી ૯૮મો જન્મજયંતી મહોત્સવ મુંબઈના આંગણે ઊજવાનાર છે. આજે સ્વામીશ્રીએ તે મહોત્સવના પ્રતીક ચિહ્‌નનું ઉદ્‌ઘાટન કર્યું. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ 'પ્રમુખસ્વામી મહારાજ જન્મ જયંતી મહોત્સવની જય' બોલાવી આજથી આ જન્મ જયંતી મહોત્સવના જયની શરૂઆત કરાવી. ત્યારપછી આત્મસ્વરૂપદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના ગુણાનુવાદ ગાયા. અહીં પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્ર ગ્રંથનું સ્વામીશ્રીના હસ્તે પુનઃ વિમોચન થયું.

આ પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રનો મહિમા કહેતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ ગ્રંથ સુંદર રીતે લખાયો છે ને સુંદર ભાવનાથી લખાયો છે. તમે વાંચશો તો તમેય ન્યાલ થઈ જશો. આ ગ્રંથ છે, પુસ્તક નથી. ગ્રંથ એટલે - વચનામૃતનો જેટલો આદરભાવ રાખીએ છીએ એવો આદરભાવ આ ગ્રંથનો રાખવો. જ્યારે જ્યારે વચ્ચે વચ્ચે સમય મળે તેમાં ગમે તે પાનું ખોલશો ને તોયે માલામાલ થઈ જશો. આમ તો સમગ્ર ગ્રંથ વાંચવાનો જ છે. આ ગ્રંથ આપણા ઘરને અક્ષરધામ તુલ્ય બનાવશે, તે ગૅરંટીની વાત છે. ઘર ભર્યું ભર્યું લાગશે કે આપણને મોટી પ્રાપ્તિ થઈ છે. ખાલી શોભાની જેમ આને પધરાવવો નહીં, પણ વાંચવો. મહિમા સહિત, આદરભાવ સહિત વાંચવો, અભ્યાસ કરવો. મનન ચિંતવન કરવું. તમે બ્રહ્મરૂપ થઈ જશો તે ચોક્કસ વાત છે. આ ગ્રંથનો એવો પ્રતાપ છે.

પ્રમુખસ્વામી મહારાજ આખું જીવન આપણા માટે જ જીવ્યા છે. એક સેકન્ડ પણ પોતાના માટે વાપરી નથી. તે રીતનો મહિમા સમજીને વાંચન કરીશું તો બ્રહ્મની સ્થિતિ આવશે. જેને જેટલી અનુકૂળતા હોય, શક્તિ હોય તેને તેટલા પ્રમાણમાં આ ગ્રંથ બીજાને આપવાનો, એ મોટી સેવા થશે.''

તા. ૨૧-૧૨-૨૦૧૮ના રોજ મુંબઈનાં વિવિધ સત્સંગક્ષેત્રોનાં હરિભક્તોને સ્વામીશ્રીનાં સમીપ દર્શનનો અલભ્ય લાભ પ્રાપ્ત થયો હતો. એક કલાક જેટલો સમય મંચ પર બિરાજીને સ્વામીશ્રીએ પાંચ હજાર કરતાં વધારે ભક્તોને સમીપ દર્શનનું સુખ આપી સૌને ખૂબ રાજી કર્યા હતા.

તા. ૨૨-૧૨-૨૦૧૮ના રોજ મુંબઈ યુવક મંડળના યુવકોએ પુષ્ટિ દિન નિમિત્તે યોજાયેલી સભામાં સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરીનો વિશેષ કાર્યક્રમ રજૂ કર્યો હતો. યુવકોએ પ્રથમ એક સ્કિટ રજૂ કરી હતી અને ત્યારપછી તે સ્કિટના આધારે સ્વામીશ્રીને પ્રશ્નો પૂછ્યા હતા. યુવકો દ્વારા પુછાયેલા તમામ પ્રશ્નોના સુંદર ઉત્તરો આપી સ્વામીશ્રીએ યુવકોને વિશેષ સ્મૃતિ આપી હતી.

પ્રશ્નોત્તરી બાદ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દીના ઉપક્રમે વર્ષ ૨૦૧૯માં યોજાનાર બાળ-યુવા અધિવેશનના મુખપાઠનાં પુસ્તકો ઉદ્‌ઘાટિત કર્યાં હતાં.

## સૌજન્ય દિન

તા. ૨૩-૧૨-૨૦૧૮ના રોજ 'સૌજન્ય દિન' નિમિત્તે વિશિષ્ટ સભા યોજાઈ હતી. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે 'બીજાના ભલામાં આપણું ભલું' જીવનસૂત્ર સત્સંગીમાત્રના જીવનમાં સુપેરે દઢાવ્યું છે. જેનાથી સર્જાય છે નિઃસ્વાર્થ પ્રેમભર્યું સમર્પણ! આ મધ્યવર્તી વિચાર સાથે આરંભાયેલી આજની સભામાં પરેશભાઈ હિંગુ લિખિત *'જે પીડ પરાઈ જાણે રે...'* સંવાદ રજૂ થયો. સંવાદમાં હરિભક્તોના સમર્પણના પ્રસંગો દર્શાવાયા હતા, જેના કેન્દ્રમાં પ્રમુખસ્વામી મહારાજે રચેલાં વિવિધ મંદિરો સેવાની ભાગીરથી સમાં પુરવાર

થયાં છે તે દર્શાવવામાં આવ્યું હતું.

મુંબઈ ખાતે ઊજવાનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત થનાર પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિગ્રંથ અંગેનું સંપર્કફૉર્મ સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કર્યું.

અંતમાં સૌ પર કૃપાવર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે આપણા માટે નિઃસ્વાર્થપણે ઘણું બધું કર્યું છે, હવે આપણો વારો આવ્યો છે. આ આયોજન કરવામાં આવ્યું છે તેમાં ભળીએ તો શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને આ સેવા પહોંચશે. એટલે આમાં ખામી રાખવી નહીં. આયોજન પ્રમાણે ખૂબ સેવા મળશે. બધા લોકો સેવા કરશે જ. બળ અને હિંમત રાખીશું તો ભગવાન અને પ્રમુખસ્વામી મહારાજ સહાય કરશે.'' આશીર્વચનમાં સ્વામીશ્રીએ સૌમાં સેવા કરવાનું ખૂબ બળ ભરી દીધું.

## શિશુદિન

તા. ૨૪-૧૨-૨૦૧૮ના રોજ મુંબઈ શિશુમંડળના શિશુઓએ કાલીઘેલી ભાષામાં શિશુદિનની ઉજવણી કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સભાના પ્રારંભમાં *'આજ મારે ઓરડે રે...'* જેવાં વિવિધ સ્વાગત-કીર્તનોના તાલે બાળકો-શિશુઓએ ભક્તિનૃત્ય કરી સ્વામીશ્રીના આગમનને વધાવ્યું હતું.

સ્વાગત-કીર્તનોની રમઝટ બાદ જુદી જુદી સ્કિટની શૃંખલા રચાઈ. સ્કિટની રજૂઆતનો મુખ્ય વિષય હતો: 'સુટેવ-કુટેવ.' ઘરનું ભોજન જ જમવું, નિયમિત પૂજા કરવી, બધાના ગુણ ગ્રહણ કરવા, કુસંગ ન કરવો, વાણી વિવેક રાખવો, તંદુરસ્ત રહેવા કસરત કરવી વગેરે પ્રેરણાદાયી સંદેશાઓ સ્કિટ દ્વારા રજૂ થયા. શિશુઓના છટાદાર સંવાદો સાંભળી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા હતા.

અંતે બાળસ્નેહી સ્વામીશ્રીએ પ્રેરણાવચનો કહ્યાં: ''સો સારી કેરી હોય તેમાં એક બગડે તો બધી કેરીને બગાડે. સો મળીને એકને ન સુધારી શકે. કુસંગનો એટલો જબરજસ્ત પાવર છે. માટે કુસંગ કરવો જ નહીં. સારો સંગ, સારા મિત્રો રાખવા. અને સારા મિત્રો બાળમંડળમાં જ મળશે. તે તમને ભગવાનમાં જ જોડશે. ભગવાન બાજુ જ લઈ જશે.

બધાએ સારી રીતે ભણવાનું ને બાળમંડળમાં સંચાલક કહે તેમ કરવાનું તો તમે આગળ આવશો, મોટી પદવીને પામશો. માટે હિંમત રાખવી. પ્રલોભનોને લાત મારવી. કુસંગ ઓળખાય તેવી ભગવાનને પ્રાર્થના કરવી, તો ખોટા માર્ગેથી પાછા વળાય ને આપણી રક્ષા થાય.''

આજની સભાના કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ શિશુઓ-બાળકો સાથે સ્મૃતિછબી પડાવી સ્વામીશ્રીએ સૌને ચિરંતન સ્મૃતિ આપી હતી.

તા. ૨૫-૧૨-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીએ સાત હજાર કરતાં વધારે હરિભક્તો-ભાવિકોને સમીપ દર્શનનો લાભ આપ્યો હતો.

## પરીક્ષા દિન

તા. ૨૭-૧૨-૨૦૧૮ના રોજ 'પરીક્ષા દિન' નિમિત્તેની વિશિષ્ટ સભા યોજાઈ હતી. મુંબઈનાં વિવિધ પરાં-વિસ્તારોમાંથી આજની સભાનો લાભ લેવા ઊમટેલા હરિભક્તોથી યોગી





સભાગૃહ છલકાતો હતો. સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે બાળકો પોતાની નિત્યપૂજા પાથરીને બેઠા હતા! ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આગામી જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે મુંબઈનાં ૧૦૦૦ બાળકો નિયમિત અને વ્યવસ્થિત પૂજા કરતા થાય અને સૌમાં પ્રાતઃપૂજા અંગે જાગૃતિ આવે, સ્મૃતિ રહે તે હેતુસર સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં સમૂહપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રીએ આ તમામ બાળકો પર અમીદૃષ્ટિ કરી, સમૂહછબી પડાવી બાળકોને વિશેષ સ્મૃતિ આપી.

સત્સંગ પરીક્ષા દિન નિમિત્તેના વિશિષ્ટ કાર્યક્રમમાં સત્સંગ શિક્ષણ પરીક્ષા વખતે કેવી મનઃસ્થિતિઓ હોય છે તે દર્શાવતો સંવાદ 'જુલાઈ કદી ન ભુલાય' રજૂ થયો. આ સંવાદમાં વિપરીત પરિસ્થિતિઓમાં પણ સત્સંગ શિક્ષણ પરીક્ષા આપતા હરિભક્તોના પ્રેરક પ્રસંગો રજૂ કરાયા હતા.

સંવાદની પૂર્ણાહુતિ બાદ છેલ્લાં દસ વર્ષમાં મુંબઈના હરિભક્તોએ સત્સંગ શિક્ષણ પરીક્ષામાં લાવેલા ઉત્કૃષ્ટ પરિણામનું સરવૈયું રજૂ થયું. પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરનાર પરીક્ષાર્થીઓને સ્વામીશ્રીના હસ્તે ગોલ્ડમેડલ અને આશીર્વાદ પ્રાપ્ત થયા.

આ પ્રસંગે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''સંવાદમાં પ્રશ્ન પુછાયો કે 'અમારે અક્ષરધામ રોકડું છે, પછી પરીક્ષા આપવાની જરૂર શું?' તો જવાબ છે - 'રાજીપા માટે.'

મહારાજ-સ્વામી, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજના રાજીપાની કિંમત અંકાય એમ જ નથી. આપણે વાત કરીએ છીએ 'રાજીપો લેવો... રાજીપો લેવો...' પણ સમજતા નથી કે રાજીપો શું છે? સત્સંગ પરીક્ષા આપવાનો રાજીપો જુદો જ છે. કોનો રાજીપો મળે છે! એ વિચારવું. આજ્ઞા બરાબર પાળીએ અને રાજીપો શબ્દ બરાબર સમજીએ તો બધું એમાં આવી જાય.''

સ્વામીશ્રીએ આશીર્વાદમાં સૌને રાજીપાનો મહિમા દૃઢાવ્યો હતો.

## બાળદિન

તા. ૨૮-૧૨-૨૦૧૮ના રોજ યોજાયેલી બાળદિનની સભામાં સ્વામીશ્રીએ બાળકોને ધૂન ઝિલાવી સભાનો શુભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ બાળકોને પ્રાર્થનાની સાચી રીત શીખવી. આજની સભાના મુખ્ય કાર્યક્રમમાં શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાનાં બાળચરિત્રોને આધારે ગુંજી ઊઠેલા બાળપણના કીર્તનના તાલે બાળવૃંદે એક એક ભક્તિનૃત્ય પ્રસ્તુત કર્યું. પછી ગુરુઓના જીવનપ્રસંગ આધારિત સ્વામીશ્રીએ પણ અદ્‌ભુત કૃપાલાભ આપ્યો હતો. અંતમાં સ્વામીશ્રીએ પોતાના બાળપણના પ્રસંગો વર્ણવી સૌને અવિસ્મરણીય સ્મૃતિ પ્રદાન કરી હતી.

તા. ૨૯-૧૨-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી 'યુવાઉત્કર્ષ દિન' નિમિત્તેની સભામાં ૪૭૦૦ જેટલાં યુવા-યુવતીઓએ ઉપસ્થિત રહી આજની સભાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. શ્રી હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવતાં સ્વામીશ્રીએ યુવાઉત્કર્ષ પ્રવૃત્તિનો અહીં મંગલ પ્રારંભ કરાવ્યો હતો.

સભાના અંતમાં સ્વામીશ્રીએ આશીર્વચનમાં 'સ્વભાવ સુધારવો' અને 'સંપ રાખવો' વિષય પર વિશેષ ભાર મૂક્યો હતો.

## પરપ્રાંત દિન

તા. ૩૦-૧૨-૨૦૧૮ના રોજ યોજાયેલી સભામાં મુંબઈમાં રહેતા રાજસ્થાની ભાઈઓએ પ્રાદેશિક દિનની ઉજવણી કરતા વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કરી સ્વામીશ્રીના આશિષ પ્રાપ્ત કર્યા હતા. રાજસ્થાની ભાઈઓએ શોભાયાત્રા યોજી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું ત્યારે સ્વામીશ્રી મસ્તક પર ભગવા રંગનું ફાળિયું ધારણ કરી તેમાં જોડાયા હતા. ઉત્સાહમાં થનગનતી સાંઢણી સાથે નૃત્ય કરતાં સૌ સભામાં પ્રવેશ્યા. સ્વામીશ્રીના આગમનની સાથે જ *'કેસરીયા બાલમ પધારો મ્હારે દેશ...'* રાજસ્થાની લોકગીતની ધમાકેદાર રજૂઆતથી સભામાં રાજસ્થાની માહોલ છવાઈ ગયો. વાતાવરણ જીવંત અને આનંદમય થઈ ઊઠ્યું. સવારી ઉપમંચ આગળ વિરમી. મયૂરો અને ફૂલોથી ખૂબ સુંદર રીતે સજાવેલા મંચની મધ્યમાં સ્વામીશ્રી બિરાજ્યા.

મુંબઈમાં ચાલતા રાજસ્થાની બી.એ.પી.એસ. બાળમંડળના બાળકોએ રાજસ્થાની પરિવેશમાં સજ્જ બની *'ધીરે ધીરે ધીરે ધીરે જી, મહંત સ્વામી આપનો નેહડો લાગ્યો રે...'* કીર્તન પર ભક્તિનૃત્ય કરી સ્વામીશ્રીને વધાવ્યા.

નૃત્યાંજલિ બાદ 'बावसी रो हुकम' નામક પ્રેરક સંવાદ રજૂ થયો. સંવાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ મારવાડી ભાષાનું લખાણ વાંચ્યું: 'बावसी रो हुकम है के भगवान भजणा, सत्संग करणो अने संत री सेवा करणी।' ત્યારબાદ આશીર્વર્ષા કરતાં જણાવ્યું : ''પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી પર આવ્યા અને આપણા માટે સસ્તા થયા. તેઓ આપણને ક્યારેય મળ્યા નથી. તેઓની સાથે મુલાકાત થઈ. આ નાની વાત નથી. જો આ મહિમા સમજાશે તો ભજન-સત્સંગ અવશ્ય થશે. સંતના સમાગમથી જ ભગવાનનો મહિમા સમજાશે. આ અવસર જવા દેતા નહીં. કરોડો-અબજો રૂપિયાની વાત બે પૈસામાં મળી ગઈ છે. આ મહિમા સમજીને ભગવાન બાજુ ઢળશો તો ખૂબ જ મોટું કામ થશે.''

અંતમાં સંતો અને અહીંના અગ્રણી રાજસ્થાની ભક્તોએ કલાત્મક હારતોરાથી સ્વામીશ્રીને સત્કારી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## યુવા અધિવેશન ઉદ્‌ઘોષ સમારોહ

તા. ૩૧-૧૨-૨૦૧૮ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલા 'યુવા અધિવેશન ઉદ્‌ઘોષ સમારોહ'નો લાભ લેવા મુંબઈના વિવિધ પરાંઓમાંથી ઊમટેલાં યુવા-યુવતીઓથી સભાગૃહ હકડેઠઠ ભરાયો હતો. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભાના પ્રારંભમાં વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો.

આજના પ્રસંગે સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે 'અખિલ ભારતીય યુવા અધિવેશન-૨૦૧૯'નો મંગલ પ્રારંભ કરાવ્યો. સામે બેઠેલા સૌ યુવાઓએ બી.એ.પી.એસ.ના ધ્વજ ફરકાવી અધિવેશનને વધાવી લીધું.

આ પ્રસંગે શુભ પ્રેરણાશિષ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''તમામ યુવકો અધિવેશનમાં ભાગ લે. બાળમંડળનું અધિવેશન પણ છે તો બાળકોય તેમાં ભાગ લે. એટલે બધા અધિવેશનમાં ભાગ લે. મુખપાઠ કરે ખૂબ આનંદમાં ને કેફમાં! મરતી મરતી કાન હલાવવાની વાત નહીં. મોળી વાત કરે તે હંમેશાં મોળો જ રહે. કોઈ રીતે બરકત ન આવે. આવા ભગવાન ને સંત મળ્યા તો કેમ મજા ન કરીએ! સર્વોપરી પ્રાપ્તિ થઈ છે એટલે બળમાં રહેવું.''

સ્વામીશ્રીનાં આ આદેશવચનો શિરોધાર્ય કરી સૌ યુવાનો અધિવેશનમાં ભાગ લેવા કટિબદ્ધ થયા.

## અક્ષરપુરુષોત્તમ દિન

તા. ૨-૧-૨૦૧૯ના રોજ 'અક્ષરપુરુષોત્તમ દિન'ની ભક્તિપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. સભાના પ્રારંભમાં વિવેકસાગર સ્વામીએ 'અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતગાથા' વિષયક પ્રવચન કર્યું. ત્યારબાદ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં કીર્તનોની રમઝટ સાથે જબરેશ્વર મહારાજ અને અક્ષરપુરુષોત્તમ દર્શનના ગ્રંથોની પાલખીયાત્રા યોજાઈ. બાળ-યુવાવૃંદે ભક્તિનૃત્ય કરતાં, પુષ્પાંજલિ કરી યાત્રાને વધાવી. મંચ પર સ્વામીશ્રીએ જબરેશ્વર મહારાજ અને ગ્રંથોનું પૂજન કર્યું.

અક્ષરપુરુષોત્તમ દર્શનના ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી કેવી રીતે આ ભાષ્ય ગ્રંથો રચાયા તે ગાથા પ્રશ્નોત્તરીના માધ્યમથી કહી.

અંતમાં સ્વામીશ્રીએ ભદ્રેશદાસ સ્વામીની સેવાભાવનાને બિરદાવી આશીર્વર્ષા કરતાં જણાવ્યું: ''યોગીબાપાએ સંકલ્પ કરેલો '૨૧ શાસ્ત્રી ને ૨૧ આચાર્ય તૈયાર કરવા.' યોગીબાપાના ઘણા સંકલ્પો પ્રમુખસ્વામી મહારાજે સિદ્ધ કર્યા છે. એ રીતે આ બધું કાર્ય થયું છે.'' આશીર્વચન બાદ સ્વામીશ્રીએ પ્રતિજ્ઞા ઝિલાવી સૌને અક્ષરપુરુષોત્તમ દર્શન માટે સૌને કટિબદ્ધ કર્યા હતા.

## ઘરસભા દિન

તા. ૩-૧-૨૦૧૯ના રોજ યોજાયેલી 'ઘરસભા દિન' નિમિત્તેની

સભામાં 'ઘરસભા' વિષયક સંવાદ રજૂ થયો હતો. જેમાં ઘરસભા કરવામાં નડતરરૂપ બનતા પ્રશ્નોનું સુંદર માર્ગદર્શન પ્રસંગો દ્વારા આપવામાં આવ્યું હતું. સંવાદના અંતે ઘરસભાનો મહિમા વર્ણવતાં *'સબ દર્દો કી એક દવા ઘરસભા...'* કીર્તન પર બાળકો-કિશોરો અને યુવાનોએ ભક્તિનૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

ઘરસભાનો મહિમા કહેતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે ઘરસભા આપીને ગજબનું કાર્ય કર્યું છે. ઘરસભાની સમજણ આવતી જાય તેમ તેમ સુખશાંતિ વધતાં જાય, પરિસ્થિતિ એની એ હોય તોયે. માટે બધાએ ઘરસભા કરવી ને તમે ચમત્કાર જોજો. ઘરસભા એવી સમજણ ઊભી કરે કે ઘરનાં બધાં સભ્યોના અરસપરસ ભેદ ટળી જાય, પ્રોબ્લેમ સોલ્વ થઈ જાય. ઘરસભાથી શાંતિ થઈ જાય. લાખો લોકોનો આ અનુભવ છે.''

## બ્રહ્મકિલ્લોલ દિન

તા. ૪-૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલી 'બ્રહ્મકિલ્લોલ દિન'ની સભામાં આત્મસ્વરૂપદાસ સ્વામીએ યોગીબાપા અને સ્વામીબાપાના રમૂજી પ્રસંગો રજૂ કર્યા હતા. ત્યારબાદ સ્વામીશ્રીએ બ્લોક્સ (Blocks) નામના વાદ્યમાંથી સંગીતના સૂરો રેલાવી બાળકો-યુવાનો અને હરિભક્તોને સંગીત-ખુરશીની રમત રમાડી હતી.

અંતમાં સ્વામીશ્રીએ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સ્મરણીય આનંદપ્રેરક પ્રસંગો કહી સૌને બ્રહ્મકિલ્લોલ કરાવ્યો હતો.

## સમયદાન યજ્ઞદિન

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું દિવ્ય જીવન અસંખ્ય લોકોનાં કલ્યાણના એક મહાન યજ્ઞસમું બની રહ્યું છે. તેઓના આ દિવ્ય જીવનને સમયની અંજલિ અર્પતો વિશિષ્ટ કાર્યક્રમ મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં તા. ૫-૧-૨૦૧૯ના રોજ મુંબઈ સત્સંગ મંડળના બાળકો-યુવકો-કાર્યકરોએ સભામાં રજૂ કર્યો હતો.

સમયદાન યજ્ઞદિન નિમિત્તે યોજાયેલી આજની સભાના પ્રેરણાત્મક કાર્યક્રમરૂપે 'સમય: સ્વામી સાથે, સ્વામી માટે' સંવાદ રજૂ થયો હતો. સંવાદના એક દૃશ્યમાં દર્શાવાયું કે, મુંબઈ ખાતે ઊજવાનાર ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવે સેવાકાર્યમાં જોડાયેલા બાળક, યુવક અને વડીલને માનવનું રૂપ ધરીને આવેલા સમયે પૂછ્યું, 'તમે તમારો આટલો કીમતી સમય અહીં કેમ વેડફો છો?' તેમણે ઉત્તર આપ્યો: 'પ્રમુખસ્વામી મહારાજે અમારા માટે ઘણું કર્યું છે! પ્રેરણા, હૂંફ, સમય, પ્રેમ ને ઘણું ઘણું આપ્યું છે તો અમે આટલું ન કરીએ?!' આ વાતની પુષ્ટિ કરતા વીડિયો-શો પણ દર્શાવવામાં આવ્યા.

અંતમાં સેવાનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમે બધા સમય આપવા માટે થનગની રહ્યા છો. ને એ જ જિંદગીનો લહાવો છે. આ સેવા કરશો તેમાં તમને આનંદ આવશે. દિવ્ય આનંદ આવશે.'

આશીર્વચનમાં સ્વામીશ્રીએ સૌને જન્મજયંતી મહોત્સવ ઉપક્રમે સમયદાન કરવાની અદ્‌ભુત પ્રેરણા દીધી.

## રવિસભા દિન

તા. ૬-૧-૨૦૧૯ના રોજ ગુરુહરિની પાવન ઉપસ્થિતિમાં 'રવિસભા દિન' નિમિત્તે યોજાયેલી વિશિષ્ટ સભાનો લાભ લેવા માટે ઊમટેલા હજારો ભક્તોથી સભાગૃહ છલકાતો હતો. ધૂન-પ્રાર્થના બાદ 'રવિસભા તમારી રાહ જુએ...' શીર્ષક હેઠળ સંવાદ રજૂ થયો.

સંવાદ બાદ પ્રશ્નોત્તરી આરંભાઈ, જેમાં સત્સંગ સમાજના દરેક વર્ગના પ્રતિનિધિ સમા પાંચ સભ્યોને મંચ પર આમંત્રિત કરાયા. સાથે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી પણ ઉપસ્થિત હતા. આ તમામ સત્સંગીઓ વિકટ પરિસ્થિતિમાં પણ રવિસભા ચૂક્યા નથી. રવિસભા ભરવાથી પોતાના જીવનમાં અનેક ફાયદા થયા, સત્સંગમાં જોડાણ વધ્યું અને સત્પુરુષમાં દૃઢ પ્રીતિ થઈ વગેરે સુંદર બાબતો પ્રશ્નોત્તરીના માધ્યમથી તેઓએ પ્રસ્તુત કરી. ઉપરાંત મુંબઈ દાદર મંદિરથી દૂર રહેતા હોય, પોતે અપંગ હોય, પોતાનો દીકરો અપંગ હોય એવા બીજા કેટલાક હરિભક્તો પણ વિકટ પરિસ્થિતિઓમાં નિયમિત રવિસભા ભરે છે, સ્વામીશ્રીએ તેમને રાજીપાભર્યા આશીર્વાદ આપ્યા. ત્યારબાદ 'આત્મકલ્યાણનો રાહ રવિસભા' નામક અન્ય એક સંવાદ રજૂ થયો. જેમાં હરિભક્તને મનજી(મન) રવિસભા ન ભરવા સમજાવે છે. જ્યારે દેવજી (આત્મા) રવિસભા ભરવા પ્રેરે છે, તેવું દર્શાવાયું.

આજના દિને શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ ભગવાન ને સંત મળ્યા તે ખરેખર મોટી વાત છે. તેમનો ભેટો થયો. મુક્તિનાં દ્વાર ખૂલી ગયાં. બ્રહ્મ અને પરબ્રહ્મ સાક્ષાત્ વિરાજમાન છે. તેઓને મૂકીને બીજું કરવું તે અલેખે છે. અને આ સત્સંગ સહજાનંદી સત્સંગ છે. જે રોકડો મોક્ષ આપે, એટલે આ અવસર ચૂકતા નહીં. આ જન્મે ચૂકી ગયા તો પછી ક્યારે જોગ થશે? માટે બીજું કામ પડતું

મૂકીને આ મોક્ષની સાધના કરી લેવી.''

આશીર્વચન બાદ સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને રવિવારના દિવસે સવારે અને સાંજે એમ બે ભાગમાં યોજાનાર રવિસભાનો મંગલ પ્રારંભ કરાવ્યો. રવિસભા ભરવાનાં પ્રેરણાવચનો કહી સ્વામીશ્રીએ સૂત્ર લખ્યું: 'રવિસભા દિવ્ય સુખ માટે જ.'

## વર્ણી વિચરણ દિન

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે બાળવયે કરેલા વિચરણની સ્મૃતિના એક ભાગરૂપે સમગ્ર મુંબઈ શહેરમાં શ્રી નીલકંઠ વર્ણીની પધરામણી યોજાઈ હતી. આ કાર્યક્રમના ઉપક્રમે તા. ૭-૧-૨૦૧૯ના રોજ મુંબઈ સત્સંગ મંડળે 'વર્ણી વિચરણ દિન'ની ઉજવણી કરી વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો. આ પ્રસંગે શ્રી નીલકંઠવર્ણીને કરમાં ધારીને સ્વામીશ્રી સભામાં પધાર્યા. મંચની પશ્ચાદ્ભૂ હિમાલયનાં ઉત્તુંગ શિખરોથી શોભી રહ્યું હતું. શ્રી નીલકંઠવર્ણી અને ગુરુપરંપરાની મૂર્તિઓ તેમાં વિરાજિત થઈ દર્શનસુખ આપી રહી હતી.

'પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય સંદેશ, મહંત સ્વામી મહારાજના દિવ્ય પગલે...' કેન્દ્રીય વિષય સાથે મુંબઈ શહેરમાં શ્રી નીલકંઠવર્ણીની ચલમૂર્તિનું વિચરણ થયું હતું, જેમાં શીખ, પારસી, ક્રિશ્ચિયન અને મુસલમાન ભાવિકોએ પણ પોતાના ઘરે પધરામણી કરાવી અભિષેક કર્યો હતો. નીલકંઠવર્ણીએ બધાના શુભ સંકલ્પો પૂરા કર્યા અને વિશેષ ફળશ્રુતિ તો એ કે જે ગુણભાવીઓ હતા તેમનો સત્સંગ પાકો થયો. આ રીતે એક વર્ષમાં કુલ ૫૮,૦૦૦ ઘરોમાં નીલકંઠવર્ણીની પધરામણી થઈ. આ આખાય પ્રોજેક્ટની સમજૂતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સભાજનોને આપવામાં આવી. નીલકંઠવર્ણીના વિચરણથી કેવી-કેવી અનુભૂતિઓ થઈ તેનો વીડિયો પણ દર્શાવવામાં આવ્યો.

સભાના અંતે સ્વામીશ્રીએ આવતા વર્ષે નીલકંઠ વર્ણીની પધરામણીનો ત્રણ ગણો લક્ષ્યાંક આપી, સૌને આ સેવાકાર્યમાં જોડાવા માટે વિશેષ પ્રેરણાવચનો કહ્યાં.

આજના અવસરે સ્વામીશ્રીના નિજહસ્તે બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત (જીવન અને કાર્ય), જેને ગુણે રીઝયા ગિરધારી, પરાભક્તિ અને પ્રેમ સરવાણી - આ ચાર કિંડલ ગુજરાતી પ્રકાશનો પ્રકાશિત થયાં હતાં.

## અન્નકૂટ દિન

તા. ૯-૧-૨૦૧૯ના રોજ 'અન્નકૂટ દિન' નિમિત્તે સભાગૃહનો આખોય મંચ અન્નકૂટની વિવિધ વાનગીઓથી સુશોભિત હતો. ૧૧૦૦ વાનગીઓના ભવ્ય અને અતિ સુંદર અન્નકૂટની મધ્યે અક્ષરપુરુષોત્તમ મહારાજ સંતો-ભક્તોનો ભાવ સ્વીકારી રહ્યા હતા.

સ્વામીશ્રી, વરિષ્ઠ સંતો અને મહાનુભાવોએ આ તમામ દિવ્ય સ્વરૂપોની આરતી ઉતારી. આરતી બાદ સ્વામીશ્રીએ ખૂબ ભાવથી *'મારે ઘેર આવજો છોગલા ધારી...'* થાળનું ગાન કરી વિશેષ ભક્તિભાવ અર્પ્યો.

સૌને ગુરુહરિનાં વિશિષ્ટ દર્શનનો લાભ પ્રાપ્ત થાય તે માટે સ્વામીશ્રી અન્નકૂટના પૃષ્ઠભાગે પધાર્યા.





સભામંડપની લાઈટો બંધ થઈ ને ઢોલ ઢબૂક્યા. શરણાઈઓના સૂરો રેલાયા ને સ્વાગતગીત ગુંજી ઊઠ્યું. પુનઃ અજવાળું થયું ત્યારે સ્વામીશ્રી અન્નકૂટ મધ્યેથી દર્શનલાભ આપી રહ્યા હતા. કંઠમાં સુંદર હાર આરોપિત હતો. મસ્તકે પાઘ ધારણ કરેલી હતી ને હાથ જોડેલા હતા. ગુરુહરિનાં દિવ્ય દર્શનથી આનંદના ઉદ્‌ગારો ને તાળીનાદથી સભાહૉલ ગુંજી ઊઠ્યો.

આશીર્વચનમાં સૌના ભક્તિભાવને બિરદાવી સ્વામીશ્રીએ કહ્યું : ''પ્રમુખસ્વામી મહારાજ, યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજીમહારાજ આ પૃથ્વી ઉપર આવ્યા ને આપણને આ ભક્તિનો લહાવો આપ્યો. આપણને આવો ભક્તિભાવ હંમેશાં રહે ને આગળ ને આગળ વધતા રહીએ એ જ પ્રાર્થના.''

**સદાચાર દિન**

તા. ૧૦-૧-૨૦૧૯ના રોજ યોજાયેલી 'સદાચાર દિન' નિમિત્તેની સભામાં સત્સંગી માટે સદાચારના પાઠ શીખવતી વિવિધ રજૂઆતો બાળકાર્યકરો દ્વારા પ્રસ્તુત થઈ, જેમાં બહારની ખાણીપીણીનો ત્યાગ, મોબાઇલનો વિવેકપૂર્ણ ઉપયોગ, એકાદશીનો અદ્‌ભુત મહિમા અને સંતોને પ્રણામ કરવાની આદર્શ રીત વગેરે જેવા પ્રેરણાદાયી સંદેશાઓ વણી લેવામાં આવ્યા હતા. અંતમાં સ્વામીશ્રીએ સદાચારી જીવન જીવવા અંગે સુંદર પ્રેરણાવચનો કહ્યાં હતાં.

દાદર મંદિરની સામે સ્વામિનારાયણ ચોક પર બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા 'સર્કલ ઓફ યુનિટી' રચવામાં આવ્યું છે. આજે શ્રી હરિકૃષ્ણ મહારાજ અને જબરેશ્વર મહારાજની દૃષ્ટિ કરાવી, પુષ્પવર્ષા કરીને સ્વામીશ્રીએ તેનું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું હતું.

**સત્સંગ સભા**

તા. ૧૧-૧-૨૦૧૯ના રોજ યોજાયેલી સત્સંગ સભામાં - 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાં ઉલ્લેખાયેલાં ત્રણ મૂલ્યોઃ 'નિર્માનીપણું, ધીરજ અને ક્ષમા'ના પ્રથમ અક્ષરો ભેગા કરીને સ્વામીશ્રીએ જ 'નિધીક્ષ' શબ્દ રચ્યો છે. આ જ શીર્ષક અને મધ્યવર્તી વિચાર કેન્દ્રમાં રાખીને અક્ષરકીર્તનદાસ સ્વામી લિખિત 'નિધીક્ષ' સંવાદ રજૂ થયો હતો. સંવાદનો સંદેશ હતોઃ 'સુખ કમાવી આપતા સારા સંબંધો કેળવવા 'નિધીક્ષ' અનિવાર્ય છે. અને તે નિધીક્ષ આવે છે - ઘરસભાથી. વળી, ઘરસભાથી સૌથી મોટો લાભ થાય છે – સત્પુરુષનો રાજીપો.'

સંવાદના સંદર્ભમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યુંઃ ''સાક્ષાત્ શ્રીજીમહારાજે કહ્યું છેઃ 'જે નિર્માનીપણું, ધીરજ અને ક્ષમા રાખે તે ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ ગયો.' ત્રણ ગુણથી પર એ જેવી તેવી વાત નથી. એ એકાંતિક ભાવ પામી ગયો. આજ્ઞાને સમજી વિચારીને આત્મસાત્ કરીએ તો કાંઈ બાકી રહે નહીં.''

**પ્રતીક ઝોળી ઉત્સવ**

તા. ૧૩-૧-૨૦૧૯ના રોજ


સ્વામીશ્રીના સાંનિધ્યમાં પ્રતીક ઝોળી ઉત્સવ ઊજવી મુંબઈ સત્સંગ મંડળે સમર્પણની સરિતા વહાવી કૃતાર્થતાની લાગણી અનુભવી હતી.

આજના ઉત્સવનો મુખ્ય સમારોહ મહાનગરી મુંબઈના વડાલા વિસ્તારમાં 'ભક્તિ પાર્ક' ખાતે યોજાયો હતો. ઝોળી ઉત્સવની સભાનો લાભ લેવા તેમજ મુંબઈ ખાતેના સ્વામીશ્રીના રોકાણના અંતિમ દિનનાં દર્શને મુંબઈના ખૂણે ખૂણેથી ઊમટેલા ૧૨,૦૦૦થી વધુ ભક્તો-ભાવિકોથી સભાસ્થાન ખીચોખીચ ભરાઈ ગયું હતું. ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી સભાનો કેન્દ્રીય વિષય હતોઃ 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો!'

'શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાએ ઝોળી માંગી, ને સામે શું આપ્યું!' તે વિષયક વીડિયો, સંવાદો અને પંક્તિનૃત્યો રજૂ થયાં. આ જ વિષયને અનુલક્ષીને કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પ્રબુદ્ધમુનિદાસ સ્વામી, શ્રુતિપ્રકાશદાસ સ્વામી, વિવેકનિધિ સ્વામી, આત્મસ્વરૂપદાસ અને વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા તે વાતને પરિપુષ્ટ કરી હતી. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની ભાવનાઓને પ્રસ્તુત કરતાં વીડિયો અને નૃત્ય રજૂ થયાં.

જ્ઞાનેશ્વરદાસ સ્વામી લિખિત *'સોનાના મહેલ અમે માગ્યા, મહંતજીએ સોનાનાં હૈયાં દઈ દીધાં...'* ભક્તિગીત પર બાળકો-યુવાનોએ નૃત્ય પ્રસ્તુતિ કરી. નૃત્ય બાદ કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી સમગ્ર મુંબઈ સત્સંગ મંડળ વતી ઝોળી લઈને સ્વામીશ્રી સમક્ષ પધાર્યા. સ્વામીશ્રીએ મુંબઈની ઝોળીમાં 'ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ' ભેટ ધર્યો. સૌએ તાળીઓના ગડગડાટથી આ અણમોલ ભેટને વધાવી જયજયકાર કર્યો.

આજના શુભ પર્વે આશિષદાનથી સૌને કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે કહ્યું: 'એક ગણું દાન ને અનંતગણું પુણ્ય!' વળી, યોગીબાપા કહેતાઃ 'આ દેના બૅંક છે, લેના બૅંક નથી.' આ ખાલી વાતો કરી નથી. યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજે ખરેખર રાંકમાંથી રાજા બનાવ્યા છે. એટલે મૂંઝાતા નહીં. સીધા એકાંતિકના ભાવને પમાડી દઈશું. તમે જે કણ આપ્યો છે તેનું અનંતગણું પુણ્ય થશે. એટલે તમે અહીં આવીને જે કંઈ સેવા કરો તે બધાનું ફળ મળશે. અંતે ફળ તો મોક્ષનું છે. પણ મૂંઝાતા નહીં, બધાને જે ઇચ્છા હોય તે બધું જ પ્રાપ્ત થશે.



દક્ષિણથી ઉત્તર તરફ એટલે ઊર્ધ્વગતિ. તેમ બધા હરિભક્તોને અનુભવ છે કે 'આપણે પ્રગતિ જ છે. દિવ્ય ગતિ થઈ રહી છે.' બસ, આવી રીતે બધા આનંદ કરજો, મજા કરજો. આ સત્સંગમાં જે થઈ રહ્યું છે, તે બધું જ સવળું છે, ઊર્ધ્વગતિ પમાડે તેવું છે.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સૌએ ઠાકોરજીની સમૂહ આરતી ઉતારી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુવર્યોને વિશેષ ભક્તિભાવથી વધાવ્યા.

આજના અવસરે સ્વામીશ્રીએ, રમેશભાઈ દવે લિખિત નૂતન 'રસેશ્વર રસિકવિહારી ભગવાન સ્વામિનારાયણ' પુસ્તકનું વિમોચન કર્યું.

આજના ઉત્સવની સ્મૃતિ આપતાં સ્વામીશ્રીએ બંને ખભે ઝોળી ધારણ કરી, ઘેરા મીઠા સ્વરે આહ્‌લેક જગાવીઃ 'સ્વામિનારાયણ હરે! સચ્ચિદાનંદ પ્રભો!' સ્વામીશ્રીની સાથે ખભે ઝોળી ધારણ કરી ઊભેલા કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરેએ આહ્‌લેકને પ્રતિધ્વનિત કરી. સૌ ભક્તોએ તાળીનાદથી આ ક્ષણને વધાવી લીધી.

ત્યારબાદ ઉત્તરાયણની દાનશૃંખલા શરૂ થઈ. સ્વામીશ્રી સમક્ષ વિશાળ, ત્રિકોણાકાર ઝોળી મૂકવામાં આવી હતી. આબાલવૃદ્ધ ઉપસ્થિત સૌએ ભક્તિભાવપૂર્વક દાન અર્પી સ્વામીશ્રીની ઝોળી છલકાવી દીધી. હરિભક્તો તરફથી પોતાની સેવાનો અને સ્વામીશ્રી તરફથી અંતરના આશિષનો પ્રવાહ વહેતો રહ્યો.

આમ, આજનો આ અવસર મુંબઈના હરિભક્તો માટે અવિસ્મરણીય બની રહ્યો.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆




### ૪૦ યુનિવર્સિટીઓ તથા ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રીશ્રીએ મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને આપ્યું

# ‘આચાર્યપ્રવર’ અને ‘તત્ત્વજ્ઞાન-શિરોમણિ’ બહુમાન

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ ઉપનિષદ, ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્રો પર પરંપરાગત શૈલીમાં અભિનવ ભાષ્યની રચના કરીને ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરામાં એક અનોખું પ્રદાન આપ્યું છે. તેઓના આ પ્રદાન બદલ ભારતના જુદા જુદા પ્રાંતોની વિવિધ યુનિવર્સિટીઓએ તેઓનું બહુમાન કર્યું છે. એ જ શૃંખલામાં તાજેતરમાં તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ઉત્તર પ્રદેશની ૪૦ યુનિવર્સિટીઓ દ્વારા ભદ્રેશદાસ સ્વામીને ‘આચાર્યપ્રવર’ ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉ ખાતે અટલબિહારી વાજપેયી સાયન્ટિફિક કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા આ સન્માન સમારોહમાં ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી શ્રી દિનેશ શર્મા સહિત ૪૦ યુનિવર્સિટીઓના કુલપતિઓ તથા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સન્માન સમારોહના આરંભમાં દીપપ્રાગટ્ય બાદ બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નીલમણિપ્રસાદ વર્માએ ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું. સંબોધન કરીને ભદ્રેશદાસ સ્વામીને બિરદાવતાં તેઓએ બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી વતી ‘એક્સલેન્સ ઈન ફિલોસોફી’ (તત્ત્વજ્ઞાન-શિરોમણિ) પુરસ્કાર અર્પણ કરીને સન્માન્યા હતા.

ઉત્તર પ્રદેશના ગવર્નર શ્રી રામ નાઈકે પણ આ ઐતિહાસિક કાર્યની પ્રશંસા કરીને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. તેનું પણ અહીં પઠન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી શ્રી દિનેશ શર્માજીએ જણાવ્યું હતુંઃ ‘આજે આ સમારોહમાં મારી નજર જ્યાં જ્યાં પડે છે, ત્યાં મને વરિષ્ઠ વ્યક્તિઓ દેખાય છે. આટલા બધા કુલપતિઓ એક સાથે આજે અહીં ઉપસ્થિત છે. નૂતન દર્શનની રચના એ આ શતાબ્દીની સૌથી મોટી ઘટના છે. સાહિત્ય, શાસ્ત્ર અને સંસ્કૃત ક્ષેત્રમાં પરિવર્તનની ઘટના છે. ‘આચાર્યપ્રવર’ ઉપાધિથી પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીજીને સન્માનિત કરતાં મને વિશેષ આનંદ થાય છે.’

મધ્યપ્રદેશના સાગર ખાતેના ડૉ. હરિસિંહ ગૌર વિશ્વ-વિદ્યાલયના કુલપતિ શ્રી બળવંત જાનીએ જણાવ્યુંઃ ‘આપણે કહી નહીં શકીએ કે આપણે વલ્લભાચાર્યના સમકાલીન

છીએ. આપણે એ પણ નહીં કહી શકીએ કે આપણે નિમ્બાકાચાર્યના સમકાલીન છીએ. પણ, આપણે કહી શકીશું કે આપણે ભદ્રેશદાસજીના સમકાલીન છીએ, જેમણે ભાષ્યનું લેખન કર્યું છે.'

શોભિત વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી કુંવર શેખર વિજેન્દ્રજીએ જણાવ્યું હતું: 'સ્વામી ભદ્રેશદાસજીનું સન્માન એ વિશ્વવિદ્યાલયનું જ નહીં, સમગ્ર દેશનું સન્માન છે. ભારતને આપણે જોઈએ છીએ ત્યારે ખબર પડે છે કે એ દેશ નહીં પણ સંદેશ છે. આ સંદેશને ફેલાવવા માટે શોભિત વિશ્વવિદ્યાલય દ્વારા ભદ્રેશદાસ સ્વામીજીને ઓનરરી પ્રોફેસર તરીકે અમારે ત્યાં સેવા આપવા માટે વિનંતી કરવામાં આવી છે, જે તેઓએ સ્વીકારી છે. તેથી અમે ભદ્રેશદાસજીના આભારી છીએ.'

લખનઉ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. રામસુમિર યાદવજીએ જણાવ્યું: 'આપણા સંસ્કૃત જગતમાં આ પ્રકારનું કાર્ય કરનાર કોઈક જ મહાપુરુષ જન્મે છે, જે ભદ્રેશદાસ સ્વામી છે.'

લખનઉ યુનિવર્સિટીના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. વ્રજેશકુમાર શુક્લે જણાવ્યું: 'ભારતીય દર્શન પરંપરા અંતર્ગત આચાર્ય ભદ્રેશદાસજીનું નામ આચાર્ય શંકર, રામાનુજાચાર્ય તથા મધ્વાચાર્ય જેવા વિદ્વાનોની સમકક્ષ છે. આ દર્શનનું નામ છે – અક્ષરપુરુષોત્તમ દર્શન. આ ગ્રંથમાં કોઈપણ મતનું ખંડન કર્યા વિના પોતાના મતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેમ નર અને નારાયણ છે, લક્ષ્મી અને નારાયણ છે તેમ જ સ્વામિનારાયણ છે. 'સ્વામી અને નારાયણ' એ અક્ષરબ્રહ્મ પરબ્રહ્મની જ વાત કરે છે. એટલે જ સ્વામિનારાયણ શબ્દમાં જ આ 'અક્ષરપુરુષોત્તમ દર્શન' શબ્દ સ્પષ્ટ થાય છે. '

આ સન્માનના પ્રત્યુત્તરમાં ભદ્રેશદાસ સ્વામીએ વક્તવ્ય આપતાં જણાવ્યું: 'આ સન્માન પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણનું સન્માન છે. કારણ કે ભગવાન આપણને કૃપા કરીને શરીર આપે છે. અને આ મૂલ્યવાન શરીરમાં બુદ્ધિ, ઇંદ્રિય, મન પણ તેઓનાં જ આપેલાં છે. એટલે આજનો આ કાર્યક્રમ ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં સમર્પિત છે.

બીજી વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ધરતી પર પ્રગટ થઈને એક વિશિષ્ટ તત્ત્વજ્ઞાનનું પ્રદાન કર્યું, જેને આજે અક્ષરપુરુષોત્તમ દર્શનના નામથી ઓળખવામાં આવે છે. આ દર્શનની ઉત્પત્તિ ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનો દ્વારા જ થઈ હતી. જો આ ઉપદેશ આપવામાં જ ન આવ્યો હોત તો એ ભાષ્ય ગ્રંથ કેવી રીતે લખી શકાત!

ત્રીજી વાત એ કે આ ભાષ્ય પ્રમુખસ્વામી મહારાજે મને આજ્ઞા કરી અને પ્રેરણા આપી એટલે જ લખાયું છે. તેથી આ સન્માન મારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં સમર્પિત છે. તેમણે કેવળ આજ્ઞા જ નથી આપી કે આવું લખી દો, પરંતુ તેઓ સદાય સાથે રહ્યા હતા. અંતમાં, ગુરુહરિ મહંત સ્વામી મહારાજનું પણ સ્મરણ કરું છું. જેમના સાંનિધ્યમાં આજે અમે અમારી આધ્યાત્મિક ઉન્નતિ સાધી રહ્યા છીએ.'

અંતમાં, પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામીએ જણાવ્યું: 'ભગવાન સ્વામિનારાયણ દ્વારા ઉદ્‌બોધિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન'ના સારને સન્માનિત કરવો એ એક ઐતિહાસિક પ્રસંગ છે. આજે ૪૦ કરતાં વધુ વિશ્વવિદ્યાલયના કુલપતિ, પ્રતિનિધિઓ અને સ્વયં ઉપમુખ્યમંત્રી ઉપસ્થિત છે. ભદ્રેશદાસ સ્વામીના સન્માન માટે આજે અનેક મહાનુભાવો ઉપસ્થિત છે, તે જ તેમની વિદ્યા પ્રત્યેની અભિરુચિ અને આદર દર્શાવે છે. આજે આપ દ્વારા થયેલા સન્માનથી સમગ્ર દાર્શનિક જગત સન્માનિત થયું છે.'

કાર્યક્રમનાં અંતિમ ચરણોમાં રાષ્ટ્રગીતના ગાન સાથે સૌએ અક્ષર-પુરુષોત્તમ મહારાજનો જયજયકાર કરીને આ સન્માન સમારોહની પૂર્ણાહુતિ કરી હતી.

આમ, આ સન્માનનો કાર્યક્રમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગૌરવવંતા ઇતિહાસમાં એક વધુ સુવર્ણપૃષ્ઠ સમાન બની રહ્યું. ◆

૪૦ યુનિવર્સિટીઓના બહુમાન વચ્ચે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને 'આચાર્યપ્રવર'ના એવોર્ડથી સન્માનિત કરતા ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી શ્રી દિનેશ શર્મા...





# યુનાઈટેડ આરબ એમિરેટ્સની રાજધાની અબુ ધાબી ખાતે વિશ્વ બંધુત્વની વૈશ્વિક પરિષદમાં બી.એ.પી.એસ.નું પ્રતિનિધિત્વ...

સન ૨૦૧૯ના વર્ષને 'સહિષ્ણુતા વર્ષ' તરીકે ઊજવી રહેલા યુનાઈટેડ આરબ એમિરેટ્સ (યુ.એ.ઈ.) દ્વારા તાજેતરમાં એક ઐતિહાસિક વૈશ્વિક કોન્ફરન્સ યોજાઈ ગઈ: 'ગ્લોબલ કોન્ફરન્સ ઑફ હ્યુમન ફ્રેટરનિટી'. અર્થાત્ માનવજાતના વિશ્વબંધુત્વ પરની વૈશ્વિક પરિષદ. યુ.એ.ઈ.ની રાજધાની અબુ ધાબીના રાજવી શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાનના મુખ્ય યજમાન પદે 'મુસ્લિમ કાઉન્સિલ ઓફ એલ્ડર્સ' દ્વારા સંચાલિત આ વિશિષ્ટ કોન્ફરન્સ તા. ૩ અને ૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ યોજાઈ હતી.

રોમન કેથલિક ખ્રિસ્તી ધર્મના વડા નામદાર પોપ ફ્રાન્સિસની યુ.એ.ઈ. ખાતેની ઐતિહાસિક મુલાકાતની સાથે સાથે અબુ ધાબીના રિગલ એમિરેટ્સ પેલેસ હોટેલ ખાતે યોજાયેલી આ વૈશ્વિક પરિષદનું એક વૈશ્વિક મહત્ત્વ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ખ્રિસ્તી ધર્મના ઇતિહાસમાં પોપની યુ.એ.ઈ. ખાતેની આ સર્વપ્રથમ મુલાકાતનું મહત્ત્વ પણ અનેક દૃષ્ટિએ અનન્ય હતું. આ પરિષદ આરબ જગતની એવી સર્વપ્રથમ પરિષદ હતી જેમાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, યહૂદી, બૌદ્ધ, શીખ વગેરે ધર્મોના વિશ્વભરના ૭૦૦ કરતાં વધુ પ્રસિદ્ધ ધર્મનેતાઓ અને વિદ્વાનોએ ભાગ લીધો હતો. તેમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરતા સંસ્થાના વિદ્વાન સંત બ્રહ્મવિહારીદાસ સ્વામીએ આ પરિષદમાં ભાગ લીધો હતો અને રોયલ કોર્ટના ખાસ નિમંત્રણથી આ પરિષદના ઉદ્‌ઘાટન સત્રમાં કીનોટ પ્રવચન આપ્યું હતું. ૩જી ફેબ્રુઆરીએ સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં યુ.એ.ઈ.ના શ્રી શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાને (મિનિસ્ટર ઑફ ટોલરન્સ) કહ્યું હતું 'વિશ્વબંધુત્વનો ઉચ્છેદ કરનારા અંતિમવાદ-આતંકવાદ, પૂર્વગ્રહ, ધૃણા, આક્રમકતા, લોભ અને અત્યાચાર જેવાં પરિબળોનો સામનો કરવાનું બળ આ સંમેલન પૂરું પાડે છે.'

ત્યારબાદ મંચસ્થ ધર્મનેતાઓએ સહિષ્ણુતા અને પ્રેમ દ્વારા કેવી રીતે વૈશ્વિક એકતાનું સર્જન કરી શકાય તે અંગે પોતાના મનનીય વિચારો પ્રસ્તુત કર્યા હતા, જેમાં નીચેના મહાનુભાવો શામેલ હતા: ઈજિપ્તના શ્રી અહમદ અબાઉલ ઘેઈટ (સેક્રેટરી જનરલ ઓફ ધ આરબ લીગ), શ્રી ડૉ. જેમ્સ ઝોગ્બી (આરબ અમેરિકન ઇન્સ્ટિટ્યૂટના સ્થાપક અને પ્રમુખ), શ્રી બિશપ યુલિઅસ (જનરલ બિશપ, કોપ્ટિક ઓર્થોડોક્સ ચર્ચ), શ્રી ડૉ. ઓલવ ફાઇક્સ ટ્વેઇટ (સેક્રેટરી જનરલ, વર્લ્ડ કાઉન્સિલ ઓફ ચર્ચીઝ, નોર્વે), શ્રી અલી અલ-અમીન (મુસ્લિમ કાઉન્સિલ ઓફ એલ્ડર્સ, લેબનોન) તેમજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના શ્રી બ્રહ્મવિહારીદાસ સ્વામી.

શ્રી અહમદ અબાઉલ ઘેઈટે કહ્યું: 'વિશ્વબંધુત્વનું આ વૈશ્વિક

સંમેલન માનવતા અને વિવિધતાના અર્કનો મહિમા વધારે છે.'

શ્રી ડૉ. જેમ્સ ઝોગ્બીએ કહ્યું: 'આ ઐતિહાસિક સંમેલને વૈશ્વિક એકતાની ચર્ચા કરવા માટે આ વિશ્વના ધર્મધુરંધરોને એક મંચ ઉપર એકત્રિત કર્યા છે.'

બિશપ શ્રી યુલિઅસે કહ્યું: 'વિવિધ સમુદાયો વચ્ચે બંધુત્વ એ એક સેફ્ટી વાલ્વ છે, જે માનવીના અસ્તિત્વને સાચવી રહ્યો છે. માનવગૌરવ એ એક સદ્‌ગુણ છે, જેને ઈશ્વરે કોઈ પણ ધર્મ કે રાષ્ટ્રીયતાના ભેદ વગર દરેકને અર્પ્યો છે.'

શ્રી ડૉ. ઓલવ ફાઇક્સ ટ્વેઈટે કહ્યું: 'આપણે સૌ એક જ માનવ પરિવારના સભ્યો છીએ. આપણે ભગવાનના પ્રેમનું પરાવર્તન કરીએ અને માનવજાતના હિતાર્થે એક જ પરિવારની માફક જીવીએ એ આપણી જવાબદારી છે.'

શ્રી અલી અલ અમીને કહ્યું: 'વિવિધ ધર્મો અને વિવિધ જાતિઓના લોકોનું સહ-અસ્તિત્વ સંભવ બનાવીને યુ.એ.ઈ.એ સહિષ્ણુતા અને સહનશીલતાનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સંમેલન માનવબંધન, તમામ દેશો અને ધર્મો વચ્ચે સંવાદના સંજોગોને પ્રબળ કરે છે, ધર્માંધતાને વખોડી કાઢે છે.'


બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પોતાના વિદ્વત્તાપૂર્ણ હૃદયસ્પર્શી પ્રવચનથી આંતરરાષ્ટ્રીય ધર્મધુરંધરોને ભાવગંગામાં વહાવ્યા હતા. તેમણે પ્રવચનમાં ભારતીય સંસ્કૃતિની વસુધૈવ કુટુંબકમની ભાવનાને ઉજાગર કરતાં કહ્યું: 'આપણે માનવો જ્યાં સુધી એકબીજા સાથે સ્નેહપૂર્ણ ભાષામાં વાત નહીં કરીએ, હળીમળીને સાથે ચાલીશું નહીં, એકબીજાનાં સુખ-દુઃખના ભાગીદાર નહીં થઈએ ત્યાં સુધી વિશ્વની અસીમ પ્રગતિ અને સમૃદ્ધિ અર્થહીન સાબિત થશે. આપણે માનવજીવન અને સંબંધોને તુચ્છ ગણીશું ત્યાં સુધી વિશ્વને ગમે તેટલી ઊંચાઈએ લઈ જઈએ તેનું કોઈ મહત્ત્વ નહીં રહે.' આગળ ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબિત કરીને તેમણે જણાવ્યું: 'સૂર્ય, પૃથ્વી, પાણી, હવા અને આકાશ સાર્વત્રિક અને વૈશ્વિક છે. અખિલ સૃષ્ટિ જો વૈશ્વિક હોય તો સ્વાભાવિક છે કે તેનો સર્જક ભગવાન પણ વૈશ્વિક હોય અને પરિણામે તે ભગવાન સુધી પહોંચવાના માર્ગ સમા સર્વે ધર્મો પણ વૈશ્વિક જ હોવા જોઈએ.' એમ કહીને યુ.એ.ઈ.ની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું: '૨૦૦ રાષ્ટ્રોના નાગરિકોને આશ્રય આપીને અને મંદિરના નિર્માણની પ્રવૃત્તિ કરાવીને યુ.એ.ઈ.એ શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વનું ઉદાહરણ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કર્યું છે.'

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ હિંદુ દર્શનના સારને સમગ્રતયા પ્રભાવક શૈલીમાં પ્રસ્તુત કર્યો. તેમણે યુ.એ.ઈ. પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તેમણે વિશ્વવંદનીય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ૨૦૦૦માં યુનો ખાતે મિલેનિયમ વર્લ્ડ પીસ સમિટમાં આપેલા વૈશ્વિક બોધની સ્મૃતિ કરાવી. બંધુત્વના ઉત્કૃષ્ટ સાક્ષી તરીકે તેમણે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ અને પ્રમુખસ્વામી મહારાજના પારસ્પરિક સંબંધોને જીવંત કર્યા, જેમાં પદ, વ્યવસાય, શિક્ષણ, ભાષા અને ધર્મનાં બંધનો સહજતાથી સમાપ્ત થઈ ગયાં હતાં.

ગ્લોબલ કોન્ફરન્સ ઓફ હ્યુમન ફ્રેટરનિટીની વિશિષ્ટતા એ હતી કે તેનું યજમાન પદ મુસ્લિમ કાઉન્સિલ ઓફ એલ્ડર્સે કર્યું હતું, તેનું ઉદ્‌ઘાટન-પ્રવચન હિંદુ સાધુ બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કર્યું અને સમાપન-પ્રવચન પોપ ફ્રાન્સિસે કર્યું. શાંતિ, એકતા અને બંધુત્વ એ આ સંમેલનનો સ્પષ્ટ સંદેશ હતો. બ્રહ્મવિહારીદાસ સ્વામીના આ સંબોધનનો અદ્‌ભુત પ્રભાવ સૌના મન-મસ્તિષ્ક પર પડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ કોન્ફરન્સના સમાપન સત્રમાં અબુ ધાબીના રાજવી શેખ મહંમદ બિન રાશિદ અલ મક્તુમની ઉપસ્થિતિમાં પોપ ફ્રાન્સિસ અને ઈજિપ્તના ગ્રાન્ડ ઈમામ ડૉ. અહમદ અલ તૈયબની મુલાકાત યોજાઈ હતી. જેમાં પોપ ફ્રાન્સિસે મુખ્ય સંબોધન કર્યું હતું. આ અવસરે હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના બ્રહ્મવિહારીદાસ સ્વામીને નિમંત્રણ અપાયું હતું. આરબ રાજાઓની પ્રથમ હરોળમાં એક હિંદુ સંતને સ્થાન આપીને આયોજકોએ વૈશ્વિક બંધુત્વનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ◆

(ડાબે) 'ગ્લોબલ કોન્ફરન્સ ઓફ હ્યુમન ફ્રેટરનિટી'માં વિશ્વભરમાંથી પધારેલા ૭૦૦થી વધુ મહાનુભાવો. (જમણે) કોન્ફરન્સના સમાપન-સત્રમાં રોમન કેથલિક ખ્રિસ્તી ધર્મના વડા પોપ ફ્રાન્સિસના સંબોધન વેળાએ હિન્દુધર્મના પ્રતિનિધિ બ્રહ્મવિહારીદાસ સ્વામી...





(અનુસંધાન પૃષ્ઠ ૨૩ પરથી) આનંદમય સ્વામીશ્રીએ સેવકોને કહ્યું હતું: 'આજે ધુલિયાની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, એનો આનંદ છે.'

સ્વામીશ્રીની આવી કરુણાવર્ષાથી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની રમણરેતી સમો ખાનદેશ વિસ્તાર બી.એ.પી.એસ. સત્સંગના રંગથી રંગાવા લાગ્યો. મુંબઈથી સંતમંડળ વર્ષમાં બે વાર અહીં પધારતું. સ્થાનિક હરિભક્તોમાં અ.નિ. મહીપતભાઈ દવે અને તેમના પરિવારજનોની ભક્તિને વશ થઈ પ્રમુખસ્વામી મહારાજ અવારનવાર પધારતા.

પ્રમુખસ્વામી મહારાજના અનુગામી તરીકે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે બે વર્ષમાં બે વખત ખાનદેશમાં પધારીને લાભ આપ્યો છે. આ પૂર્વે તેઓ કુલ ૧૯ વખત ખાનદેશ પધાર્યા છે. અનેક મુશ્કેલીઓ અને કષ્ટો વચ્ચે તેમણે પણ અહીં પધારીને ખાનદેશના હરિભક્તોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે.

ભગવાન સ્વામિનારાયણથી લઈને ગુણાતીત ગુરુવર્યોના એ અપાર પુરુષાર્થ અને સ્નેહના ફળસ્વરૂપે આજે ધુલિયામાં કલામંડિત શિખરબદ્ધ મંદિર રચાયું છે. આવો, 'સ્વામિનારાયણ પ્રકાશ'ના આ અંકમાં એ પ્રતિષ્ઠા ઉત્સવના અહેવાલને પણ માણીએ... ◆

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ પરથી) પરંતુ એક આધ્યાત્મિક સંસ્થા છે. તેના દ્વારા એક મંદિરનું નિર્માણ થાય છે તો સાથે માનવતાનું પણ નિર્માણ થાય છે. આ સંસ્થા લોકહૃદયમાં નીતિ-નિયમનું નિર્માણ કરે છે. હું જ્યારે બી.એ.પી.એસ. વિશે વિચારું છું ત્યારે મને લાગે છે કે 'બી'નો અર્થ થાય છે બિહેવિયર એટલે કે વર્તન અથવા સંસ્કાર. 'એ'નો અર્થ થાય છે અફેક્શન એટલે કે સ્નેહ. 'પી'નો અર્થ થાય છે પીસ ઑફ માઈન્ડ એન્ડ સ્પિરિટ એટલે કે મન-આત્માની શાંતિ. 'એસ'નો અર્થ થાય છે સર્વિસ એટલે કે સેવા. આમ, વર્તન, સંસ્કાર, સ્નેહ, શાંતિ અને સેવાની છે આ સંસ્થા.

પ્રમુખસ્વામી મહારાજ આ સમગ્ર વિશ્વના એક આધારસ્તંભ હતા. આજે એ સ્થાને મહંત સ્વામી મહારાજ બિરાજે છે. તેમના નેતૃત્વમાં બી.એ.પી.એસ. સંસ્થાએ જે કાર્ય કર્યું છે તે અજોડ છે. મેં આવી સંસ્થા ક્યાંય જોઈ નથી. આ સંસ્થા દ્વારા આજે ખાનદેશમાં આવું ભવ્ય મંદિર રચાયું છે અને આ પ્રસંગે અઢીસો સંતો અહીં પધાર્યા છે તે આનંદનો અવસર છે. હું માનું છું કે આ સંતો દ્વારા પરમાત્માનું દર્શન થાય છે. તેમના દ્વારા માનવતાના નિર્માણનું કાર્ય થઈ રહ્યું છે. મહંત સ્વામી મહારાજ! આપનાં નેત્રો દ્વારા, સ્પર્શ દ્વારા, વાણી દ્વારા આ ખાનદેશ પર નિરંતર આશીર્વાદ વરસતા રહે એ જ પ્રાર્થના.'

કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ અરુણ ગુજરાતીને સ્મૃતિભેટ આપી સન્માન્યા. અંતમાં આ મંદિરના નિર્માણમાં અનન્ય પુરુષાર્થ કરનાર અને ખાનદેશની સત્સંગપ્રવૃત્તિઓનું સૂત્ર સંભાળતા કોઠારી આનંદજીવનદાસ સ્વામીએ સૌનો આભારવિધિ કર્યો. આમ, ૧૨-૪૫ વાગે સભા પૂર્ણ થઈ. સર્વત્ર જય જયકાર થઈ ગયો.

**અહેવાલ: સાધુ અક્ષરજીવનદાસ** ◆

## સારંગપુરમાં પુષ્પદોલોત્સવ : તા. ૨૧-૩-૨૦૧૯, સાંજે ૫-૦૦ થી ૮-૦૦

ભગવાન સ્વામિનારાયણની પ્રાસાદિક રંગોત્સવભૂમિ તીર્થધામ સારંગપુરમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે વર્ષોવર્ષ પુષ્પદોલોત્સવ યોજી રંગોત્સવની દિવ્ય સ્મૃતિઓ આપી છે. એ જ પરંપરા મુજબ, આ વર્ષે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં પુષ્પદોલોત્સવે એ જ દિવ્ય રંગવર્ષાનો પ્રસંગ યોજાશે. આ ઉત્સવમાં પધારવા સર્વે હરિભક્તોને હાર્દિક નિમંત્રણ છે. આ ઉત્સવનો લાભ લેવા પધારનારા હજારો હરિભક્તોની સુવિધા સારી રીતે સચવાય તે માટે કેટલીક અગત્યની સૂચનાઓ ધ્યાનમાં લેવા વિનંતી.

- તા. ૨૧-૩-૨૦૧૯, ગુરુવારના રોજ પુષ્પદોલોત્સવ **સાંજે** ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન ઊજવાશે. હરિભક્તોને સભામંડપમાં પ્રવેશ બપોરે ૩-૦૦ વાગ્યાથી પ્રાપ્ત થશે.
- ઉત્સવના દિવસે બપોરે હરિભક્તો માટે સારંગપુરમાં ભોજન વ્યવસ્થા ૨-૦૦ વાગ્યા સુધી રહેશે. ગઢડા મંદિરે ભોજન વ્યવસ્થા રહેશે નહીં.
- પુષ્પદોલોત્સવમાં ઘણી મોટી સંખ્યામાં હરિભક્તો આવે છે. આથી જેમને ભીડમાં તકલીફ પડે તેવા અતિવૃદ્ધ અને અશક્ત હરિભક્તો સમૈયા પછી લાભ લેવા આવે એ ઇચ્છનીય છે.

■ **ઉતારા અંગે :**

- ગુજરાતના હરિભક્તો સમૈયાના દિવસે નીકળી ઉત્સવના સમયે સારંગપુર પહોંચી શકશે. આથી ગુજરાતના કોઈ પણ હરિભક્તની સમૈયાના દિવસે સારંગપુર કે ગઢડામાં ઉતારાની વ્યવસ્થા થઈ શકશે

નહીં, તો આ વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.

- ફક્ત પરપ્રાંત અને વિદેશના હરિભક્તોને તા. ૨૦-૩-૨૦૧૯, બુધવારના દિવસે સારંગપુર ઉતારા વિભાગ તરફથી ઉતારો મળશે. આવનાર હરિભક્તો ઉપર જણાવેલા દિવસ કરતાં વહેલાં ન આવે તે ઈચ્છનીય છે.
- ઉતારા માટે www.baps.org વેબસાઈટ ઉપર તા. ૧૦-૩-૨૦૧૯ સુધીમાં ઉતારા રિક્વેસ્ટ ફોર્મ ભરી સબમિટ કરવાથી આપના રજિસ્ટ્રેશનનો **કન્ફર્મેશન નંબર** તેમજ **કન્ફર્મેશન ઈમેલ** પણ પ્રાપ્ત થશે. આ ઉત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો પધારનાર હોવાથી ઉતારાની વ્યવસ્થા સારંગપુર, ગઢડા કે આજુબાજુના વિસ્તારોમાં અનુકૂળતા પ્રમાણે કરવામાં આવશે.
- ઉતારાની વ્યવસ્થાને સાચવવા પરદેશ અને પરપ્રાંતથી પધારનાર હરિભક્તો સમૈયામાં ગુજરાતમાં રહેતા પોતાના સ્નેહીજનોને ઉતારા માટે પોતાની સાથે ન લાવે તે ઈચ્છનીય છે.
- કોઈ કારણસર ઉત્સવમાં આવવાનો કાર્યક્રમ રદ થાય અથવા આવનાર વ્યક્તિઓની સંખ્યામાં ફેરફાર થાય તો પણ સારંગપુર ઉતારા વિભાગને વહેલી તકે અવશ્ય જાણ કરવી.


■ **ઉતારા અંગે વિશેષ માહિતી માટે સંપર્ક:**

**ફોન નંબર:** + 91 706 906 5500

◆


## સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા નૂતન પ્રકાશનો

### હવે મરાઠી, તમિલ, તેલુગુ, બંગાળી અને કન્નડ વગેરે ભાષાઓમાં પણ ઉપલબ્ધ..



ગુજરાત ઉપરાંત ભારતભરનાં જુદાં જુદાં રાજ્યોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગ સતત અભિવૃદ્ધિ પામી રહ્યો છે. સતત વિકસતા સત્સંગ સમુદાયની સત્સંગ-રુચિને સંતોષવા સ્વામિનારાયણ અક્ષરપીઠે વિવિધ જુદાં જુદાં પ્રેરક પુસ્તકોની શ્રેણી હિન્દી, મરાઠી, તમિલ, તેલુગુ, બંગાળી, કન્નડ વગેરે ભાષાઓમાં પ્રકાશિત કર્યાં છે. અહીં તેમાંથી કેટલાંક પુસ્તકોની સૂચિ પ્રસ્તુત છે. આપના વિવિધ ભાષી સ્નેહીઓને આ પુસ્તકોની ભેટ આપો...

■ **મરાઠી પુસ્તકો :**

- વચનામૃત (મોટા)
- ઉન્નયન (ટ્રાન્સેન્ડન્સ)
- પ્રાગજી ભક્ત
- શાસ્ત્રીજી મહારાજ
- યોગીજી મહારાજ
- જેના ગુણે રીઝ્યા ગિરધારી
- કિશોર સત્સંગ પ્રારંભ
- કિશોર સત્સંગ પ્રવેશ
- સત્સંગ વાચનમાળા-૧
- સત્સંગ વિહાર-૧
- બાળસભા
- બરબાદીનું બીજું નામ દારૂ

■ **તમિલ પુસ્તકો :**

- વચનામૃત
- ભગવાન સ્વામિનારાયણ
- ઘનશ્યામ ચરિત્ર
- ગુણાતીતાનંદ સ્વામી
- યોગીજી મહારાજ
- સાધુતાનું શિખર મહંત સ્વામી મહારાજ
- ૧૦૧ પલ્સ ઓફ વિઝડમ
- વાઈબ્રેશન

■ **કન્નડ પુસ્તકો :**

- સહજાનંદ ચરિત્ર
- ટ્રાન્સેન્ડન્સ

■ **તેલુગુ પુસ્તક :**

- વચનામૃત

**પ્રાપ્તિસ્થાન : સ્વામિનારાયણ અક્ષરપીઠનાં વિક્રય કેન્દ્રો**

## પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીઃ માનદ ડૉક્ટરેટની પદવી



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીને તેમની સેવાઓ, અધ્યાત્મ અને વિદ્વત્તાને બિરદાવતાં ગુજરાત યુનિવર્સિટીએ સર્વાનુમતે માનદ પીએચ.ડી.ની ડિગ્રી આપવાનો નિર્ણય કરીને યુનિવર્સિટી દ્વારા સંતને બિરદાવવાનો એક નવો ઉપક્રમ રચ્યો છે. તા. ૧૭-૨-૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સભાગૃહમાં હજારો ભક્તોની મેદની વચ્ચે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી હિમાંશુભાઈ પંડ્યાએ બ્રહ્મવિહારીદાસ સ્વામીને માનદ પીએચ.ડી.ની ડિગ્રીનું બહુમાન અર્પતાં ગૌરવ અનુભવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના સાત દાયકાના ઈતિહાસમાં આવો અવસર સર્વપ્રથમ વખત બન્યો છે. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ બી.એ.પી.એસ. સંસ્થા વતી કુલપતિશ્રી અને યુનિવર્સિટીનો આભાર માન્યો હતો. આવું વિરલ બહુમાન મેળવવા બદલ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બ્રહ્મવિહારીદાસ સ્વામીને આશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા છે.

## અક્ષરવાસ

**બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી સંતને તથા હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### પૂજ્ય ઈશ્વરમૂર્તિદાસ સ્વામી, સારંગપુર, ઉં.વ. ૫૫, અક્ષરવાસ તા. ૨૭-૨-૨૦૧૯



મૂળ દક્ષિણ ગુજરાતના વ્યારા ગામના વતની પૂજ્ય ઈશ્વરમૂર્તિદાસ સ્વામીએ સન ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ત્યાગાશ્રમની દીક્ષા ગ્રહણ કરી હતી. સદા હસમુખા આ સંતને અહોરાત્ર સેવાનું અંગ હતું. સન ૧૯૮૭માં જગન્નાથપુરીની યાત્રા દરમિયાન એક અકસ્માતમાં તેમને ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ અનેકવિધ શારીરિક બીમારીઓ અને ૨૫ જેટલાં કષ્ટદાયક ઓપરેશનોમાંથી પસાર થવા છતાં તેઓએ હંમેશાં સહનશીલ રહીને આવેલી પરિસ્થિતિને હસતે મોંએ સ્વીકારી લીધી હતી. આવા વિપરીત શારીરિક સંજોગોમાં પણ તેમણે સેવાની ધૂણી ધખાવીને રાખી હતી. સેવામય રહીને મંજીરા લઈને ભજનની મસ્તીનો આનંદ માણતા આ સંત સહનશીલતાનું પણ એક ઉત્તમ ઉદાહરણ હતા. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર તેઓના અક્ષરવાસથી સંસ્થાએ એક સેવાનિષ્ઠ, વિનમ્ર, હસમુખા અને સહનશીલ સંતની ખોટ અનુભવી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ વાલજીભાઈ રણછોડભાઈ ખૂંટ, અમદાવાદ, ઉં.વ. ૯૭, અક્ષરવાસઃ તા. ૧૯-૧૦-૨૦૧૮



મૂળ લાઠી તાલુકાના હિરાણા ગામના વતની શ્રી વાલજીભાઈ ખૂંટને વારસામાંથી સત્સંગ મળ્યો હોવાથી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં સત્સંગ અને દર્શનનો અનેક વખત લાભ મળ્યો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી અમદાવાદમાં સ્થાયી થયેલા તેમણે અમદાવાદના ગોમતીપુર અને બાપુનગર વિસ્તારમાં છેલ્લાં ૪૦ વર્ષથી સત્સંગપ્રવૃત્તિના અનેકવિધ સેવાકાર્યમાં જોડાઈ ગુરુવર્યોનો રાજીપો મેળવ્યો હતો. તેમને સંપૂર્ણ વચનામૃત કંઠસ્થ હતું. કથાવાર્તાનું અંગ હોવાથી પારાયણ અને સત્સંગ સભાઓમાં સોરઠી તળપદી વાણીમાં કથાવાર્તાની રંગત જમાવતા આ ભક્તરાજે તેઓના પૌત્રને (ગુરુનિષ્ઠદાસ સ્વામી, સુરત) બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરીને સત્સંગની વિશેષ સેવા કરી ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ મનસુખભાઈ લુણાગરિયા, જૂનાગઢ, ઉં.વ. ૫૩, અક્ષરવાસઃ તા. ૨૨-૧-૨૦૧૯



ઘણાં વર્ષો બાળપ્રવૃત્તિ અને અનેક વિભાગોમાં સેવાઓ કરનાર નિષ્ઠાવાન સેવક શ્રી મનસુખભાઈ લુણાગરિયાએ જૂનાગઢ મંદિરના શોભારૂપ બગીચાનું સંપૂર્ણ જતન અને સંવર્ધન કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી કોલકાતા, લીંબડી, સારંગપુર, ધારી, ભાવનગર વગેરે મંદિરોમાં પણ સેવાકાર્ય કર્યું હતું. અક્ષરદેરી સાર્ધશતાબ્દી મહોત્સવ તેમજ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવમાં પણ બગીચાની અદ્‌ભુત સેવા તેમણે કરી હતી. તેઓનું ધામગમન થતાં અપૂરણીય ખોટ પડી છે. આ સેવાભાવી ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, વલસાડ — પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર વલસાડ ખાતે, જૂન-૨૦૧૯થી શરૂ થતા નવા સત્રમાં નર્સરીથી ધોરણ ૧૨ (વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહ) ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે પ્રવેશકાર્ય શરૂ થઈ ગયું છે. પ્રવેશફોર્મ રૂબરૂ નીચે દર્શાવેલા સરનામેથી મેળવી લેવા વિનંતી. નોંધઃ અહીં ધોરણ ૫ થી હૉસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે.

**સરનામું** : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, પારડી-પારનેરા, ખોખરા ફળિયા(ધરાનગર, અબ્રામા), વલસાડ - ૩૯૬૦૦૧. મો. ૯૯૯૮૯૯૨૮૨૨, ૮૨ E-mail : bapsvm@yahoo.co.in અને bapsvmvalsad@gmail.com ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય (વિદ્યાનગર) તથા વિદ્યામંદિર (બાકરોલ) — પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય વિદ્યાનગરમાં રહી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર બાકરોલમાં અંગ્રેજી(GSEB) તથા ગુજરાતી માધ્યમમાં ધોરણ ૧૧-૧૨(સાયન્સ અને કોમર્સ)માં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે. આ માટેની પ્રવેશ-પ્રક્રિયા નીચે મુજબ છે :

**વિદ્યાનગર છાત્રાલયમાં વર્ષ-૨૦૧૯ના પ્રવેશ અંગે :** ધોરણ ૧૧ સાયન્સ અને કોમર્સ માટે વિદ્યાનગર છાત્રાલયમાં પ્રવેશ માટેની કાર્યવાહી આરંભાઈ છે. પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ના આધારે ગણિત, વિજ્ઞાન અને સત્સંગજ્ઞાન વિષયક પ્રવેશપરીક્ષા તથા ઇન્ટરવ્યૂના આધારે પ્રવેશ મળશે.

**પ્રવેશ પરીક્ષા તથા ઇન્ટરવ્યૂ :** તા. ૨૪-૩-૨૦૧૯ને રવિવારે તથા ૩૧-૩-૨૦૧૯ને રવિવારે સવારે ૮-૦૦ કલાકે.

**સ્થળ :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય (APC) ભાઈકાકા માર્ગ, વિદ્યાનગર મો. ૯૯૯૮૯૯૦૨૦૦

JEE/NEETનું શિક્ષણ ધોરણ ૮ થી આપવામાં આવે છે.

**બાકરોલ વિદ્યામંદિરમાં ધો. ૬ થી ૧૨ સાયન્સ (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ) અને કોમર્સમાં પ્રવેશ ચાલુ છે.**

**સ્થળ :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, બાકરોલ ગેઇટ પાસે, બાકરોલ. મો. ૬૩૫૨૮૫૨૫૩૭

**નોંધઃ** ચાલુ વર્ષે આ વિદ્યામંદિરના ૬ વિદ્યાર્થીઓને MBBSમાં પ્રવેશ મળેલ છે, જે પૈકી ૨ વિદ્યાર્થીઓને ગવર્નમેન્ટ કૉલેજમાં પ્રવેશ પ્રાપ્ત થયેલો છે. ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, જૂનાગઢ — પ્રવેશ અંગે

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી શરૂ થતા નવા સત્રમાં ધોરણ ૮ થી ૧૦ અને ધોરણ ૧૧-૧૨(વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહ)ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ કાર્ય શરૂ થઈ ગયું છે. તા. ૨૦-૩-૨૦૧૯થી ધોરણ ૮થી ૧૦ અને ૧૧-૧૨ સાયન્સની પ્રવેશપ્રક્રિયા ચાલુ થશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓની ગત વર્ષના ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સત્સંગજ્ઞાનના આધારે લેખિત કસોટી લેવામાં આવશે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે. છાત્રાલય પરિસરમાં જ અનુભવી શિક્ષકો દ્વારા પ્રત્યેક વિષયના કોચિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

**સંપર્ક** : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અક્ષરવાડી, પ્રમુખસ્વામી માર્ગ, જૂનાગઢ. મો. ૯૯૯૮૯૯૩૮૮૭ ◆



## સત્-ચિત્-આનંદ વોટર શો બંધ રહેશે

ગાંધીનગર અક્ષરધામ ખાતે આવેલ **સત્-ચિત્-આનંદ વોટર શો** મેઇન્ટેનન્સના કારણે તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૯ થી તા. ૨૬ એપ્રિલ ૨૦૧૯ સુધી બંધ રહેશે. સૌને નોંધ લેવા વિનંતી.

આ દરમ્યાન અક્ષરધામ સંકુલના અન્ય તમામ વિભાગો સોમવાર સિવાય રાબેતા મુજબ ખુલ્લા રહેશે...

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામને જોડતા માર્ગને અપાયું નામઃ‘પ્રમુખસ્વામી મહારાજ માર્ગ’




વિશ્વના અનેક નગરો-મહાનગરોથી લઈને ભારતમાં વિવિધ નગરો-મહાનગરોમાં વિશ્વવંદનીય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિમાં વિવિધ માર્ગ અને સ્મારકોનું નામાભિધાન તેઓના પવિત્ર નામ સાથે જોડવામાં આવ્યું છે. અમેરિકા, કેનેડા જેવા દેશોથી લઈને ભારતના વિવિધ રાજ્યોમાં પ્રમુખસ્વામી મહારાજના પવિત્ર નામ સાથે રાજમાર્ગો અને જાહેર સ્મારકોને જોડીને તેઓને ભાવભીની ભાવાંજલિ અર્પવામાં આવી છે. એ જ શૃંખલામાં તાજેતરમાં ભારતની રાજધાની દિલ્હી ખાતે પણ ‘પ્રમુખસ્વામી મહારાજ માર્ગ’ જાહેર કરવામાં આવ્યો છે.

દિલ્હીની રાજ્ય સરકારે અક્ષરધામ મહામંદિર સમક્ષ પસાર થતા ૬ કિ.મિ.ના ધોરીમાર્ગને ‘પ્રમુખસ્વામી મહારાજ માર્ગ’ નામાભિધાન આપીને પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિને ચિરંતન બનાવી છે. દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામ જેવું વૈશ્વિક પ્રદાન આપીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કરેલા મહાન ઉપકાર બદલ આ સ્મૃતિ રચવામાં આવી છે. મહાનુભાવો અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં ધર્મવત્સલદાસ સ્વામી તથા દિલ્હી સરકારના લોકનિર્માણમંત્રી શ્રી સત્યેન્દ્ર જૈનના હસ્તે આ માર્ગનું નામાભિધાન જાહેર કરાયું હતું. તા. ૨૫-૨-૨૦૧૯ના રોજ નામાભિધાન પામેલો આ માર્ગ વિકાસ માર્ગથી શરૂ થઈને નોઈડા સુધી લંબાયેલો છે. ચાર દીર્ઘ ઓવરબ્રિજ સહિતના આ માર્ગ પરથી પસાર થનારા રોજના લાખો લોકો અનાયાસે પણ સ્વામીશ્રીના ચિરંતન પ્રદાનોની સ્મૃતિ સાથે સ્વામીશ્રીને વંદન કરશે... ◆




## યુ.એસ.ના રાજદૂત અક્ષરધામના દર્શનાર્થે



યુ.એસ.ના ભારત ખાતેના રાજદૂત કેનેથ જસ્ટર, તા. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ દિલ્હી અક્ષરધામની દર્શનયાત્રાએ પધાર્યા હતા. ભારતીય પરંપરા મુજબ તેમના સ્વાગત બાદ તેઓએ અક્ષરધામ મહામંદિરના શિલ્પ-સ્થાપત્યને માણ્યું હતું. શ્રી નીલકંઠવર્ણીનો અભિષેક કરીને તેઓએ પ્રાર્થના કરી હતી. ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવતા નૌકાવિહારને પણ તેઓએ મન ભરીને માણ્યો હતો. સમગ્ર અક્ષરધામ પરિસરની દર્શનયાત્રા બાદ તેઓએ જણાવ્યું હતું, ‘અક્ષરધામની યાત્રા કરાવવા બદલ હું સૌનો આભારી છું. આ એક ઉત્તમ સ્થળ છે, જે ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિનું દર્શન કરાવે છે.’ ◆











## સુરત, મહેળાવ અને નાસિક ખાતે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં વિવિધ કાર્યક્રમો...

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના અવિરત વિચરણ દરમ્યાન ઠેર ઠેર ભક્તિમય કાર્યક્રમોની ઝડી વરસતી રહે છે. તાજેતરમાં તેઓએ તા. ૧૪-૧-૨૦૧૯ થી તા. ૨૯-૧-૨૦૧૯ સુધી સુરત ખાતે આધ્યાત્મિક લાભ આપ્યો હતો. સુરત ખાતે હજારો ભક્તોની મેદની વચ્ચે વિવિધ કાર્યક્રમોની હારમાળામાં ઉત્તરાયણ પર્વ પણ ભક્તિભાવપૂર્વક ઊજવાયું હતું. ઉત્તરાયણ પ્રસંગે વિશાળ ભક્તમેદની સમક્ષ 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો...'ની આહ્‌લેક લગાવતા સ્વામીશ્રી. (૨) શાસ્ત્રીજી મહારાજની પ્રાગટ્ય ભૂમિ મહેળાવ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં નવનિર્મિત અભિષેક મંડપમ્‌માં તા. ૩૧-૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના હસ્તે શ્રી નીલકંઠવર્ણીની અભિષેકમૂર્તિ અને ગુરુપરંપરાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થઈ. (૩) મહારાષ્ટ્રમાં નાસિક ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. તા. ૧૨-૨-૨૦૧૯ના રોજ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં મંદિરના પ્રથમ સ્તંભનું સ્થાપન વૈદિક વિધિ સાથે સંપન્ન થયું.

Swaminarayan Prakash Gujarati, March-2019, Published on 1-3-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.







**પુલવામા ખાતે વીરગતિ પામેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પતાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના લાખો ભક્તો-સંતોએ કરી પ્રાર્થના...**

તાજેતરમાં તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ પુલવામા ખાતે થયેલા આતંકવાદી હુમલામાં વીરગતિ પામેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપીને પૂણે ખાતે બિરાજતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રી હરિકૃષ્ણ મહારાજનાં ચરણે પ્રાર્થના કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે 'દુઃખની આ વેળાએ આપણે સૌ દેશ, સૈનિકો, તેમના પરિવારજનોની સાથે રહીએ અને સર્વત્ર શાંતિ જળવાય તે માટે કટિબદ્ધ થઈએ.' પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના દેશ-વિદેશના લાખો ભક્તોએ ઠેર ઠેર પ્રાર્થના સભાઓ યોજીને વીરગતિ પામેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. અમદાવાદ ખાતે યોજાયેલી શ્રદ્ધાંજલિ-પ્રાર્થના સભાનું એક દૃશ્ય. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી આ પ્રસંગે શહીદોના પરિવારો માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા રૂપિયા એક કરોડની સહાય જાહેર કરવામાં આવી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas